સાબરકાંઠા અને ખેડા સિવાય બધે

પાનાં : ૨૦ + ૮ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૨૬ નવેમ્બર ૨૦૨૬ ગુરુવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▸ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક વદ - ૨ વર્ષ : ૯૪, અંક : ૩૧૯ ▸ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▸ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▸ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4





57 વર્ષનો વિશ્વાસ.

તમારી Bisleri આજે પણ એટલી જ સુરક્ષિત.

Bisleri 23 નવેમ્બર, 2026 ના રોજ FSSAI's દ્વારા આપવામાં આવેલી સ્પષ્ટતાને આવકારે છે.

1969થી બિસ્લેરી લાખો ભારતીયોના જીવનનો હિસ્સો રહી છે. પેઢી દર પેઢી અને રોજની જિંદગીની અસંખ્ય ક્ષણોમાં બિસ્લેરીએ વિશ્વાસનું સ્થાન જાળવી સાચ્યું છે.

143 કાર્યરત પ્લાન્ટ્સમાં FSSAI ના તમામ નિયમોનું સંપૂર્ણ પાલન કરીને, ગુણવત્તા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા, **10 તબક્કાની શુદ્ધિકરણ પ્રક્રિયા** અને **90 થી વધુ ગણવત્તા પરીક્ષણો દ્વારા** સતત જળવાઈ રહી છે.

વિશ્વાસના પાયા પર સ્થાયેલી એક વારસો,
આ વારસાને દરરોજ પ્રત્યેક દિવસે આગળ પધારવાની અમારી જવાબદારી.

ટેક્સી કંપનીઓ દ્વારા ચૂકવાતા ઓછા ભાડાનો ઉગ્ર વિરોધ

રિક્ષા-ટેક્સી ચાલકોનો RTO કચેરીને ઘેરાવ, સાબરમતીના તમામ બ્રિજ બ્લોક કરવા ચિમકી

અમદાવાદ, બુધવાર

અમદાવાદમાં ઓનલાઈન બૂક થતી રિક્ષા- ટેક્સીમાં ચૂકવાતું ઓછું ભાડું અને ટેક્સીમાં ચાલતા ખાનગી વાહનો સામે કડક કાર્યવાહીની માંગ સાથે આજે સેંકડો રિક્ષા- ટેક્સી ચાલકોએ સુભાષ બ્રિજ આરટીઓનો ઘેરાવ કર્યો હતો. બે મહિના અગાઉ ગાંધીનગરની વાહનવ્યવહાર કચેરી ખાતે મળેલી બેઠક બાદ પણ પડતર પ્રશ્નનો ઉકેલ ન આવતા ચાલકોએ કચેરીમાં ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતાં. સાથે જ આગામી ત્રણ દિવસમાં પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો વિવિધ રિક્ષા-ટેક્સી યુનિયન દ્વારા સાબરમતી નદી પરના તમામ છ બ્રિજને બંધ કરી ઉગ્ર પ્રદર્શન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

સફેદ નંબર પ્લેટ સાથે ટેક્સીમાં ચાલતા વાહનો બંધ કરાવવા માગણી, તંત્રને ત્રણ દિવસનું અલ્ટિમેટમ

અમદવાદની સુભાષ બ્રિજ આરટીઓનો આજે વિવિધ ૧૭ યુનિયન સાથે જોડાયેલા રિક્ષા- ટેક્સી ચાલકોએ ઘેરાવ કરી ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. અમદાવાદમાં ઓલા, ઉબર અને રેપિડો માધ્યમથી બૂક થતી ઓનલાઈન રિક્ષા- ટેક્સીમાં મળતા ઓછા ભાડા અને વ્હાઈટ નંબર પ્લેટ સાથે ટેક્સીમાં ચાલતા ખાનગી વાહનો સામે પગલાં લેવાની માંગ સાથે વિવિધ રિક્ષા-ટેક્સી યુનિયન સપ્ટેમ્બર મહિનાથી મોરચે ચડ્યા છે. જેના પગલે આરટીઓ દ્વારા ગત ૨૭ ઓક્ટોબરના રોજ ત્રણેય કંપનીના એગ્રિગ્રેટરને શો કોઝ નોટિસ આપી હતી. પરંતુ ત્યારબાદ પણ કોઈ અસરકારક ઉકેલ ન આવતા આજે રિક્ષા-ટેક્સી યુનિયનના સભ્યો દ્વારા આરટીઓ કચેરીએ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. હજારો રિક્ષા- ટેક્સીચાલકોએ બોર્ડ-બેનર સાથે કચેરીમાં સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરતાં પોલીસનો કાફલો દોડી આવ્યો હતો. પ્રદર્શન ઉગ્ર બનતા આરટીઓએ નીચે આવી મામલો થાળે પાડ્યો હતો. સાથે જ ટૂંક સમયમાં જ પ્રશ્નોનું નિરાકરણ લાવવાની ચાલકોને બાંહેધરી આપી હતી. જ્યારે પ્રગતિ રિક્ષાચાલક યુનિયનના પ્રમુખના જણાવ્યા અનુસાર, જો ત્રણ દિવસમાં આ પ્રશ્નો અંગે નિર્ણય નહીં આવે તો રિક્ષા- ટેક્સી ચાલકો દ્વારા સાબરમતી નદી પરના તમામ બ્રિજને બ્લોક કરવામાં આવશે. પૂર્વથી પશ્ચિમ વિસ્તારને જોડતા તમામ બ્રિજ પર વાહન વ્યવહાર રોકી ઉગ્ર પ્રદર્શન કરવાની તૈયારી છે.

શનિવાર સુધીમાં નિર્ણય લેવાશે

ઓલા, ઉબર અને રેપિડોને શો કોઝ નોટિસ આપવામાં આવી હતી. ત્યારબાદ કંપની દ્વારા ખુલાસા આપવામાં આવ્યા છે. આ અંગે શનિવાર સુધીમાં આખરી નિર્ણય લેવામાં આવશે.

- આરટીઓ ઈન્સ્પેક્ટર



ખાણી-પીણીની ૫૫થી ૬૦ લારીઓમાં તપાસ

વસ્ત્રાપુરના ફૂડ કોર્ટમાં મ્યુનિ. ત્રાટક્યું : ૫૦ સેમ્પલ લેવાયા

અમદાવાદ, બુધવાર

અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડની પાછળ આવેલા વસ્ત્રાપુરના ફૂડ કોર્ટમાં ગઈકાલે રાત્રે મ્યુનિ.ના ફૂડ વિભાગે તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન લારીઓ પરથી પનીર, બટર, મસાલા, આઈસક્રીમ સહિતની વસ્તુઓના ૫૦થી વધુ નમૂના લેવામાં આવ્યા છે. નમૂનાઓ નાપાસ થશે તો ફક્ત વેન્ડર જ નહીં, યુનિટના સંચાલક સામે પણ કાર્યવાહી કરવાની ચેતવણી ફૂડ વિભાગે આપી છે.

પનીર, બટર, મસાલા વગેરેના નમૂના નાપાસ થશે તો વેન્ડરની સાથે યુનિટના સંચાલક સામે પણ કાર્યવાહી

વસ્ત્રાપુર ફૂડ કોર્ટ તરીકે ઓળખાતા ખાણી-પીણીના બજારમાં ગઈકાલે રાત્રિના સમયે મ્યુનિ.ના ફૂડ વિભાગે સાત ટીમો મેદાનમાં ઉતારીને ૫૫થી ૬૦ લારીઓમાં તપાસ કરી હતી. ખાસ કરીને હાઈજેનિક સ્થિતિ તેમજ ફૂડ સેફ્ટીના નિયમોના પાલન બાબતે ચકાસણી કરાયા બાદ તૈયાર ખોરાક અને કાચી સામગ્રી સહિતની વસ્તુઓના નમૂના લઈને તપાસ માટે મોકલવામાં આવ્યા છે. અમદાવાદ શહેરમાં એકાદ દસકાથી ફૂડ કોર્ટનું ચલણ વધી રહ્યું છે. શહેરના દરેક જાણીતા વિસ્તારમાં નાના-મોટા પાંચ-સાત ફૂડ કોર્ટ ખુલી ગયા છે. રાત્રિના સમયે હજારો શહેરીજનો ફૂડ કોર્ટમાં ખાણી-પીણી માટે જાય છે. ત્યારે જાહેર આરોગ્યને ધ્યાને રાખીને આગામી દિવસોમાં શહેરના અન્ય ફૂડ કોર્ટમાં પણ આવી રીતે તપાસ કરવામાં આવશે.

૯૫ દિવસનું આયોજન આ વખતે ૨૪ દિવસમાં સમેટાઈ જશે

નાતાલથી ઉત્તરાયણ સુધી શોપિંગ ફેસ્ટિવલ, થીમ આધારિત ૬ ડિસ્ટ્રિક્ટ અને ૭ હોટસ્પોટ

અમદાવાદ, બુધવાર

અમદાવાદમાં ૨૫ ડિસેમ્બર એટલે કે નાતાલથી ૧૭ જાન્યુઆરી સુધી શોપિંગ ફેસ્ટિવલ ઉનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સિંધુભવન રોડ, રિવરફ્રન્ટ, નિકોલ સહિતના વિસ્તારમાં અલગ-અલગ થીમ આધારિત ૬ શોપિંગ ડિસ્ટ્રિક્ટ અને ૭ શોપિંગ હોટસ્પોટ તૈયાર કરાશે. જો કે બે વર્ષથી મળતા મિશ્ર પ્રતિસાદ બાદ આ વર્ષે શોપિંગ ફેસ્ટિવલના દિવસો ૪૩માંથી ઘટાડીને ૨૪ કરી દેવાયા છે.

૧૫ કરોડ રૂપિયાના ખર્ચે સમગ્ર આયોજન એજન્સીને સોંપી દેવાશે, બ્રાન્ડિંગમાંથી મ્યુનિ. કોર્પોરેશન ૪૦% આવક મેળવશે

અમદાવાદ મ્યુનિ. દ્વારા ૨૫ ડિસેમ્બરથી શોપિંગ ફેસ્ટિવલ યોજવામાં આવશે. આ વર્ષે ૬ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા જુદી-જુદી થીમ પર ૬ શોપિંગ ડિસ્ટ્રિક્ટ તૈયાર કરાશે. જેમાં હસ્તકલાના કારીગરોથી લઈને પ્રખ્યાત બ્રાન્ડ જોડાશે, તેવો મ્યુનિ. દ્વારા દાવો કરાયો છે. તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરાશે. જો કે ફેસ્ટિવલ પાછળ કેટલો ખર્ચ થશે? તે હજી નક્કી કરાયું નથી. ગત વર્ષે ૪૩ દિવસ માટે રૂ. ૨૦ કરોડનો ખર્ચ થયો હતો. ત્યારે આ વર્ષે તેનાથી લગભગ અડધા દિવસો માટે રૂ. ૧૦થી ૧૫ કરોડના ખર્ચનો અંદાજ છે. ઉપરાંત આ વર્ષે શોપિંગ ફેસ્ટિવલની કામગીરી મ્યુનિ. દ્વારા એજન્સીને સોંપી દેવાશે. એટલે સ્ટોલ ભાડે આપી મળતી આવક એજન્સીને મળશે. જ્યારે બ્રાન્ડિંગમાંથી મ્યુનિ. ૪૦ ટકા આવક રળશે. બે વર્ષ પહેલાં ૧૪ હોટસ્પોટ સાથે ૯૫ દિવસ એટલે ત્રણ મહિના લાંબા શોપિંગ ફેસ્ટિવલનું આયોજન કરાયું હતું. જે ગત વર્ષે ઘટાડીને ૪૩ દિવસ અને આ વખતે ફક્ત ૨૪ દિવસનું કરી દેવાયું છે. તેમજ શોપિંગ હોટસ્પોટની સંખ્યા પણ અડધી કરી દેવાઈ છે.

૭ શોપિંગ હોટસ્પોટ નક્કી કરાયા

* પેલેડિયમ મોલ
* બોપલ આંબલી રોડ
* રાજપથ રંગોલી રોડ
* લો ગાર્ડન
* કાંકરિયા
* ચાંદખેડા-મોટેરા
* કંકુ બાગ અને દેવ મોલ, વસ્ત્રાલ

વેપારીઓએ સામાન્ય કરતા વધારાનું ડિસ્કાઉન્ટ આપવું ફરજિયાત

મ્યુનિ.ની સ્થાયી સમિતિના ચેરમેન આ અંગે જણાવે છે, શોપિંગ ફેસ્ટિવલમાં જોડાનાર દરેક વેપારીએ ગ્રાહકોને સામાન્ય દિવસો કરતા ૧૦ ટકા વધુ ડિસ્કાઉન્ટ ફરજિયાત આપવાનું રહેશે. આગામી વર્ષથી ડિસેમ્બર અને જાન્યુઆરીના બદલે નવરાત્રિથી દિવાળી સુધી શોપિંગ ફેસ્ટિવલ યોજવાનું આયોજન છે.

થીમ આધારિત ૬ શોપિંગ ડિસ્ટ્રિક્ટ બનશે

* સિંધુભવન રોડ - ફેશન સ્ટ્રીટ
* સાબરમતી રિવરફ્રન્ટ - ફ્લાવર સ્ટ્રીટ
* નિકોલ - ફાફટ સ્ટ્રીટ
* વસ્ત્રાપુર - સેન્ટ્રલ પાર્ક
* માણેક ચોક, રતનપોળ - હેરિટેજ સ્ટ્રીટ
* સીજી રોડ- જ્વેલરી સ્ટ્રીટ

૨૧ દિવસનું દિવાળી વેકેશન પૂર્ણ

દિવાળી વેકેશન પુરું થતા આજથી સ્કૂલો-કોલેજોમાં શિક્ષણકાર્ય શરૂ

અમદાવાદ,બુધવાર

ગુજરાત શિક્ષણ બોર્ડના એકેડેમિક કેલેન્ડર મુજબ સ્કૂલોમાં અને ઉચ્ચ શિક્ષણ વિભાગના એકેડેમિક કેલેન્ડર મુજબ કોલેજો તેમજ યુનિ.ઓમાં પાંચ નવેમ્બરથી શરૂ થયેલુ દિવાળી વેકેશન આજે પૂર્ણ થઈ ગયુ છે. સ્કૂલોમાં આવતીકાલે ૨૬મીથી દ્વિતિય શૈક્ષણિક સત્ર શરૂ થશે.કોલેજોમાં શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ શરૂ થશે પરંતુ કોલેજોમાં ૩ ડિસેમ્બરથી બીજુ સત્ર શરૂ થશે.

સ્કૂલોમાં બીજુ શૈક્ષણિક સત્ર ૧૨૪ દિવસનું બીજી મે સુધીનું રહેશે: યુનિ.-કોલેજોમાં હવે પરીક્ષાઓ

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં ધો.૩થી૮માં અને માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં ધો.૯થી૧૨માં પ્રથમ સત્રાંત પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ બાદ પાંચ નવેમ્બરથી દિવાળી વેકેશન શરૂ થયુ હતું. બોર્ડના એકેડેમિક કેલેન્ડર મુજબ ૨૫ નવેમ્બર સુધીનું ૨૧ દિવસનું વેકેશન રાજ્યની તમામ સરકારી,ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક-માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં એક સમાન રહ્યુ હતું. જે આજે પૂર્ણ થઈ ગયુ છે.ગુજરાત બોર્ડની તમામ સ્કૂલોમાં આવતીકાલે ૨૬મીથી બીજુ શૈક્ષણિક સત્ર શરૂ થશે. બીજા સત્રમાં ૧૨૪ દિવસ શિક્ષણકાર્યના રહેશે.જે પ્રથમ સત્ર કરતા વધુ છે. બીજુ સત્રાણ ૨ મે સુધીનું રહેશે અને ૩ મેથી ઉનાળુ વેકેશન શરૂ થશે.

યુનિવર્સિટીઓ માટેના સરકારના એકેડેમિક કેલેન્ડર મુજબ રાજ્યની તમામ સરકારી યુનિ.ઓ સંલગ્ન સરકારી ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજોમાં પણ પાંચ નવેમ્બરથી દિવાળી વેકેશન શરૂ થયુ હતુ.યુનિવર્સિટીઓના ભવનો-વિભાગોમાં વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો માટે પાંચ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધીનું દિવાળી વેકેશન હતુ. યુનિ.ઓ અને કોલેજોમાં યુજી સેમેસ્ટર-૨,૪,૬ અને ૮ના વિદ્યાર્થીઓ તેમજ પીજીના સેમેસ્ટર-૨ અને ૪ના વિદ્યાર્થીઓ માટે પ્રથમ સત્ર ૨ ડિસેમ્બર સુધીનું રહેશે અને ૩ ડિસેમ્બરથી દ્વિતિય શૈક્ષણિક સત્ર શરૂ થશે. જીટીયુ અને સંલગ્ન કોલેજોમાં પણ પાંચ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધીનું શૈક્ષણિક દિવાળી વેકેશન હતું. આમ ૨૧ દિવસનું દિવાળી વેકેશન પૂરુ થતા રાજ્યની ગુજરાત બોર્ડ સંલગ્ન ૪૦ હજારથી વધુ સ્કૂલોમાં ધો.૧થી૧૨ના ૮૦ લાખથી વધુ બાળકો માટે શિક્ષણકાર્ય શરૂ થશે અને રાજ્યની તમામ યુનિ.-કોલેજોમાં પણ શિક્ષણકાર્ય શરૂ થશે.

અમદાવાદમાં ફરી રખડતા ઢોરના ત્રાસ સામે ઝુંબેશ ચલાવવા સૂચના

અમદાવાદ, બુધવાર

અમદાવાદ મ્યુનિ.ની હેલ્થ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીની બેઠકમાં છેલ્લાં ત્રણ-ચાર વખતથી રખડતા ઢોરનો મુદ્દો ચર્ચામાં રહે છે. તેવામાં આજે મળેલી બેઠકમાં ચેરમેન દ્વારા રખડતા ઢોર પકડવા ફરીવાર ઝુંબેશ ચલાવવા સીએનસીડી વિભાગને સૂચના અપાઈ હતી. તેમજ જાહેર શૌચાલયોમાં ગંદકીના લીધે તે બિનઉપયોગી બનતા નિયમિત સફાઈ કરવા ટકોર કરાઈ હતી. બીજી બાજુ મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ માટે અર્બન હેલ્થ સેલ અંતર્ગત ૬૪ જગ્યા પર હંગામી ધોરણે નિમણૂક કરવા મંજૂરી અપાઈ હતી.

યુજી અને પીજી ડિગ્રી કોર્સીસમાં દર વર્ષે

ખાનગી મેડિકલ કોલેજોને NRI કેટેગરીમાં વિદ્યાર્થી મળતા જ નથી

અમદાવાદ,બુધવાર

મેડિકલમાં યુજી અને પીજીની ખાનગી કોલેજોમાં ૧૦ ટકા એનઆરાઈ કેટેગરીની બેઠકો હોય છે.જેમાં પણ સરકારી સ્ટેટ ક્વોટા અને મેનેજમેન્ટ ક્વોટાની સાથે જ કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયાથી જ પ્રવેશ અપાય છે.પરંતુ એનઆરાઈ કેટેગરીમાં વિદ્યાર્થીઓ જ ન મળતા બેઠકો ખાલી રહેતી હોય છે અને બે રાઉન્ડ બાદ આ ખાલી બેઠકોને મેનેજમેન્ટ ક્વોટામાં કન્વર્ટ કરવામા આવે છે.આ વર્ષે પીજી મેડિકલ કોલેજમાં બે રાઉન્ડના એલોટમેન્ટ બાદ પણ એનઆરાઈ કેટેગરીમાં ૨૦૦ બેઠકો ખાલી રહી છે.

દર વર્ષે બે રાઉન્ડ બાદ NRI બેઠકો મેનેજમેન્ટ ક્વોટામાં કન્વર્ટ કરી દેવાય છે : આ વર્ષે પીજીમાં જ ૨૦૦ બેઠક ખાલી

એમબીબીએસ અને પીજી મેડિકલ એમડી-એમએસ ડિગ્રી-ડિપ્લોમા કોર્સની ખાનગી કોલેજોમાં ૭૫ ટકા જનરલ સ્ટેટ ક્વોટાની અને ૧૫ ટકા મેનેજમેન્ટ ક્વોટાની તેમજ ૧૦ ટકા એનઆરાઈ ક્વોટાની બેઠકો હોય છે.એનઆરાઈ ક્વોટામાં મેનેજેન્ટ ક્વોટા કરતા ફી વધુ હોય છે અને જે ડોલરમાં નક્કી કરવામા આવતી હોય છે.એનઆરાઈ ક્વોટામાં પ્રવેશ માટે અલગથી અરજી થતી હોય છે પરંતુ વિદ્યાર્થીઓ મળતા નથી.આમ તો રાજ્યની પ્રવેશ સમિતિ દ્વારા જ તમામ ક્વોટામાં કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયાથી જ પ્રવેશ અપાય છે.

દર વર્ષે યુજી-પીજીમાં ચાર ઓનલાઈન કેન્દ્રિય રાઉન્ડ કરવામા આવે છે અને જેમાં બે રાઉન્ડ બાદ એનઆરાઈ ક્વોટાની ખાલી રહેતી બેઠકો નિયમ મુજબ મેનેજમેન્ટ ક્વોટામાં કન્વર્ટ કરી દેવામા આવે છે.ખાનગી કોલેજોને એનઆરાઈ કેટેગરીમાં માંડ ચારથીપાંચ વિદ્યાર્થીઓ મળતા હોય છે અને મોટા ભાગની બેઠકો ખાલી રહેતી હોય છે જે છેલ્લે ચોથા રાઉન્ડ સુધીમાં મેનેજમેન્ટ ક્વોટામાં કન્વર્ટ થઈને ભરાતી હોય છે.આ વર્ષે પીજી મેડિકલમાં બે રાઉન્ડ બાદ એનઆરાઈ ક્વોટામાં ૨૦૦ બેઠકો ખાલી રહી છે.જે હવે નિયમ મુજબ ત્રીજા રાઉન્ડમાં મેનેજમેન્ટ ક્વોટામાં કન્વર્ટ કરાશે.આમ એક રીતે મેનેજમેન્ટ ક્વોટા ૨૫ ટકા જ થઈ જતો હોય છે.જો ખાનગી કોલેજો એનઆરાઈ ક્વોટાની બેઠકો ઘટાડે તો જનરલ ક્વોટામાં ફાયદો થઈ શકે છે.

અનામત કેટેગરી સહિતની ૫૦૩ બેઠકો ખાલી

પીજી મેડિકલમાં સ્ટેટ ક્વોટાની બેઠકો માટેની રાજ્ય સરકારની પ્રવેશ સમિતિની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયામાં આજે બીજા રાઉન્ડનું એલોટમેન્ટ જાહેર થયુ છે.જેમાં કુલ ૧૬૧૯ વિદ્યાર્થીને પ્રવેશ મળ્યો છે.ઘણા વિદ્યાર્થીઓ છે એટલે કે નવા પ્રવેશ છે અને કેટલાક વિદ્યાર્થીઓનો અગાઉ પ્રવેશ ફેરબદલ થયો છે.બીજા રાઉન્ડના એલોટમેન્ટ બાદ હાલ કુલ ૫૦૩ બેઠકો ખાલી છે.જેમાં મોટા ભાગની અનામત કેટેગરી અને એનઆરાઈ ક્વોટાની બેઠકો છે.વિદ્યાર્થીઓના અભાવે આ બેઠકો ખાલી રહી છે એટલે કે નોન કન્વર્ટેડ છે.ત્રીજા રાઉન્ડમાં હવે અનામત કેટેગરીની બેઠકો ઓપનમાં કન્વર્ટ કરીને અને એનઆરાઈની બેઠકો મેનેજમેન્ટમાં કન્વર્ટ કરીને ભરાશે. બીજા રાઉન્ડ બાદ આઈક્યુમાં ૪૦,યુક્યુમાં ૬૮,જીક્યુમાં ૧૮૩,એમક્યુમાં ૧૨ અને એનઆરાઈમાં ૨૦૦ બેઠકો ખાલી છે. કેટેગરી મુજબ ઓપનમાં ૨૮૦,એસસીમાં ૧૪, એસટીમાં ૧૦૬, એસઈબીસીમાં ૭૩ અને ઈડબલ્યુએસમાં ૩૦ બેઠકો ખાલી છે.

પીજીપી એમબીએ કોર્સમાં ભણતા

IIMAના ૪૧૪ વિદ્યાર્થીઓનું સમર ઈન્ટર્નશિપ પ્લેસમેન્ટ

અમદાવાદ,બુધવાર

આઈઆઈએમ અમદાવાદ દ્વારા પીજીપી એમબીએની ૨૦૨૬-૨૮ની બેચના વિદ્યાર્થીઓની સમર ઈન્ટર્નશિપ પ્લેસમેન્ટ પ્રક્રિયા હાથ ધરવામા આવી હતી.જેમાં ૪૧૪ વિદ્યાર્થીઓનું સમર ઈન્ટર્નશિપ પ્લેસમેન્ટ જુદી જુદી કંપનીઓમાં થયુ છે.સૌથી વધુ ૨૪ વિદ્યાર્થીનું એક જ કંપનીમાં પ્લેસમેન્ટ થયુ છે.

સૌથી વધુ ૨૪ વિદ્યાર્થીનું એક જ કંપનીમાં અને કન્સલ્ટિંગ ક્ષેત્રે સૌથી વધુ ૪૬ ટકા પ્લેસમેન્ટ

આઈઆઈએમ અમદાવાદ દ્વારા ૨૩,૨૭ અને ૩૦ ઓક્ટોબરના રોજ ઈન્ટર્નશિપ પ્લેસમેન્ટ પ્રક્રિયા હાથ ધરાઈ હતી.આ ત્રણ કલસ્ટરમાં થયેલી પ્રક્રિયામાં આ વર્ષે કુલ જુદા જુદા ૨૭ સેકટરમાં ૧૬૦થી વધુ કંપનીઓએ ભાગ લીધો હતો.૫૫ નવી કંપનીઓ હતી. સૌથી વધુ ૨૪ વિદ્યાર્થીઓની એક જ કંપની બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રુપમાં સમર પ્લેસમેન્ટ થયુ છે.ગત વર્ષ કરતા ડ્રીમ એપ્લિકેશનમાં ૧૯ ટકાનો વધારો થયો છે. આ વર્ષે મેન્યુફેકચરિંગ અને કન્ઝયુમર સર્વિસમાં ઝીરો પ્લેસમેન્ટ છે. જ્યારે સૌથી વધુ ૧૯૧ વિદ્યાર્થીઓનું એટલે કે ૪૬ ટકા પ્લેસમેન્ટ કન્સલ્ટિંગ ક્ષેત્રની કંપનીઓમાં થયુ છે.

સ્પર્ધાઓના સંભવિત સ્થળો પાસે પાર્કિંગ, પરિવહન, ટ્રાફિક, હવાની ગુણવત્તા, ઉદ્યાનો, જળાશયોની સ્થિતિ અંગે કામ શરૂ કરવા સૂચના

૭૫ દિવસનું આયોજન આ વખતે ૨૪ દિવસમાં સમેટાઈ જશે

૧૫ કરોડ રૂપિયાના ખર્ચે સમગ્ર આયોજન એજન્સીને સોંપી દેવાશે, બ્રાન્ડિંગમાંથી મ્યુનિ. કોર્પોરેશન ૪૦% આવક મેળવશે

યુજી અને પીજી ડિગ્રી કોર્સીસમાં દર વર્ષે

ખાનગી મેડિકલ કોલેજોને NRI કેટેગરીમાં વિદ્યાર્થી મળતા જ નથી

દર વર્ષે બે રાઉન્ડ બાદ NRI બેઠકો મેનેજમેન્ટ ક્વોટામાં કન્વર્ટ કરી દેવાય છે : આ વર્ષે પીજીમાં જ ૨૦૦ બેઠક ખાલી

પીજીપી એમબીએ કોર્સમાં ભણતા

IIMAના ૪૧૪ વિદ્યાર્થીઓનું સમર ઈન્ટર્નશિપ પ્લેસમેન્ટ

સૌથી વધુ ૨૪ વિદ્યાર્થીનું એક જ કંપનીમાં અને કન્સલ્ટિંગ ક્ષેત્રે સૌથી વધુ ૪૬ ટકા પ્લેસમેન્ટ

૨૧ દિવસનું દિવાળી વેકેશન પૂર્ણ

દિવાળી વેકેશન પુરું થતા આજથી સ્કૂલો-કોલેજોમાં શિક્ષણકાર્ય શરૂ

સ્કૂલોમાં બીજુ શૈક્ષણિક સત્ર ૧૨૪ દિવસનું બીજી મે સુધીનું રહેશે: યુનિ.-કોલેજોમાં હવે પરીક્ષાઓ

ખાણી-પીણીની ૫૫થી ૬૦ લારીઓમાં તપાસ

વસ્ત્રાપુરના ફૂડ કોર્ટમાં મ્યુનિ. ત્રાટક્યું : ૫૦ સેમ્પલ લેવાયા

પનીર, બટર, મસાલા વગેરેના નમૂના નાપાસ થશે તો વેન્ડરની સાથે યુનિટના સંચાલક સામે પણ કાર્યવાહી

ટેક્સી કંપનીઓ દ્વારા ચૂકવાતા ઓછા ભાડાનો ઉગ્ર વિરોધ

રિક્ષા-ટેક્સી ચાલકોનો RTO કચેરીને ઘેરાવ, સાબરમતીના તમામ બ્રિજ બ્લોક કરવા ચિમકી

સફેદ નંબર પ્લેટ સાથે ટેક્સીમાં ચાલતા વાહનો બંધ કરાવવા માગણી, તંત્રને ત્રણ દિવસનું અલ્ટિમેટમ

શનિવાર સુધીમાં નિર્ણય લેવાશે

અમદાવાદમાં ફરી રખડતા ઢોરના ત્રાસ સામે ઝુંબેશ ચલાવવા સૂચના

૭ શોપિંગ હોટસ્પોટ નક્કી કરાયા

વેપારીઓએ સામાન્ય કરતા વધારાનું ડિસ્કાઉન્ટ આપવું ફરજિયાત

થીમ આધારિત ૬ શોપિંગ ડિસ્ટ્રિક્ટ બનશે

અનામત કેટેગરી સહિતની ૫૦૩ બેઠકો ખાલી

મ્યુનિ.એ રેડીનેસ સેલની રચના કરી : ૧૧ ડે.કમિશનરને ફરજ સોંપાઈ

કોમનવેલ્થ ગેમ્સ : સાબરમતીમાં હોડી દ્વારા પરિવહનની શક્યતાની ચકાસણી!

અમદાવાદ, બુધવાર

અમદાવાદ મ્યુનિ. દ્વારા ઓક્ટોબરમાં કોમનવેલ્થ ગેમ્સ રેડીનેસ સેલની રચના કરાઈ હતી. તેવામાં આજે ૧૧ ડે. મ્યુનિ. કમિશનર અને રિવરફ્રન્ટના અધિકારીને કામગીરી સોંપાઈ છે. કોમનવેલ્થ ગેમ્સની સ્પર્ધાઓ યોજાશે તેવા સ્થળો પાસે પાર્કિંગ, પરિવહન, ટ્રાફિક, હવાની ગુણવત્તા, ઉદ્યાનો, જળાશયોની સ્થિતિ અંગે અત્યારથી કામ શરૂ કરવા સૂચના આપી ૫૦ કરોડના ખર્ચની છૂટ અપાઈ છે.

સ્પર્ધાઓના સંભવિત સ્થળો પાસે પાર્કિંગ, પરિવહન, ટ્રાફિક, હવાની ગુણવત્તા, ઉદ્યાનો, જળાશયોની સ્થિતિ અંગે કામ શરૂ કરવા સૂચના

કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ સુધીમાં શહેરનું રંગરૂપ બદલવા મ્યુનિ. કામે લાગી ગયું છે. જેના માટે ૧૧ ડે. મ્યુનિ. કમિશનર અને રિવરફ્રન્ટના અધિકારીને ફરજ સોંપાઈ છે. સારબમતી નદી પરથી હોડી મારફતે પરિવહનની શક્યતાઓ ચકાસાશે. ખાસ કરીને રમતગમત સંકુલો જ્યાં વૈશ્વિક સ્તરની સ્પર્ધાઓ યોજાશે તેની આસપાસ વિશેષ વ્યવસ્થા કરવા સૂચના અપાઈ છે. જેમાં સૌ પ્રથમ અગત્યના ગેમ્સ રૂટ નક્કી કરાશે. ત્યારબાદ તે મુજબ રૂટ પર ટ્રાફિક, પાર્કિંગ, રોડ-રસ્તા, યુટિલિટી લાઈન વગેરેના જરૂરી કામ હાથ ધરાશે. સીસીટીવી કેમેરા તેમજ કોમનવેલ્થ ગેમ્સને લગતી તમામ માહિતી ઓનલાઈન મૂકી ડેશબોર્ડ અને પોર્ટલ તૈયાર કરાશે. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ આપસાસ હવાની ગુણવત્તા, હરિયાળી અને જળાશયોની સુધારવા સૂચના અપાઈ છે. સ્પર્ધાઓ દરમિયાન પ્લાસ્ટિકના ઉપયોગ અંગે પગલાં લેવાશે. તેમજ રમતગમત સંકુલોમાં રિન્યુએબલ એનર્જીના વપરાશ પર ભાર અપાશે. લોકોનેતંત્ર શિસ્તતા અને સ્વચ્છતાના પાઠ ભણાવાશે!

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે શ્રી શીવાભાઈ ડાહયાભાઈ, ઠેકાણું - અમદાવાદનાઓ જીલ્લા અમદાવાદના તાલુકા સાણંદના ગામ મોજે જુવાલના સર્વે/બ્લોક નંબર-૩૨૩ (જુના સર્વે/બ્લોક નંબર-૫૧૬) ની ખાતા નંબર-૮૫૯ ધરાવતી કુલ ૧૦૩૨૪૯ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન પૈકી ૧૧૪૪૩.૫૦ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન તેમની સંપુર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલીકના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૫-૧૧-૨૦૨૬.

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,
હાઉસ ''એમ'', મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦,

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૬ (નરોડા) ના તાલુકા અસારવા ના મોજે નરોડાની સીમના ટી.પી. સ્કીમ નં. ૧ (નરોડા) ના ફાઈનલ પ્લોટ નં. ૪૪૧/૪ ની કુલ ૭૭૨૬ ચો.મી. (એ.એમ.સી દ્વારા પાસ થયેલ પ્લાન મુજબ સબ પ્લોટ નં. D)ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન કથીરીયા શૈલેષકુમાર પરષોત્તમભાઈ (૫૦ ટકાના હિસ્સેદાર), કથીરીયા હિતેશકુમાર પરસોત્તમભાઈ (૫૦ ટકાના હિસ્સેદાર) નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા- ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લ

સાબરકાંઠા અને ખેડા સિવાય બધે

પાનાં : ૨૦ + ૮ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૨૬ નવેમ્બર ૨૦૨૬ ગુરુવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક વદ - ૨ વર્ષ : ૯૪, અંક : ૩૧૯ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

રાહુલને સાંભળ્યા વગર કાર્યવાહી નહીં થાય : સુપ્રીમ

રાહુલ ગાંધીની સંપત્તિની તપાસનો હાઈકોર્ટનો આદેશ સુપ્રીમમાં રદ

નવી દિલ્હી, તા. ૨૫ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને સંપત્તિના આરોપો મુદ્દે મોટી રાહત મળી છે, સુપ્રીમ કોર્ટે અલ્લાહાબાદ હાઈકોર્ટના આદેશને રદ (અનુસંધાન ૧૩મે પાને)

ભાજપ નેતાની ફરિયાદ પર હાઈકોર્ટે ઈડી, સીબીઆઈને સંપત્તિની તપાસ માટે આદેશ કર્યો હતો

ટ્રમ્પ સરકાર નવા વર્ષે ચીન સહિત ૧૬ દેશો પર ટેરિફ બોમ્બ ફોડશે

યુદ્ધનો ઉન્માદ નિષ્ફળ જતાં ટ્રમ્પનો ફરી સળવળાટ

ભારત પર ૨૫ ટકા ટેરિફની તલવાર

વોશિંગ્ટન, તા.૨૫

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે ગયા વર્ષે સત્તા સંભાળતા જ દુનિયામાં ટેરિફ વોર શરૂ કરી, ત્યાર પછી પશ્ચિમ એશિયામાં યુદ્ધ શરૂ કર્યું પણ તેમાં નિષ્ફળતા મળતા હવે ટ્રમ્પ તેમના પહેલા પ્રેમ ટેરિફ તરફ પાછા વળ્યા છે. ટેરિફ વોર અને ઈરાન સામે યુદ્ધના કારણે મીડટર્મ ચૂંટણીમાં પરાજય છતાં પ્રમુખ ટ્રમ્પે ભારત, ચીન સહિત ૧૬ મોટા ટ્રેડિંગ પાર્ટનર્સ પર ફરી ૧૫થી ૨૦ ટકા સુધીનો નવો ટેરિફ નાંખીને વૈશ્વિક અર્થતંત્રને ડામાડોળ કરવાની તૈયારી હાથ ધરી છે. ટ્રમ્પ સરકારે ભારત પર ૧૭ ટકા ટેરિફ નાંખવાની દરખાસ્ત કરી છે. સાથે બંને દેશ વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર ના થાય તો તેને ૨૫ ટકા કરવામાં આવી શકે તેવી પણ દરખાસ્ત છે. ટ્રમ્પ સરકારે ટ્રેડિંગ પાર્ટનર્સ દેશ પર સબસિડી અને સરકારી મદદ મારફત ઘરેલુ ઉદ્યોગોને મદદ કરવાનો અને તેના કારણે અમેરિકન ઉત્પાદકોને નુકસાન થઈ રહ્યો હોવાનો આક્ષેપ મૂકીને બુધવારે ટ્રેડિંગ પાર્ટનર્સ પર નવા ટેરિફ નાંખવાનું સૂચન કર્યું છે. ચીન સાથે વેપાર યુદ્ધવિરામ ૧૦ જાન્યુઆરીએ પૂરો થતો હોવાથી ટ્રમ્પ સરકાર નવા વર્ષે વેપાર ભાગીદાર દેશો પર ટેરિફ નાંખે તેવી સંભાવના છે.

ચીન પર સૌથી વધુ ૪૦ ટકા, વિયેતનામ પર ૩૫ ટકા, યુરોપ, જાપાન જેવા દેશો પર ૨૦ ટકાથી ઓછા ટેરિફની દરખાસ્ત

અમેરિકન મીડિયાએ યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (યુએસટીઆર)ના અધિકારીઓને ટાંકીને જણાવ્યું છે કે, ટ્રમ્પ સરકારે બુધવારે ભારત, ચીન, જાપાન, યુરોપીયન યુનિયન, બ્રાઝિલ, દક્ષિણ કોરિયા સહિત ૧૬ જેટલા મોટા ટ્રેડિંગ પાર્ટનર્સ દેશો પર વધારાનો ટેરિફ નાંખવાની દરખાસ્ત કરી છે. અમેરિકાની મહિનાઓ લાંબી ઈન્ડસ્ટ્રીયલ સબસિડી અંગેની તપાસ બાદ ટ્રમ્પ સરકારે આ દરખાસ્ત કરી છે.



ટ્રેડ પાર્ટનર્સ દેશો પર સબસિડી મારફત ઘરેલુ ઉદ્યોગોને મદદ કરી અમેરિકન ઉત્પાદકોને નુકસાન પહોંચાડવાનો ટ્રમ્પ સરકારનો આક્ષેપ

યુએસટીઆરની દરખાસ્ત મુજબ ચીન પર ૨૦ ટકા વધારાનો ટેરિફ, જેને ૪૦ ટકા સુધી લંબાવાઈ શકે છે. સાથે વિયેતનામ પર ૩૫ ટકા, ભારત, તાઈવાન, દક્ષિણ કોરિયા, ઈન્ડોનેશિયા, મલેશિયા, થાઈલેન્ડ, કંબોડિયા પર ૨૫ ટકા સુધી જ્યારે યુરોપીયન યુનિયન, જાપાન સહિતના દેશો પર ૨૦ ટકા સુધીનો ટેરિફ નાંખવામાં આવી શકે છે.

ટ્રમ્પ સરકારે ભારત પર ૨૫ ટકા સુધી ટેરિફ નાંખવાની દરખાસ્ત કરી છે, જે ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર થાય તો તે ઘટીને ૧૭ ટકા થઈ શકે છે. ટ્રમ્પ સરકારનો દાવો છે કે ભારત, ચીન, જાપાન, ઈયુ સહિતના ૧૬ મોટા ટ્રેડિંગ પાર્ટનર્સ સબસિડી અને અન્ય સરકારી મદદ મારફત ઘરેલુ ઉદ્યોગને સપોર્ટ કરી રહ્યા છે, જેથી તેઓ સસ્તામાં સામાન બનાવી મોટી સંખ્યામાં આંતરરાષ્ટ્રીય બજારમાં પહંચચાડે છે અને નીચી કિંમતે વેચી રહ્યા છે. આથી અમેરિકન કંપનીઓ સામે તેમને ખોટો ફાયદો મળી રહ્યો છે.

નવા ટેરિફનો આશય ફેબ્રુઆરીમાં ટ્રમ્પ સરકારના ટેરિફ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટે આપેલા ચૂકાદા બાદ ગુમાવેલી ટેરિફની આવક ફરી શરૂ કરવામાં મદદ કરવાનો છે. સુપ્રીમ કોર્ટે ફેબ્રુઆરીમાં આદેશ આપ્યો હતો કે, પ્રમુખ ટ્રમ્પ પાસે કોંગ્રેસને બાજુ પર મુકીને આર્થિક ઈમરજન્સી જાહેર કરી વ્યાપક સ્તર પર ટેરિફ નાંખવાની સત્તા નથી. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ યુએસટીઆરે ૧૬ દેશોની ઉત્પાદન ક્ષમતાને ટાર્ગેટ કરતાં (અનુસંધાન ૧૩મે પાને)

ડાઉ ડામાડોળ ૭૮૦ પોઈન્ટનો કડાકો

અમદાવાદ, તા. ૨૫

ટ્રમ્પ વહીવટીતંત્રે નવા ટેરિફની કરેલી જાહેરાત તેમજ ચિપ કંપનીઓના શેરમાં ઘટાડો ચાલુ રહેતા અમેરિકી શેરબજારમાં આજે કામકાજના પ્રારંભિક તબક્કામાં ડાઉ જોન્સમાં ૭૮૦ પોઈન્ટનું ગાબડું નોંધાયું હતું.

અમેરિકામાં ટ્રમ્પ વહીવટીતંત્રે નવા ટેરિફની જાહેરાત કરવાના અહેવાલોએ બજારનું માનસ ખરડાયું હતું. બીજીતરફ ચિપ કંપનીઓના શેરોમાં વેચાણ ચાલુ રહેતાં શેરોમાં નબળા પાયા પર કામકાજની શરૂઆત થઈ હતી. અમેરિકાના તાજેતરના વ્યક્તિગત વપરાશ ખર્ચ સૂચકાંક ડેટા પર નજર કરીએ તો, ફેડના પસંદગીના ફુગાવાના માપદંડ - કોર PCE ૩.૨% થયો હતો, જે અર્થશાસ્ત્રીઓની ફુગાવાની અપેક્ષાઓ કરતાં વધુ છે. આ આંકડાથી એવી ધારણા મજબૂત થઈ હતી કે ફેડરલ રિઝર્વ ડિસેમ્બરમાં વ્યાજ દરમાં વધારો કરશે.

આ અહેવાલો પાછળ અમેરિકી (અનુસંધાન ૧૩મે પાને)

પત્ની, માતા અને હવે મિસ યુનિવર્સ

મિસ યુનિવર્સ સ્પર્ધામાં નિયમ હતો કે, જો કોઈ યુવતીના લગ્ન થઈ ગયા હોય તો તે મિસ યુનિવર્સમાં ભાગ ન લઈ શકે. આ નિયમને ૨૦૨૩માં રદ કરવામાં આવ્યો. જે બાદ ૨૦૨૬માં વિશ્વને પહેલી એવી મિસ યુનિવર્સ મળી જે પત્ની અને માતા છે. આ સાથે જ પ્યુઅર્ટો રિકોની ૨૭ વર્ષીય જેનિફર બારેટોએ ઈતિહાસ રચ્યો છે. તેમનો ફાઈનલ રાઉન્ડનો જવાબ પણ ચર્ચામાં આવ્યો છે. ફાઈનલ રાઉન્ડમાં તેમને પૂછવામાં આવ્યું હતું કે, એક સારા નેતામાં શું ગુણ હોવો જોઈએ? તેના જવાબમાં તેમણે કહ્યું હતું કે, હોદ્દા કરતા લોકોની વાત સાંભળવાની, તેમની લાગણીઓ સમજવાની અને યોગ્ય દિશામાં તેમને સાથે લઈને આગળ વધવાની ક્ષમતા મહત્ત્વની છે. આ પહેલાના રાઉન્ડમાં તેમને એઆઈ વિશે પૂછવામાં આવ્યું હતું કે, એઆઈના યુગમાં સૌથી જરૂરી હ્યુમન વેલ્યૂ શું? ત્યારે તેમણે કહ્યું કે, એઆઈ હવે આપણી વચ્ચે જ રહેશે. એટલે હવે, તેનો યોગ્ય ઉપયોગ જરૂરી છે. અને જો એઆઈ હ્યુમન વેલ્યૂને દાવ પર લગાવે તો તે હ્યુમન વેલ્યૂ કહેવાય જ નહીં. જે આપણને હ્યુમન બનાવે છે તે આપણી અંદર છે, તેને કોઈ નુકસાન ન પહોંચાડી શકે.

સુપ્રીમે ઉમર ખાલિદ-શરજીલનાં વચગાળાનાં જામીન ફગાવ્યા

નવી દિલ્હી, તા. ૨૫

સુપ્રીમ કોર્ટે ૨૦૨૦નાં દિલ્હી રમખાણો સાથે જોડાયેલ મોટા કાવતરા કેસમાં જામીનની માંગ કરતી શરજીલ ઈમામ અને ઉમર ખાલીદની અરજીઓ પર દિલ્હી પોલીસને નોટિસ ફટકારી છે.

સુપ્રીમ કોર્ટે ઉમર ખાલિદનાં વચગાળાનાં જામીન માટેની અરજી ફગાવી દીધી છે. કોર્ટે જણાવ્યું છે કે તે આ માંગ પર વિચાર કરતા પહેલા પોલીસનો પક્ષ સાંભળશે. જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી મોહનાની બેન્ચે આજે તેમની વચગાળાનાં જામીનની માંગ પર વિચાર કરવાનો ઈનકાર કર્યો હતો.

વિદેશી રોકાણકારોની રૂ. ૪૪૭૯ કરોડની ખરીદી

સેન્સેક્સમાં ૧૫૦૦ પોઈન્ટ, રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૩.૫૦ લાખ કરોડનો ઉછાળો

અમદાવાદ, તા. ૨૫

ભારતીય શેરબજારના સૂચકાંકોએ ડિસેમ્બર સ્રેણીની આજે મજબૂત ટ્રેન્ડ સાથે શરૂઆત કરી હતી. ગત સોમવારે જોવા મળેલી ભારે વેચવાલી બાદ આજે નીચા મથાળે નીકળેલી નવી લેવાલી પાછળ આજે સેન્સેક્સમાં ઈન્ટ્રા ડે ૨,૦૦૦થી પણ વધુ પોઈન્ટનો ઉછાળો નોંધાયા બાદ કામકાજના અંતે ૧,૫૦૦ પોઈન્ટ ઉછળીને બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટીમાં ૪૭૦ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો. સેન્સેક્સના ઉછાળા પાછળ આજે રોકાણકારોની સંપત્તિમાં પણ રૂ. ૩.૫૦ લાખ કરોડનો વધારો થયો હતો.

સેન્સેક્સમાં ઈન્ટ્રા ડે ૨,૦૦૦થી પણ વધુ પોઈન્ટનો કૂદકો જ્યારે નિફ્ટી ૪૭૦ પોઈન્ટ ઉછળ્યો

અમેરિકા દ્વારા ભારત પર ફરી એકવાર ટેરીફ નાખવાની ચીમકીને અવગણીને આજે ભારતીય શેરબજારમાં ફરી એકવાર તેજીનું તોફાન જોવા મળ્યું હતું. વિદેશી ભંડોળના સતત વધતા પ્રવાહ, ક્રૂડ ઓઈલના ભાવમાં સતત ઘટાડો અને પસંદગીના ક્ષેત્રો - ખાસ કરીને એફએમસીજી, બેંક અને નાણાકીય (અનુસંધાન ૧૩મે પાને)

ગેજેટ્સથી લઈને પ્રવાસ સુધી જેન-ઝીની લાઈફસ્ટાઈલ પર્સનલ લોનના ભરોસે

ઓસ્ટ્રેલિયામાં ઓનલાઈન સેફ્ટીનો ભંગ કરનાર ટેક કંપનીઓએ જંગી દંડ ભરવો પડશે

વાંચો પાના નં. ૧૫

દિલ્હીની વાત

અકાલીદળ હવે થૂંકેલું ચાટશે, સીમાંકન બીલને ટેકો આપશે

નવીદિલ્હી, તા. ૨૫

લોકસભામાં એનડીએની શક્તિ વધી ગઈ છે. એમના એક જમાનાના જુના સાથીદાર શિરોમણી અકાલીદળએ ફરીથી એનડીએ સાથે જોડાઈને એનડીએની તાકાત વધારી છે. અકાલીદળ પાસે નીચલા હાઉસમાં એક સાંસદ છે. લોકસભામાં અકાલીદળ પાસે હરસીમરત કૌર બાદલ સાંસદ તરીકે છે. એનડીએની શક્તિ એવા સમયે વધી છે (અનુસંધાન ૧૧મે પાને)

અમેરિકન જાસૂસી એજન્સી સીઆઈએ પર સાયબર હુમલો

અમેરિકામાં સીઆઈએની સિસ્ટમમાં ઘૂસણખોરી કરી હેકર્સે ડેટા તફડાવ્યો

(પીટીઆઈ) વોશિંગ્ટન, તા.૨૫

દુનિયાની સૌથી શક્તિશાળી જાસૂસી એજન્સી સીઆઈએની સિસ્ટમમાં રહસ્યમય સાયબર હુમલો થયો હતો. હેકરોએ એક ગુપ્ત સિસ્ટમમાં ઘૂસણખોરી કરીને સોશિયલ મીડિયા, સેટેલાઈટ તસવીરો અને અન્ય જાહેરત સ્રોતોમાંથી એકત્ર કરાયેલી માહિતી અને તેના વિશ્લેષણના ડેટાની ચોરી કરી હોવાનો અમેરિકન અખબાર ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલમાં ઘટસ્ફોટ કરાયો હતો. જોકે, ગુપ્ત ડેટા સુરક્ષિત હોવાનો એજન્સીએ દાવો કર્યો હતો.

સિસ્ટમમાં ઈન્ટરનેટ સહિત જાહેર સ્રોતોમાંથી ઉપલબ્ધ માહિતીનું વિશ્લેષણ થતું હતું : ગુપ્ત ડેટા સુરક્ષિત હોવાનો દાવો

અમેરિકાની જાસૂસી એજન્સી સીઆઈએ સોશિયલ મીડિયા, સેટેલાઈટ તસવીરો અને અન્ય જાહેર સ્રોતોમાંથી માહિતી એકત્ર કરી તેનું વિશ્લેષણ કરે છે ત્યારે સીઆઈએની આ સિસ્ટમ સાયબર હુમલાનો ભોગ બની હતી. ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ મુજબ આ સાયબર હુમલાની અસર ઓફિસ ઓફ ધ ડાયરેક્ટર ઓફ નેશનલ ઈન્ટેલિજન્સ પર પણ પડી હતી. આ ઘટના પછી અમેરિકાના જાસૂસી નેટવર્કની સુરક્ષા અંગે નવેસરથી ચિંતાઓ પેદા થઈ છે.

સીઆઈએની જે સિસ્ટમ પર હેકર્સે હુમલો કર્યો હતો તેનો ઉપયોગ ઈન્ટરનેટ, કોમર્શિયલ સેટેલાઈટ્સ અને ખાનગી ડેટા બ્રોકર્સ સહિત જાહેર સ્રોતો (અનુસંધાન ૧૩મે પાને)

બેધડક -મંજુલ



હવામાન બદલાતું જ રહે... પણ હવામાન અંગેની સમિટ તો એવી ને એવી જ હોય છે !

બિહારના દબંગ નેતાની પુત્રીના વૈભવી લગ્નની ભારે ચર્ચા

અનંતસિંહની પુત્રીના લગ્ન મેળામાં ફેરવાયા, પાંચ કિમી સુધી ભીડ

પટણા, તા. ૨૫

બિહારમાં દબંગ નેતા તરીકે જાણિતા અનંત સિંહે પોતાની પુત્રીના લગ્ન પાછળ કરોડો રૂપિયા ખર્ચ્યા છે, આ વૈભવી લગ્નમાં એટલી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા કે ૧૦ કિમી સુધી ટ્રાફિક જામ થઈ ગયો હતો. જ્યારે લગ્ન સ્થળની આસપાસ પાંચ કિમી સુધી ભારે ભીડ જોવા મળી હતી.

બિહારના મોકામાના ધારાસભ્ય અનંતસિંહની પુત્રીના લગ્ન દરમિયાન ઘોડાઓની રેસનું આયોજન કરાયું હતું સાથે જ ચાર લાખથી વધુ લોકોના ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. લગ્ન એક મનોરંજન કાર્યક્રમમાં ફેરવાઈ જતા હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. પટનાના નદાવા ગામમાં લગ્ન અને ઘોડાઓની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં





મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

પુરા ગામની આસપાસ આશરે ૧૦ કિમી સુધી જામ થઈ ગયો હતો, ઘોડાની દોડ જોવા માટે હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ખુદ બિહાર વિધાનસભાના સ્પીકર પ્રેમ કુમારનો કાફલો ફસાયો હતો, જે જીતે તેને થાર કાર ઈનામમાં આપવાની જાહેરાત કરાઈ હતી. લોકો ટાર પર ચડીને આ સ્પર્ધા નિહાળી રહ્યા હતા, સમગ્ર વિસ્તાર મેળામાં ફેરવાઈ ગયો હતો. જોકે પ્રશાસન માટે આટલી ભીડ (અનુસંધાન ૧૧મે પાને)

૧૦ કિમી સુધી ટ્રાફિક જામ થયો, ઘોડાની દોડ જોવા લાખો ઉમટી પડ્યા, સ્પર્ધા રદ કરવી પડી



ડ્રગ્સના ગેરકાયદે

(છેલ્લા પાનાનું ચાલુ)

એટલે કે દેશમાં ડ્રગ્સ નાબૂદી માટે સક્રિય નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરોના જુદા જુદા યુનિટો આવી ગેરકાયદે ડ્રગ્સ ફેક્ટરીઓ ચલાવવા માટે નાણાં આપતાં ફાઇનાન્સર્સ, સપ્લાયર્સ, ટેકનિકલ સુવિધા આપનારાઓ અને અન્ય સહયોગીઓને ઓળખવા ઉપરાંત રાસાયણિક-પ્રાપ્તિ અને વિતરણ લિંક્સને શોધી રહી છે. ગુજરાત સહિત દેશભરમાં સ્થાનિક કક્ષાએ જ નશીલા ડ્રગ્સનું ઉત્પાદન કરતી સિન્ડીકેટને ધ્વસ્ત કરવા વધુ ધરપકડો અને સંભવિત આંતરરાજ્ય અને આંતરરાષ્ટ્રીય લિંક્સની તપાસ ચાલી રહી છે.એનસીબીએ ડ્રગ્સ બનાવતી ગુપ્ત પ્રયોગશાળાઓ રોકવા માટે 'રેડ ફ્લેગ' પરિપત્ર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે જારી કર્યા છે. ઘરો, ભાડાના મકાનો, ખેતરો અને ઔદ્યોગિક એકમોમાં પ્રયોગશાળાઓ ચલાવવામાં આવે છે. આ સંજોગોમાં ગુજરાત કે અન્ય રાજ્યોના પોલીસ સ્ટેશનો ફક્ત ડ્રગ જમી ન કરતાં આવી ફેક્ટરીઓ પકડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે તે જરૂરી બન્યું છે. સ્થાનિક પોલીસે બીટ કર્મચારીઓ, મકાનમાલિકો, મિલકત ડીલરો, ઔદ્યોગિક સંગઠનો અને રહેવાસીઓને રાસાયણિક ડ્રમ અને પ્રયોગશાળાના સાધનોના શંકાસ્પદ સંગ્રહ કે હિલચાલ, અસામાન્ય રાસાયણિક ગંધ, કાળા બારીઓ, વધુ પડતું વેન્ટિલેશન, રાસાયણિક સ્ટેનિંગ, અસામાન્ય વીજળી વપરાશ અને રાસાયણિક કચરાનો શંકાસ્પદ નિકાલ જેવી બાબતો જણાય તો સતર્ક રહેવા તાકીદ કરી છે. પ્રજાજનોએ ડ્રગ્સના દૂષણ સામે સામુહિક લડાઈના ભાગરૂપે શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે સ્થાનિક પોલીસ કે રાજ્ય એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ અને શભમ ઓફિસને માહિતી આપે તે જરૂરી બન્યું છે. વર્ષ ૨૦૨૬માં અમદાવાદના સરખેજ ઉપરાંત ભરૂચ, સુરત અને અંકલેશ્વરમાં ગેરકાયદે ડ્રગ્સ બનાવતી ફેક્ટરીઓ પકડાઈ ચૂકી છે. યુવાધનના ભવિષ્ય માટે દેશમાંથી ડ્રગ્સના દૂષણની નાબૂદી માટે એનસીબીએ રેડ ફ્લેગ ઝોનમાં ગુજરાતને સામેલ કર્યું છે. આથી, દેશહિતમાં ડ્રગ્સ નાબૂદી માટે ગુજરાતે પણ સતર્ક અને સક્રિય થવું જરૂરી બન્યું છે.

અમદાવાદમાં જેવી ડ્રગ્સ ફેક્ટરી રાજસ્થાન પહેલાં મુંબઈ, લાતુર, ભોપાલમાં પકડાઈ હતી

અમદાવાદના સરખેજમાં પકડાઈ તેવી ડ્રગ્સ ફેક્ટરી રાજસ્થાન અને તે પહેલાં મુંબઈ, લાતુર અને ભોપાલમાં પકડાઈ ચૂકી છે. એનસીબીએ ઓક્ટોબર માસમાં ગ્રેટર નોઈડામાં બે ગુપ્ત કૃત્રિમ-દવા પ્રયોગશાળાઓ તોડી પાડી અને ૩૭૯.૭૪ કિલો એમ્ફેટામાઈન ધરાવતી સામગ્રી અને ૧૦ કિલો સ્યુડોએફેડ્રિન જપ્ત કર્યા હતા. ઓગસ્ટમાં ઉત્તર પ્રદેશના જેવર ખાતે રહેણાંક પરિસરમાં કાર્યરત ગુપ્ત ફેક્ટરી પકડી ૩૦ કિલો એમ્ફેટામાઈન અને ૩૦ કિલો રસાયણો અને ઉત્પાદન સાધનો ઉપરાંત મુંબઈમાં વિરાર પોલીસે નાલાસોપારાથી ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે મેફેડ્રોન ઉત્પાદન એકમની ચેઈન પકડી ૫૨.૯૩૨ કિલો મેફેડ્રોન જપ્ત કર્યું હતું. ભોપાલ, લાતુર, બાડમેર અને રાયગઢમાં ગુપ્ત મેફેડ્રોન ફેક્ટરીઓ પકડાઈ છે.

ખેતરો, ખાનગી મકાનો, ફેક્ટરીઓમાં ડ્રગ્સ ઉત્પાદનઃ ગુજરાત પોલીસને સતર્ક રહેવા તાકીદ

અમદાવાદના ઘરમાં ચાલતી હતી તેવી મેફેડ્રોન અને અન્ય સિન્થેટિક ડ્રગ્સ બનાવતી ખાનગી ફેક્ટરીઓ રહેણાંક ઈમારતો, ઔદ્યોગિક સંકુલો, ખેતરો અને દૂર-દૂરના વિસ્તારોમાં ચલાવાય છે. ગુજરાત પોલીસ અને પ્રજાને આવા ડ્રગ્સ ઉત્પાદક સ્થળો પકડવા સતર્ક રહેવા તાકીદ કરાઈ છે.

વાત વાતમાં

ડાયલોગ જુના, એડ. નવી !

હિન્દી ફિલ્મોના અમુક જોરદાર ડાયલોગ્સ આજે પણ લોકોને યાદ છે. જો એડવર્ટાઈઝિંગ એજન્સીઓ થોડું દિમાગ લડાવે તો આજે પણ એમાંથી નવી એડઝ બની શકે છે ! જુઓ નમૂના...

* * *

રાજેશ ખન્ના :

'બાબુ મોશાય, યે જિંદગી એક રંગમંચ હૈ. ઔર હમ સબ રંગમંચ કી કઠપૂતલીયાં હૈં... કબ, કૌન, કૈસે ઉઠેગા યે કોઈ નહીં જાનતા ! હા... હા... હા...'

અમિતાભ :

'ઈસીલિયે કહતા હું આનંદ બાબુ, અપના બીમા કરવા લો !'

સ્લોગન :

'એલઆઈસી... જિંદગી કે સાથ ભી, જિંદગી કે બાદ ભી !'

* * *

અમિતાભ :

'વિજય... દિનાનાથ... ચૌહાણ... પૂરા નામ ! ઉમ્ર ઈકત્તીસ સાલ, આઠ મહિના, ગ્યારા દિન ઔર સાત ઘંટા...'

કમિશ્નર ગાયતોંડે :

'યાર, કબ તક ઈન્ટરવ્યુ મેં જા જા કર ઐસે બાયોડેટા બોલતે રહોગે ? ભાઈ, ઓનલાઈન સે જોબ ઢૂંઢો ના ?'

સ્લોગન :

'પરફેક્ટ પ્લેસમેન્ટ ડોટ કોમ... ફોર ઓનલાઈન જોબ સર્ચ !'

* * *

દિલીપ કુમાર :

'એ ભાઆઆઆઈ... ઓ ભાઆઆઆઈ... ગાડી રોકો ભાઈ... અસ્પતાલ પહુંચા દો ભાઈ...'

વહીદા રહેમાન :

'આમ રાડો શું પાડો છો ? ૧૦૮ લગાડો ને ?'

સ્લોગન :

'વન ઝિરો એઈટ, કોઈપણ મેડિકલ ઈમરજન્સી માટે !'

* * *

અમિતાભ :

'દાવર સાબ, મૈં આજ ભી ફેંકે હુએ પૈસે નહીં ઉઠાતા.'

ઈફતેખાર :

'ઠીક છે, તારો નંબર બોલ, હમણાં ગૂગલ પે કરું છું !'

સ્લોગન :

'કેશલેસ ટ્રાન્ઝેકશન... કભી ભી, કહીં ભી !'

* * *

બસંતી :

'તો યે હૈ બસંતી કા ટાંગા, ઔર યે હૈ હમારી ધન્નો... લો હમને તો પૂરી કહાની સુના દી, મગર આપ ને પૂછા હી નહીં કે હમારા નામ ક્યા હૈ ?'

વીરુ : (પ્રેમથી)

'તુમ્હારા નામ ક્યા હૈ, બસંતી ?'

જય.

'અલ્યા વાયડીનો થા મા ! 'ટુ કોલર'માં જોઈ લે... હાચું નામ હેમા છે !'

- મન્નુ શેખચલ્લી

ઘાટલોડિયામાં

(છેલ્લા પાનાનું ચાલુ)

ઘાટલોડિયા), જીગ્નેશ મહેતા (રહે. પંચવટી એપાર્ટમેન્ટ, નારણપુરા), અખિલ ભાવસાર (રહે. કુંદન પાર્ક, નારણપુરા), રાજુ પ્રજાપતિ (રહે. પારિજાત ઉપવન, વટવા) અને ધવલ પરમાર (રહે. વંસતનગર ટાઉનશીપ, ગોતા)ને ઝડપી લીધા હતા. નિમેષ અને કામેશ રાણીપમાંથી ગાંજો લાવ્યા હતા.

તેમજ અન્ય બનાવોમાં સરખેજ પોલીસે સાજીદશા દિવાનને તેના ડિસન્ટ એવન્યુ સરખેજ ખાતે આવેલા મકાનમાંથી એમ ડી ડ્રગ્સ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. તે ધાનેરામાંથી રહેતા હિતેશ નામના વ્યક્તિ પાસેથી લાવીને સ્થાનિક વિસ્તારમાં વેચાણ કરતા હતા. જ્યારે આનંદનગર પોલીસે મકરબા કૃષ્ણધામ ઔડાના મકાનમાં રહેતા નવઘણ વાઘેલા પાસેથી ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. તે જમાલપુરમાં રહેતા વ્યક્તિ પાસેથી ગાંજો લાવતો હતો. જ્યારે વાસણા પોલીસે ભાઠા ગામમાં રહેતી ઉર્મીલા પરમાર નામની મહિલા પાસેથી ગાંજો જપ્ત કર્યો હતો. તેમજ સેક્ટર-૧ની એન્ટી નાર્કોટિક્સ યુનિટ દ્વારા રાયપુર ભજીયા પાસેથી સાહેલ શેખ (રહે.બહેરામપુરા), ફિરોજ મલેક (રહે.દાણીલીમડા)ને એમ ડી ડ્રગ્સ સાથે ઝડપી લીધા હતા.



જીવરાજ પાર્કની આરાધના સોસાયટીની ઘટના

વેજલપુરમાં સિનિયર સિટિઝનને બેન્ક મેનેજરની ઓળખ આપી ઠગાઈ

અમદાવાદ, બુધવાર

શહેરના વેજલપુરમાં આવેલી આરાધના સોસાયટીમાં રહેતા સિનિયર સિટીઝનને કોઇ ગઠિયાએ એસબીઆઇના માણેકબાગના મેનેજર તરીકે ઓળખ આપીને બેંક એકાઉન્ટના યુઝર આઇડી મેળવીને ઓટીપી મોકલીને એકાઉન્ટમાંથી નાણાં ખાલી દીધા હતા. આ અંગે વેજલપુર પોલીસે ટેકનીકલ એનાલીસીસના આધારે તપાસ શરૂ કરી છે.

જીવરાજ પાર્કમાં આવેલી આરાધના સોસાયટીમાં રહેતા ૭૭ વર્ષીય દિનેશસિંહ જેઠવાએ નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે તેમનું બેંક એકાઉન્ટ માણેકબાગમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાં છે. થોડા દિવસ પહેલા તેમને અજાણ્યા નંબરથી ફોન આવ્યો હતો અને કોલ કરનારે પોતાની ઓળખ માણેકબાગની એસબીઆઇ બ્રાંચના મેનેજર તરીકે આપી હતી. બાદમાં ખાતામાં અપડેટ કરવાનું કહીને બેંકનો ઇન્ટરનેટ બેંકિંગ યુઝર આઇડી મેળવીને વોટ્સએપ પર ત્રણ અલગ અલગ ઓટીપી મોકલ્યા હતા. બાદમાં તેમના એકાઉન્ટમાંથી નાણાં ટ્રાન્સફર કરાવીને છેતરપિંડી કરી હતી. તેમને એકાઉન્ટમાંથી નાણાં કપાયાનો મેસેજ આવતા બેંકમાં તપાસ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે કોઈએ બેકિંગ યુઝર આઈડી મેળવીને લોગઈન કરીને બેનીફિશયરી તરીકે સદામ નામના વ્યક્તિનું નામ ઉમેરીને નાણાં ટ્રાન્સફર કરી લીધા હતા. પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે સાયબર ક્રિમીનલોએ બેંકના એકાઉન્ટ ડેટા મેળવીને અમદાવાદ તેમજ અન્ય શહેરોમાં રહેતા સિનિયર સિટીઝનને ટારગેટ કરવામાં આવતા હતા. આ અંગે વેજલપુર પોલીસે ટેકનીકલ એનાલીસીસના આધારે તપાસ શરૂ કરી છે.

ઠંડીનો ચમકારો

(છેલ્લા પાનાનું ચાલુ)

ત્રણ શહેરોમાં ૧૫ ડિગ્રીથી ઓછું તપામાન નોંધાયું હતું. બીજી બાજુ વડોદરા, પોરબંદર, વેરાવળ, ડીસા, દ્વારકા સહિત અન્ય શહેરાના તાપમાનમાં એકથી દોઢ ડિગ્રી જેટલો સામાન્ય ઘટાડો થયો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી એક-બે દિવસ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થશે નહીં. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા સહિત મોટાભાગના શહેરોમાં તાપમાન યથાવત રહેશે.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

અવસાન નોંધ

દવે : સ્વ.તૃષિતાબેન કમલેશભાઈ દવેનું બેસણું સુવર્ણ જયંતી હોલ, અતુલ પેટ્રોલ પંપની સામે, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, સવારે ૯થી ૧૧.

ગાંધી : સ્વ. ખુશીબેન ધવલભાઈ ગાંધીનું બેસણું નવનીત વિધિધલક્ષી ભવન, કોમલ એન્કલેવની પાસે, ચંદ્રનગર, સવારે ૯થી ૧૧.

દોશી : સ્વ. ધીરેન્દ્રકુમાર જયંતકુમાર દોશીનું બેસણુ બી ડી રાવ બ્રહ્મભટ્ટ હોલ, ભૂયંગદેવ ચાર રસ્તા પાસે, સવારે ૯થી ૧૧

ઠાકોર : સ્વ. જશોદાબેન ભલાજી ઠાકોરનું બેસણુ ઠાકોરવાસ, નવરંગપુરા ગામ

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ

Regd. NI. GAMC 28

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah Regd.NI.GAMC 28

જાહેર નોટિસ

મોજે-વાવોલ

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ ગાંધીનગર (ઝોન - ૧) ગાંધીનગર તાલુકાના મોજે-વાવોલ ગામની સીમના સર્વે નં. ૩૫૬/૦૦૧ ની જમીનને સીટી સર્વે વોર્ડ : વાવોલ (બિનખેતી) માં સમાવેશ કરીને ફાળવેલ સીટી સર્વે નં.NA356/001 ની બિનખેતીની જમીન SHREE NIRVA DEVELOPERS - એ નામની ભાગીદારી પેઢીની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને તેના વહીવટકર્તા ભાગીદારે અમારી પાસે ટાઈટલ્સ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, ડેવલપમેન્ટ હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહીં.

તા.૨૬-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ/૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

અમો એડવોકેટ ઈદરીશ એમ. બંગાલી તે આથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે મોજે ગામ સોલા, તાલુકો ઘાટલોડીયા, જીલ્લો અમદાવાદના સર્વે નં.૪૩૪/૨, ૪૩૬/૧+૨, ૪૩૭/૧+૨, ટી.પી.સ્કીમ નં.૪૨ ના ફાયનલ પ્લોટ નં.૧૪૭ની જમીન ઉપર આવેલ JBR Arcade નામની સ્કીમના બ્લોક-એચ ના બીજા માળે આવેલ ઓફીસ નં.૭ ની મિલકત જેનું ક્ષેત્રફળ ૧૪૧.૪૧ સ.ચો.મી. યાને ૧૫૨૨ ચો.ફુટ સુપરબીલ્ટઅપ એરીયાની મિલકત ભાવિકાબેન સુમનભાઈ પ્રજાપતિ, રહે,ગાંધીનગરનાની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી છે. સદરહુ મિલકત રેવન્યુ રેકર્ડમાં તેઓનું નામ દાખલ કરવાની પક્રિયા ચાલુ છે. સદરહુ મીલકતમાં સદરહું મીલકતના માલીક સીવાય અન્ય કોઈની કોઈપણ જાતનો લાગભાગ, હક્ક હીસ્સો નથી તથા મજકુર મીલકત અંગે સદરહુ મીલકતના માલીકે કોઈને કોઈ લખાણ કરી આપેલ નથી કે અન્ય રીતે મીલકત તબદીલ કરેલ નથી કે મજકુર મીલકત ઉપર કોઈ વ્યકિત, સંસ્થા કે બેંકનું તારણ નથી તેમ જણાવી મજકુર મીલકતના રાઈટસ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની મજકુર મીલકતના માલીકે અમારી પાસે માંગણી કરેલ છે. તેથી મજકુર મીલકતમાં અન્ય કોઈ વ્યકિતનો કોઈ પણ જાતના લખાણ આધારીત કોઈ હકક દાવો, કલેઈમ હોય કે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા સામે કોઈ પણ જાતનો વાંધો હોય તો તેની લેખીત જાણ પુરાવા સાથે અમોને આજથી દિન-૭ માં રજી. એ.ડી.થી કરવી. તેમ કરવામાં કસુર થયેથી મજકુર મીલકતમાં અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હીસ્સો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું અને ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહીં. તેની જાહેર નોંધ લેવી.

અમદાવાદ
તા.૨૫-૧૧-૨૦૨૬

ઈદરીશ એમ બંગાલી
B.A., LL.M., એડવોકેટ
ઈરફાન આઈ.બંગાલી
B.Sc, LL.B., એડવોકેટ
ઈદરીશ બંગાલી એન્ડ એસોસીએટસ
એડવોકેટસ-Law firm since 1980
ઠે. IB Law Chambers
સીટી ગોલ્ડ સીનેમાની પાછળ, રેલ્વે લાઈન પાસે, નવરંગપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોન નં.૨૬૫૮૬૬૫૭, ૨૬૫૮૬૬૫૮

જાહેર નોટિસ

અમો એડવોકેટ ઈદરીશ એમ. બંગાલી તે આથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે મોજે ગામ સોલા, તાલુકો ઘાટલોડીયા, જીલ્લો અમદાવાદના સર્વે નં.૪૩૪/૨, ૪૩૬/૧+૨, ૪૩૭/૧+૨, ટી.પી.સ્કીમ નં.૪૨ ના ફાયનલ પ્લોટ નં.૧૪૭ની જમીન ઉપર આવેલ JBR Arcade નામની સ્કીમના બ્લોક-એચ ના બીજા માળે આવેલ ઓફીસ નં.૬ ની મિલકત જેનું ક્ષેત્રફળ ૧૨૪.૯૫ સ.ચો.મી. યાને ૧૩૪૫ ચો.ફુટ સુપરબીલ્ટઅપ એરીયાની મિલકત ડો.દર્શન સુમનકુમાર પ્રજાપતિ, રહે.ગાંધીનગરનાની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી છે. સદરહુ મિલકત રેવન્યુ રેકર્ડમાં તેઓનું નામ દાખલ કરવાની પક્રિયા ચાલુ છે. સદરહુ મીલકતમાં સદરહું મીલકતના માલીક સીવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક હીસ્સો નથી તથા મજકુર મીલકત અંગે સદરહુ મીલકતના માલીકે કોઈને કોઈ લખાણ કરી આપેલ નથી કે અન્ય રીતે મીલકત તબદીલ કરેલ નથી કે મજકુર મીલકત ઉપર કોઈ વ્યકિત, સંસ્થા કે બેંકનું તારણ નથી તેમ જણાવી મજકુર મીલકતના રાઈટસ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની મજકુર મીલકતના માલીકે અમારી પાસે માંગણી કરેલ છે. તેથી મજકુર મીલકતમાં અન્ય કોઈ વ્યકિતનો કોઈ પણ જાતના લખાણ આધારીત કોઈ હકક દાવો, કલેઈમ હોય કે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા સામે કોઈ પણ જાતનો વાંધો હોય તો તેની લેખીત જાણ પુરાવા સાથે અમોને આજથી દિન-૭ માં રજી. એ.ડી.થી કરવી. તેમ કરવામાં કસુર થયેથી મજકુર મીલકતમાં અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હીસ્સો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું અને અમારા અસીલ સદરહુ મીલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહીં. તેની જાહેર નોંધ લેવી.

અમદાવાદ તા.૨૫-૧૧-૨૦૨૬

ઈદરીશ એમ બંગાલી
B.A., LL.M., એડવોકેટ
ઈરફાન આઈ.બંગાલી
B.Sc, LL.B., એડવોકેટ
ઈદરીશ બંગાલી એન્ડ એસોસીએટસ
એડવોકેટસ-Law firm since 1980
ઠે. IB Law Chambers
સીટી ગોલ્ડ સીનેમાની પાછળ, રેલ્વે લાઈન પાસે, નવરંગપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોન નં.૨૬૫૮૬૬૫૭, ૨૬૫૮૬૬૫૮

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા સાણંદના ગામ મોજે ચેખલાની સીમનાં બ્લોક નંબર-૭૨૩ પૈકીની હે-આરે-ચોમી ૦-૭૧-૦૦ યાને કે ૭૧૦૦ ચોરસમીટરની આકાર રૂા.૨-૯૦ પૈસાવાળી ખાતા નંબર-૪૨૦ ધરાવતી જુની શરતની ખેતીની જમીન (૧) પદમશીભાઈ શામજીભાઈ, (૨) જાગૃતિબેન દર્શનભાઈ પટેલ રહેવાસી-સી/૩/બ, ક્રિશ અતુલ્ય બંગ્લોઝ, ફોર્ચ્યુન સર્કલ, નિકોલ, અમદાવાદ, (૩) હિનાબેન સંજયભાઈ પટેલ રહેવાસી-મોમ્બાસા એવન્યુ પાર્ક શેરી નંબર-૨, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ, (૪) પૂર્વીબેન મયૂરકુમાર પટેલ રહેવાસી-૬૧, ગોવર્ધન ગેલેક્ષી, હરિદર્શન ચાર રસ્તા, નરોડા, અમદાવાદ તથા (૫) મહેશભાઈ પદમશીભાઈ પટેલ નંબર-(૧) તથા (૫) બંને રહેવાસી-૨૫, આરોહી વિલા, બોપલ, અમદાવાદનાંએ તેઓની સંપૂર્ણ, સંયુક્ત, સહીયારી માલિકી તથા કબજા ભોગવટાની બોજારહિત હોવાનું જણાવી વેચાણ કરવાનાં હેતુથી સદરહુ જમીન અંગેનાં ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે, તો સદરહુ જમીન ઉપર અન્ય જે કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી કરવી, જો તેમ કરવામાં નહિ આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને અમારા અસીલ દ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે, જેની નોંધ લેવી.

તારીખ : ૨૫-૧૧-૨૦૨૬

વિનોદ સી. દરજી
એડવોકેટ
૨૨૩, સત્યમ મોલ, કામેશ્વર સ્કુલ પાસે, સમાન કોમ્પલેક્ષની સામે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન નં. ૦૭૯ ૨૬૭૬૦૭૮૬

જાહેર નોટિસ

મોજે-અમીયાપુર

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ ગાંધીનગર (ઝોન - ૨) તાલુકાના મોજે - અમીયાપુર ગામની સીમના મુળ સર્વે નં.૬૧/૧ ની ચો.મી.૪૪૫૨ ની જમીન કે જેનો ટી.પી.સ્કીમ નં. ૪૧૦ (ઝુંડાલ-અમીયાપુર-સુઘડ) માં સમાવેશ કરી ફાળવેલ ફાઈનલ પ્લોટ નં.૨૭૭ ની ચો.મી.૨૬૭૧ ની જમીનનો સમાવેશ સીટી સર્વે કચેરી : ગાંધીનગર, સીટી સર્વે વોર્ડ : અમીયાપુર(બીનખેતી) માં કરીને ફાળવી આપેલ સીટી સર્વે નંબર : NA61/1/p1 ની ચો.મીટર : ૨૬૭૧ ની બીનખેતીની જમીન (૧) ચિરાગ હસમુખભાઈ પટેલ (૭.૫૦% હિસ્સો), (૨) દિપકભાઈ ચતુરભાઈ પટેલ (૧૦% હિસ્સો), (૩) નિશીલ નંદુભાઈ પટેલ (૭.૫૦% હિસ્સો), (૪) નીકિતાબેન સુરેશભાઈ પટેલ (૫ % હિસ્સો), (૫) વિપુલકુમાર કેશવલાલ પટેલ (૪૦% હિસ્સો), (૬) સંજય રમણભાઈ પટેલ (૫ % હિસ્સો), (૭) સંજયકુમાર જયંતિભાઈ પટેલ (૨૦% હિસ્સો) તથા (૮) સની ભરતભાઈ પટેલ (૫ % હિસ્સો) ની સંયુકત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને કે હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૬- ૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

મોજે - જેસંગપુરા

ડીસ્ટ્રીકટ મહેસાણા રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ કડી તાલુકાના મોજે-જેસંગપુરા ગામની સીમનાં રી-સર્વે મુજબનાં સર્વે નં. ૩૬ (જુના સર્વે નં. ૭૬ પૈકી ૧/પૈકી ૨) ની હે.આરે.ચો.મી. ૧-૨૨-૩૨ ની ખેતીની જમીન છેલાભાઈ જીવણભાઈની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૬-૧૧-૨૦૨૬.

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
**BALCHAND

'સુરક્ષિત ગુજરાત'માં માનવ તસ્કરીને લઈને ચિંતાજનક ચિત્ર

ગુજરાતમાં માનવ તસ્કરી કરતાં ૨૮૪ ઝડપાયાં, સજા પાંચને જ થઈ

અમદાવાદ,બુધવાર

વિકાસશીલ, સુરક્ષિત અને કાયદો-વ્યવસ્થાની દ્રષ્ટિએ અગ્રેસર ગણાતા ગુજરાતમાં માનવ તસ્કરીના કાળા કારોબારને લઈને ચિંતાજનક આંકડા સામે આવ્યા છે. વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૪ દરમિયાન ગુજરાતમાં માનવ તસ્કરીના ગુનામાં પોલીસે ૨૮૪ આરોપીઓની ધરપકડ કરી પરંતુ માત્ર પાંચ જ આરોપીઓને સજા થઈ શકી છે. એટલે કે, રાજ્યમાં માનવ તસ્કરીના કેસોમાં સજાનો દર માત્ર ૧.૭૬ ટકા જેટલો તળિયે રહ્યો છે, જ્યારે ૯૮ ટકાથી વધુ આરોપીઓ કાયદાના સકંજામાંથી છટકી જવામાં સફળ રહ્યા છે.

માનવ તસ્કરીના આરોપીને સજાનો દર માત્ર ૧.૭૬ ટકા રહ્યો

વર્ષ ૨૦૨૦થી ૨૦૨૩ સુધી એક પણ આરોપીને સજા ન થઈ

સામાજિક કાર્યકરોનું કહેવું છેકે, ગુજરાત એક ઔદ્યોગિક અને આર્થિક રીતે સમૃદ્ધ રાજ્ય હોવાથી અન્ય રાજ્યોમાંથી મોટા પાયે શ્રમિકો અને પરિવારો રોજગારીની શોધમાં આવે છે. માનવ તસ્કરી કરતી ગેંગ ખાસ કરીને આદિવાસી વિસ્તારો, ગ્રામીણ પટ્ટા અને પરપ્રાંતીય ગરીબ પરિવારોની મજબૂરીનો ફાયદો ઉઠાવે છે. નાના બાળકો અને કિશોરોને ઊંચા પગારની લાલચ આપી કારખાનાઓ, ઈંટના ભઠ્ઠાઓ કે ઘરકામમાં ધકેલી દેવામાં આવે છે. યુવતીઓ અને સગીરાઓને નોકરી કે લગ્નની લાલચ આપી ગુજરાતના મોટા શહેરોમાં લાવી દેહવ્યાપારના દલદલમાં ધકેલાય છે. રાજ્યસભામાં રજૂ કરાયેલા અહેવાલે ગુજરાત પોલીસની તપાસને લઈને સવાલો ઊભા કર્યા છે. વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૩ સુધી રાજ્યની કોઈપણ અદાલતમાં માનવ તસ્કરીના એક પણ આરોપીને દોષિત ઠેરવી સજા સંભળાવવામાં આવી ન હતી. પાંચ વર્ષના લાંબા ગાળા બાદ માત્ર વર્ષ ૨૦૨૪માં માત્ર પાંચ આરોપીઓને સજા અપાવવામાં ગૃહવિભાગ અને પોલીસ સફળતા મળી હતી. પડોશી રાજ્યોની સરખામણીએ ગુજરાતની ક્કોડી સ્થિતિ છે. મધ્યપ્રદેશ પાંચ વર્ષમાં ૧,૭૧૭ ધરપકડો સામે ૧૪૪ આરોપીઓને સજા ફટકારવામાં આવી છે. સજાનો દર ૮.૩૮ ટકા એટલે ગુજરાતની સરખામણીએ ઘણો સારો છે. મહારાષ્ટ્ર ૪,૦૭૧ ધરપકડો સામે માત્ર ૧૪ ગુનેગારો દોષિત ઠર્યા છે.

નબળી પોલીસ તપાસ, ઢીલી ચાર્જશીટ, સાક્ષીઓ ફરી જતાં ૯૮ ટકા આરોપી કાયદાના સકંજામાં છટકવામાં સફળ રહ્યાં

પોલીસ આરોપીની ધરપકડ કરીને સંતોષ માની લે છે, પરંતુ કોર્ટમાં ટકી શકે તેવા વૈજ્ઞાનિક અને દસ્તાવેજી પુરાવાઓ એકત્ર કરવામાં ઉણી ઉતરે છે.મોટાભાગના પીડિતો અત્યંત ગરીબ અથવા અન્ય રાજ્યોના હોવાથી કેસ ચાલતા સમયે તેઓ વતન પરત ફરી જાય છે અથવા આરોપીઓની ધમકી અને પૈસાની લાલચમાં આવી કોર્ટમાં નિવેદન બદલી નાખે છે.કોર્ટમાં કેસો વર્ષો સુધી પેન્ડિંગ રહેતા હોવાથી પીડિતો હિંમત હારી જાય છે અને સમાધાન કરી લે છે

રાજ્યમાં કાર્યરત એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ પાસે પૂરતા સ્ટાફ અને આધુનિક સાધનોનો અભાવ છે. ગુજરાતમાં માનવ તસ્કરીના આરોપીઓ પકડાય છે, પરંતુ જો તેમને કડક સજા નહીં થાય તો કાયદાનો ડર ખતમ થઈ જશે.

થલતેજના રહેવાસી પિતા-પુત્રની ધરપકડ કરાઈ

સાબરમતીમાં પોલીસ વિરૂદ્ધની અરજીનો નિકાલ કરાવવાનું કહી ૫૦ લાખ પડાવ્યા

અમદાવાદ,બુધવાર

સાબરમતી યુજીવીસીએલ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ વિરૂદ્ધ થયેલી અરજીની તપાસ અટકાવીને અરજીનો નિકાલ કરાવી આપવાનું કહીને પિતા-પુત્ર ગઠિયાએ રૂપિયા ૫૦ લાખની ઠગાઈ કરી હોવાની ફરિયાદ કાઈમબ્રાંચ ખાતે નોંધવામાં આવી છે. જે અંગે કાઈમબ્રાંચે થલતેજમાં રહેતા વિષ્ણુ ચૌધરી અને તેના પુત્ર આકાશ ચૌધરીની ધરપકડ કરી છે. આરોપીઓએ રાજકીય વગ હોવાનું કહીને અરજીનો નિકાલ કરવાનું કે બદલીનું કામ કરી આપવાનું કહી લાખો રૂપિયા પડાવતા હતા. આ અંગે કાઈમબ્રાંચે વધુ તપાસ શરૂ કરી છે.

યુજીવીસીએલ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ વિરૂદ્ધ તપાસ માટે થયેલી અરજીની વિગતો જાણીને નિકાલ કરી આપવાની ખાતરી આપી હતી

અમદાવાદના સાબરમતીમાં આવેલી યુજીવીસીએલ પોલીસ સ્ટેશનમાં નોકરી કરતા કેટલાંક પોલીસ કર્મચારીઓ વિરૂદ્ધ અરજી થતા ઉચ્ચ કક્ષાએ તે અંગે તપાસ કરવામાં આવી રહી હતી. જે કેસમાં પોલીસ સ્ટાફની નોકરી જવાની શક્યતા પણ હતી. આ અરજી સંદર્ભમાં વિષ્ણુ ચૌધરી ઉર્ફે એન ડી ચૌધરી અને તેમના પુત્ર આકાશ ચૌધરીએ પોલીસ કોન્સ્ટેબલનો સંપર્ક કરીને કહ્યું હતું કે તેમના ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને મંત્રીઓ સાથે સીધા સંપર્કમાં છે. જેથી તે અરજીનો નિકાલ કરાવી આપવાની સાથે નોકરી પણ બચાવી શકશે. તેમણે પોલીસ અધિકારીઓ અને કેટલાંક નેતાઓ સાથેના ફોટોગ્રાફ્સ બતાવીને વિશ્વાસમાં લેવાની સાથે જણાવ્યું હતું કે તેમણે અનેક પોલીસ કર્મચારીઓના કામ કરી આપ્યા છે.

પોલીસ કોન્સ્ટેબલોને વિશ્વાસ આવતા તેમણે હા કહી હતી. પરંતુ, આ માટે વિષ્ણુ ચૌધરી અને તેના પુત્રએ ૫૦ લાખની રકમ માંગી હતી અને કામની ગેરંટી આપી હતી. જેથી તેમણે અલગ અલગ સમયે થલતેજ ગુરૂદ્વારા પાસે આવીને વિષ્ણુ ચૌધરીને ૫૦ લાખ ચુકવી આપ્યા હતા. બાદમાં કામ ચાલતું હોવાનું કહીને બંને જણા સમય ખેંચી રહ્યા હતા. પરંતુ, અરજીનો નિકાલ આવ્યો નહતો.

જેથી પોલીસ કોન્સ્ટેબલોએ વિષ્ણુ ચૌધરી પાસે નાણાં પરત માંગ્યા હતા. પરંતુ, વિષ્ણુ ચૌધરીએ ધમકી આપી હતી કે તારા વિરૂદ્ધ અરજીની તપાસનો નિકાલ નહી પણ હવે ફરિયાદ જ નોંધાશે. જો ફરિયાદ થાય એવુ ન કરવું હોય તો બીજા ૧૦ લાખ રૂપિયા આપો. આમ, ૫૦ લાખ પડાવીને બીજા ૧૦ લાખની ખંડણી માંગવામાં આવતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સુધી મામલો પહોંચ્યો હતો અને કાઈમબ્રાંચમાં પોલીસ કોન્સ્ટેબલોને બોલાવીને તપાસ કરતા તેમણે સમગ્ર હકીકત જણાવતા આ અંગે કાઈમબ્રાંચે ગુનો નોંધીને વિષ્ણુ ચૌધરી અને તેના પુત્ર આકાશ ચૌધરીની ધરપકડ કરી હતી.

'વોટ ચોર,ગદ્દી છોડ': સંવિધાન રક્ષા માર્ચ યોજાઈ

ચૂંટણીપંચે રાતોરાત ૧૩ કરોડ લોકોનો મતાધિકાર છિનવી લીધો

અમદાવાદ,બુધવાર

નાગરિકોના મતાધિકાર પર તરાપ મારવામાં આવી રહ્યા છે તેવા આક્ષેપો સાથે કોંગ્રેસે ચૂંટણી પંચ સામે રણશિંગું ફૂંક્યું છે. 'વોટ ચોર ગાદી છોડ ના નારા સાથે કોંગ્રેસે 'સંવિધાન રક્ષા માર્ચ યોજી હતી જેમાં ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને તાત્કાલિક હટાવીફોજદારી કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી હતી.

સરદાર પટેલની મૂર્તિ તો બનાવી પણ તેમના વશંજો જ ખેડૂતોની રોજી, રોટી અને જમીનો ઝુંટવી રહ્યાં છે

પ્રભારી રણદીપસિંહ સુરજેવાલાએ કેન્દ્ર સરકાર પર તીખો હુમલો કરતાં જણાવ્યું હતું કે, વર્તમાન શાસનમાં દેશની ૮૦ ટકા સંપત્તિ માત્ર ૫ ટકા અમીરો પાસે કેન્દ્રિત કરી દેવાઈ છે, જ્યારે ૯૫ ટકા જનતા પાસે માત્ર ૨૦ ટકા સંપત્તિ બચી છે. સરદાર પટેલની મૂર્તિ બનાવીને તેમના જ વંશજ ખેડૂતોની જમીન ઝૂંટવી રહ્યાં છે. એટલુ જ નહીં, સામાજિક-ધાર્મિક ભાઈચારાને બંધક બનાવી રહ્યાં છે. લોકસભામાં ચર્ચા વગર માત્ર ૩૦ મિનિટમાં ૪૨ કાયદા અને ૨ મિનિટમાં ખેડૂત વિરોધી કાળા કાયદા તથા ઓનલાઈન જુગાર તરફી કાયદા પાસ કરી દેવાયાં હતાં. તેમણે કહ્યું કે સંસદમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને બોલવા દેવામાં આવતા નથી, જે લોકશાહીની હત્યા સમાન છે. જો સંવિધાન નહીં રહે તો માલેતુજારોને કોઈ ફરક નહીં પડે, પરંતુ ગરીબ, દલિત, આદિવાસી, ખેડૂત, મહિલાઓ અને દેશના યૈહ-ઢ યુવાનો બરબાદ થઈ જશે.

નાગરિકોનો મતાધિકાર છીનવી લે તો બંધારણ કેવી રીતે ચાલશે તેવો સવાલ ઉઠાવતા કોંગ્રેસે સીધો પડકાર ફેંક્યો છે. અમિત ચાવડાએ કહ્યું કે, ગુજરાત કોંગ્રેસ દરેક ગામ અને દરેક બુથ પર ચોપાલ ભરીને 'વોટ રક્ષકની નિમણૂક કરશે. નાગરિકોના મત અને સ્વતંત્રતાના અધિકાર પર ખોટી નજર નાખનારા ભાજપ સરકારના લોકોને જમીન પર ઉતરીને જડબેસલાક જવાબ આપવામાં આવશે.

વિધાનસભા વિપક્ષના નેતા ડા.ત. તુષાર ચૌધરીએ સરકારને આડે હાથ લેતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, બંધારણ કોઈ પુસ્તક નહીં પણ જીવતો જાગતો દસ્તાવેજ છે, જેમાં લખ્યું છે કે, સરકાર લોકો માટે છે, લોકો સરકાર માટે નથી.આવાસ, પેન્શન, મફત રાશન અને શિક્ષણ એ જનતાનો બંધારણીય અધિકાર છે તેના બદલે મત માંગવાનો કોઈ સરકારને અધિકાર નથી.

ચૂંટણી પંચ રાતોરાત ૧૩.૫૦ કરોડ

મહેસૂલ વિભાગ દ્વારા બદલીના ઓર્ડર કરાયા

રાજ્યના વિવિધ જિલ્લાઓના ૮૦થી વધુ મામલતદારની બદલી

અમદાવાદ,બુધવાર

ગુજરાતના વિવિધ જિલ્લામાં કલેકટર કચેરી હેઠળના ૮૦થી વધુ મામલતદારોની સાગમટે બદલીનો ઓર્ડર આજે મહેસૂલ વિભાગ દ્વારા કરવામા આવ્યો છે.જેમાં અમદાવાદ જિલ્લામાં સ્પીપાના ૪ સહિત ૧૦ મામલતદારોની બદલી થઈ છે. સ્પીપામાં વહિવટી અધિકારી તરીકે ફરજ બજાવતા ૬ મામલતદાર કક્ષાના અધિકારીમાંથી ૪ અધિકારીની બદલી કરવામા આવી છે.જ્યારે મહેસૂલ વિભાગ દ્વારા વર્ગ-૧ સંવર્ગના ડેપ્યુટી કલેકટર કક્ષાના ૮ અધિકારીની પણ બદલી કરી છે.જેમાં અધિકારીને નવું પોસ્ટિંગ મળ્યુ છે.

સ્પીપાના ૪ મામલતદાર અધિકારીની પણ બદલી

વર્ગ-૧ના ૮ અધિકારીઓની બદલી-નવું પોસ્ટિંગ

રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા આજે વર્ગ-૨ના ૮૬ મામલતદારોની બદલીનો ઓર્ડર કર્યો છે.જેમાં રાજ્યના અનેક જિલ્લાના સરેરાશ ૨થી૪ મામલતદારોનો સમાવેશ થાય છે. અમદાવાદ જિલ્લામાં સીટી ઈસ્ટ, દેત્રોજ, ધોળકા,માંડલ, સાણંદ તાલુકાના મામલતદારની બદલી થઈ છે. જ્યારે રાજ્ય સરકારની સિવિલ સર્વિસીસ કોચિંગ સંસ્થા એવી સ્પીપાના ચાર વહિવટી અધિકારી-મામલદારની પણ બદલી કરવામા આવી છે.સ્પીપામાં કુલ છ મામલતદારને સરકારે વહિવટી અધિકારી તરીકે મુક્યાહ તા.જેમાંથી ચારની બદલી થઈછે.આ ઉપરાંત અમદાવાદ જિલ્લા કલેકટર કચેરી હેઠળના એનએ વિભાગના મામલતદારની પણ બદલી થઈ છે. મહેસૂલ વિભાગ દ્વારા વર્ગ-૧ના ડેપ્યુટી કલેકટર કક્ષાના ૮ અધિકારીની પણ બદલી કરાઈ છે.જેમાં ૧ અધિકારી કે જેઓ વેઈટિંગ ઈન પોસ્ટિંગ હતા તેઓને પોસ્ટિંગ અપાયુ છે. ૨૦૨૭ની વિધાનસભાની ચૂંટણીની તૈયારી શરૂ થઈ ગઈ હોય, જેમાં એઆરઓની ખાલી જગ્યાઓ ભરવા માટે ઈલેક્શન કમિશનની સૂચના મુજબ આ બદલીઓ કરવામાં આવી છે.

રેગ્યુલર વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફોર્મ શરૂ પરંતુ

યુજી-પીજી એક્સટર્નલ અભ્યાસ માટે હજુ સુધી પ્રક્રિયા શરૂ થઈ નથી

અમદાવાદ,બુધવાર

રાજ્યની સરકારી યુનિ.ઓમાં આ વર્ષે પણ યુજી-પીજી રેગ્યુલર પ્રવેશ ખૂબ જ મોડે સુધી ચાલતા ગુજરાત યુનિવર્સિટીમાં હજુ સુધી એક્સટર્નલમાં પ્રવેશ કમ એક્ઝામ ફોર્મ પ્રક્રિયા શરૂ થઈ શકી નથી.ગુજરાત યુનિ.માંથી યુજી-પીજીમાં એક્સટર્નલ અભ્યાસ કરવા માંગતા ૧૦થી૧૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ હાલ પરીક્ષા ફોર્મ ભરાવાની રાહ જોઈને બેઠા છે અને કયારે પરીક્ષા લેવાશે તે પણ જાણ નથી.

એક્સટર્નલ ભણવા માંગતા ૧૦થી૧૨ હજાર વિદ્યાર્થી પરીક્ષા ફોર્મ ભરાવાની રાહ જોઈ રહ્યા છે

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં આ વર્ષે પણ ઓક્ટોબર સુધી પ્રવેશ પ્રક્રિયા ચાલી હતી અને તેમાં પણ સેન્ટ ઝેવિયર્સના પ્રવેશ મોડેથી થતા એનરોલમેન્ટ પ્રક્રિયા મોડેથી ચાલુ થઈ હતી.યુજી એનરોલમેન્ટ અને પીજી રજિસ્ટ્રેશન પ્રક્રિયા તાજેતરમાં જ પુરી થઈ છે.જો કે યુજી-પીજી રેગ્યુલર સેમેસ્ટર-૧ એક્ઝામ ભરાવાનું શરૂ થઈ ગયુ છે પરંતુ હજુ સુધી યુજી-પીજી એક્સટર્નલ એક્ઝામ ફોર્મ ભરાવાનું શરૂ થયુ નથી.

યુજી-પીજીમાં બીએ-બીકોમ અને એમએ-એમકોમ અભ્યાસ એક્સટર્નલ એટલે કે ઘરબેઠા કે નોકરી સાથે કરવા માંગતા હજારો વિદ્યાર્થીઓ હોય છે અને દર વર્ષે ગુજરાત યુનિ.માં યુજી-પીજીમાં એક્સટર્નલ માટે ૧૦થી૧૨ હજાર વિદ્યાર્થીઓના ફોર્મ ભરાય છે. એક્સટર્નલમાં વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ-એક્ઝામ ફોર્મ કોમન હોય છે અને જે ભરાય ત્યારબાદ જ તેઓ રેગ્યુલર વિદ્યાર્થીઓ સાથે પરીક્ષા આપી શકે છે.યુજી-પીજી સેમેસ્ટર-૧ની રેગ્યુલર-એક્સટર્નલની પરીક્ષાની તારીખ પણ હજુ સુધી નક્કી થઈ નથી. હાલ યુજી-પીજી એક્સટર્નલ કરવા માંગતા વિદ્યાર્થીઓ ફોર્મ ભરાવવાની રાહ જોઈને બેઠા છે ત્યારે બેથીત્રણ દિવસમાં ફોર્મ ભરાવાની પ્રક્રિયા શરૂ થઈ શકે છે.જો કે વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા અને પરીક્ષા ટાઈમ ટેબલ જાહેર થાય તો તેઓને પરીક્ષાની તૈયારી કરવાની ખબર પડી શકે.

નાસીરનગર ડિમોલિશનના ચકચારભર્યા કેસમાં

સુરત કમિ. અને સ્ટે.ચેરમેનને બચાવવા મનપા દ્વારા અપીલ

અમદાવાદ,બુધવાર

સુરતના નાસીરનગર વિસ્તારમાં થયેલા ગેરકાયદે ડિમોલિશન અને અસરગ્રસ્તોને વૈકલ્પિક આવાસ નહી આપવાના પ્રકરણમાં સુરત મ્યુનિસિપલ કમિશનર અને સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન સામે ક્રિમીનલ કન્ટેમ્પ્ટ કાર્યવાહી શરૂ કરવા અંગેના તેમ જ બંને જણાંને તા.૨૭મી નવેમ્બરના રોજ અદાલત સમક્ષ રૂબરૂ હાજર રહેવાનાસીંગલ જજ દ્વારા કરાયેલા હુકમ સામે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (એસએમસી) દ્વારા હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી છે.

હાઈકોર્ટે અગાઉ સુરત મ્યુનિ. કમિ અને સ્ટે.ચેરમેન સામે કન્ટેમ્પ્ટ અને હાજર રહેવા અંગે હુકમ કર્યો હતો

આ અપીલની સુનાવણી આવતીકાલે હાથ ધરાય તેવી શકયતા છે. નાસીરનગર ડિમોલીશનનાવિવાદમાં સ્થાનિક રહીશોની અરજીમાં અગાઉ હાઈકોર્ટનું ધ્યાન દોરાયું હતું કે, કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના કે કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યા વિના તેમના મકાનો ગેરકાયદેસર રીતે તોડી પાડવામાં આવ્યા છે. ખાનગી જમીન માલિકોના ઈશારે સુરત મનપા સત્તાધીશોએ અરજદારોના મકાનો રસ્તામાં અડચણરૂપ હોવાનું કારણ ધરી મકાનો તોડયા છે. આ કેસમાં જસ્ટિસ નિખિલ કેરીયલે આક્રમક વલણ અપનાવી સુરત મ્યુનિસિપલ કમિશનરથી માંડી સુરત મનપાના સત્તાધીશોની ભારે ટીકા કરી હતી.

હાઈકોર્ટની નારાજગી બાદ સરકારપક્ષ તરફથી એક તબક્કે અદાલતને ખાતરી અપાઈ હતી કે, નાસીરનગર ડિમોલીશનના અસરગ્રસ્તોને વૈકલ્પિક રહેઠાણ પૂરું પાડવામાં આવશે. પરંતુ એ પછીની સુનાવણીમાં સરકારે પોતાનું વલણ બદલી સુરત મનપાની તરફેણ કરી નાસીરનગરના બાંધકામો જાહેર રસ્તા પર હોવાથી તોડવા જરૂરી હતા અને તેથી તેઓને વૈકલ્પિક આવાસ ફાળવવાનો ઈન્કાર કરી દેવાયો હતો. હાઈકોર્ટ સમક્ષ ખાતરી આપ્યા બાદ ફરી જવાના વલણની ગંભીર નોંધ લઈ જસ્ટિસ નિખિલ કેરીયલે સુરત મનપા કમિશનર અને સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેનને તા.૨૭મી નવેમ્બરે અદાલત સમક્ષ હાજર રહેવા અને તેઓની વિરૂધ્ધ અદાલતી તિરસ્કારની કાર્યવાહી હાથ ધરવા અંગે હુકમ કર્યો હતો.



શિયાળાની સાંજનું આ દ્રશ્ય નહેરૂબ્રિજનું છે. આહ્લાદક સાંજે ફરવા નીકળેલા રાહદારીઓ નજીક લાઈનસર ગોઠવાયેલ વાનર પરિવારનું આ શાંતિભર્યું વિશ્રામ છે તો બાજુમાં જ સાંજ પડ્યે વહેલા ઘેર પહોંચવા દોડી રહેલા વાહનોની ઘરઘરાટી અને હોર્નના અવાજ છે. શહેરના વ્યસ્ત રોડ પરનું એક જ ચિત્રમાં બે પ્રકારનું જનજીવન દેખાઈ રહ્યું છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

મુસાફરની બેદરકારી ગણાવી રેલવે જવાબદારીમાંથી છટકી ના શકે : હાઈકોર્ટ

ટ્રેક ક્રોસ કરતી વખતે અકસ્માતે મોત બદલ રેલવે વળતર ચૂકવવા જવાબદાર

અમદાવાદ,બુધવાર

ગુજરાત હાઈકોર્ટે એક ચુકાદા મારફતે ઠરાવ્યું છે કે, રેલ્વે ટ્રેક પર અકસ્માતમાં મૃત્યુ થાય તો ટ્રેક ક્રોસ કરવાની બેદરકારીના આધારે મૃત્યુ થયુ હોવાનું કહી ભોગ બનનારના કિસ્સામાં વળતર નકારી શકાય નહી. રેલ્વે ટ્રેક પર અકસ્માતમાં મૃત્યુના કિસ્સામાં વળતર નકારવાનો રેલ્વે ટ્રિબ્યુનલનો અભિગમ ખામીયુકત અને રેલ્વે અકસ્માત વળતર કાયદાની જોગવાઈ વિરૂધ્ધનો છે.

રેલવે ટ્રેક ક્રોસ કરતાં ટ્રેન નીચે કપાઈ જનાર યુવકના પરિવારજનોને વળતર નકારવાનો રેલવે ટ્રિબ્યુ.નો હુકમ રદ

વ્યસ્ત રેલ્વે સ્ટેશનો અને યાર્ડ્સ, ખાસ કરીને જ્યાં ફુટ ઓવરબ્રિજ અથવા તો દુર્ગમ, દૂર કે ભીડભાડવાળા હોય છે. મુસાપરો વારંવાર પ્લેટફોર્મ પર પહોંચવા અથવા પરિસરમાંથી બહાર નીકળવા માટે પાટા ઓળંગતા હોય છે ત્યારે રેલ્વે તંત્ર પોતાની જવાબદારીમાંથી છટકવા માટે આવા કૃત્યોને મુસાફરીની બેદરકારી ગણાવી તેને ગુનાહિત કૃત્ય અથવા જાતે પહોંચાડેલી ઈજા તરીકે સરખાવી શકે નહી.

રેલ્વે ટ્રેક ક્રોસ કરતી વખતે કપાઈને મૃત્યુ પામનાર એક યુવકના કિસ્સામાં તેના આશ્રિતોને વળતર નકારવાના રેલ્વે ટ્રિબ્યુનલના હુકમને હાઈકોર્ટના જસ્ટિસ દિવ્યેશ એ.જોશીએ ગેરકાયદે અને રદબાતલ ઠરાવ્યો હતો અને મૃતક યુવકના પરિવારજનોને ૯ ટકા વ્યાજ સાથે આઠ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો. રાજબહાદુર અને અન્યની યુનિયન ઓફ ઈન્ડિયા સામેની ફર્સ્ટ અપીલમાં હાઈકોર્ટે આ ચુકાદો આપ્યો હતો. કેસની હકીકત મુજબ, ગત તા. ૧૯જુલાઈ, ૨૦૨૩ના રોજ યુવક કાનપુર સેન્ટ્રલથી અમદાવાદ આવતી હાવડા-ગાંધીધામ ગરબા સુપરફાસ્ટ એક્સપ્રેસમાં માન્ય ટિકિટ સાથે મુસાફરી કરી રહ્યો હતો. ટ્રેનના જનરલ કોચમાં ભારે ભીડ અને ટ્રેનના અચાનક ઝટકાને કારણે તે ટ્રેનમાંથી પડી ગયો હતો અને ટ્રેન સાથે ઘસડાતાં ગંભીર ઈજાઓ થઈ હતી. ત્યારબાદ તે ટ્રેકની બીજી તરફ જવાનો પ્રયાસ કરતી વખતે અમદાવાદ-વડોદરા મેમુ સ્પેશિયલ ટ્રેનની અડફેટે આવી જતાં તેનું સ્થળ પર જ મૃત્યુ થયું હતું. પરિવારજનોએ રૂ.૮ લાખના વળતર માટે રેલવે ક્લેમ્સ ટ્રિબ્યુનલમાં અરજી કરી હતી, પરંતુ ટ્રિબ્યુનલ દ્વારા તા. ૭ નવેમ્બર, ૨૦૨૪ના રોજ અરજી ફગાવી દેવાઈ હતી. જેને પગલે પરિવારજનોએ હાઈકોર્ટમાં વળતર મેળવવા અપીલ કરી હતી.








આજનુ પંચાંગ

તા.૨૬/૧૧/૨૦૨૬,ગુરૂવાર

કારતક વદ બીજ

દિવસના ચોઘડિયા : શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિના ચોઘડિયા : અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
અમદાવાદ સૂર્યોદય : ૭ ક. ૦૨ મિ., **સૂર્યાસ્ત** : ૧૭ ક. ૫૨ મિ.
નવકારસી સમય : (અ) ૭ ક. ૫૦ મિ.
જન્મરાશિ : વૃષભ (બ.વ.ઉ) ૭ ક. ૧૩ મિ. સુધી પછી મિથુન (ક.છ.ઘ) રાશિ આવે. **નક્ષત્ર** : મૃગશિર્ષ ૧૭ ક. ૪૮ મિ. સુધી પછી આદ્રા નક્ષત્ર આવે.
ગોચર ગ્રહ : સૂર્ય-વૃશ્ચિક, મંગળ-સિંહ, બુધ-તુલા, ગુરૂ-સિંહ, શુક્ર-તુલા, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, ચંદ્ર-વૃષભ ૭ ક. ૧૩ મિ. સુધી પછી મિથુન
હર્ષલ (યુરેનસ) વૃષભ નેપચ્યુન-મીન, પ્લુટો-મકર રાહુકાળ ૧૩.૩૦થી ૧૫.૦૦ (દ.ભા.)
વિક્રમ સંવત : ૨૦૮૩ કાલયુક્ત સંવત્સર શાકે : ૧૯૪૮ પરાભવ જૈનવીર સંવત : ૨૫૫૩
દક્ષિણાયન હેમંત ઋતુ રાષ્ટ્રીય દિનાંક : માર્ગશીર્ષ ૫ વ્રજ માસ : માગશર-૨
માસ-તિથિ-વાર : કારતક વદ બીજ
મુસલમાની હિજરીસન : ૧૪૪૮ જમાદીઉલઆખર માસનો ૧૬મો રોજ
પારસી શહેનશાહી વર્ષ : ૧૩૯૬ તીર માસનો ૧૪મો રોજ ગોશ

આજનું ભવિષ્ય

- અગ્નિદત્ત પદમનાભ

મેષ : આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવું કામકાજ થવાથી આપને આનંદ રહે. સંયુક્ત ધંધામાં ભાઈભાંડુનો સાથ-સહકાર મળી રહે.

વૃષભ : આપને કામમાં સાનુકૂળતા મળી રહે. ધંધામાં ઘરાકી જણાય. સામાજિક- વ્યવહારિક કામકાજ અંગે વ્યસ્તતા-દોડધામ રહે.

મિથુન : આપના ગણત્રી-ધારણા પ્રમાણેનું કામકાજ થવાથી કામ કરવાનો ઉત્સાહ જણાય. સંસ્થાકીય કામકાજ જણાય.

કર્ક : આપે રાજકીય-સરકારી કામમાં, ખાતાકીય કામમાં સાવધાની રાખવી પડે. આવેશ-ઉશ્કેરાટમાં આવીને કોઈ કામ કરવું નહીં.

સિંહ : આપના કામમાં આકસ્મિક સાનુકૂળતા મળી રહેતાં કામનો ઝડપથી ઉકેલ આવતો જાય. દોડધામ - શ્રમમાં ઘટાડો જણાય.

કન્યા : દિવસના પ્રારંભથી જ આપે સતત કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવું પડે. જમીન-મકાન-વાહનના કામકાજ થઈ શકે.

તુલા : દેશ-પરદેશના કામમાં, આયાત-નિકાસના કામમાં આપને સાનુકૂળતા મળી રહે. નોકર-ચાકરવર્ગ આપને મદદરૂપ થાય.

વૃશ્ચિક : આપે તન-મન-ધનથી વાહનથી સંભાળીને શાંતિથી દિવસ પસાર કરી લેવો. કૌટુંબિક-પારિવારીક પ્રશ્ને ચિંતા જણાય.

ધન : આપના અગત્યના કામનો ઉકેલ આવવાથી આપને રાહત થતી જાય. મહત્વનાં નિર્ણય લેવાના હોય તો લઈ શકાય.

મકર : આપના કામમાં હરિફવર્ગ - ઈર્ષ્યા કરનારવર્ગની મુશ્કેલી જણાય. કોર્ટ-કચેરીના કામકાજ અંગે દોડધામ-શ્રમ-ખર્ચ જણાય.

કુંભ : આપના રૂકાવટ-વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીમે ધીમે ઉકેલ આવતો જાય. સંતાનના પ્રશ્ને ચિંતા ઓછી થાય.

મીન : આપને કામમાં કોઈને કોઈ રૂકાવટ-મુશ્કેલી રહ્યા કરે. જમીન-મકાન-વાહનના કામકાજમાં સાવધાની રાખવી પડે.

જન્મ તારીખ વર્ષ સંકેત

તા.૨૬/૧૧/૨૦૨૬,ગુરૂવાર

આજથી શરૂ થઈ રહેલું જન્મવર્ષ આપના માટે સારું રહે. **નાણાંકીય સુખાકારી** : નાણાંકીય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહે. આવક જણાય. પરંતુ નફામાં નુકસાન થાય. ઉધાર-ઉછીના આપવામાં સાવધાની રાખવી પડે. **નોકરી-ધંધો** : નોકરી-ધંધાકીય દ્રષ્ટિએ વર્ષ એકંદરે સારું પસાર થાય. આપના કાર્યની સાથે અન્ય કામમાં વ્યસ્ત રહેવાનું બને. ઘર-પરિવાર- સગા-સંબંધીવર્ગ - મિત્રવર્ગના કામકાજ રહે. પરદેશના કામમાં પ્રગતિ જણાય. સીઝનલ ધંધામાં આવક જણાય. **યાત્રા-પ્રવાસ** : યાત્રા-પ્રવાસની દ્રષ્ટિએ વર્ષ સારું રહે. વર્ષ દરમ્યાન કુટુંબ-પરિવાર-મિત્રવર્ગ સાથે યાત્રા-પ્રવાસનું આયોજન થાય. આનંદ માણી શકો. પરદેશ જવાના યોગ ઉભા થાય.

મંત્રમુગ્ધ

- ''આપણી જિંદગી નાની-નાની ક્ષણોથી જ બનેલી છે. એકવાર વીતી ગયેલો સમય ક્યારેય પાછો નથી આવતો. ઘડિયાળનો કાંટો અને તેનો ટક-ટક અવાજ આપણને સતત એ વાતની યાદી કરાવે છે કે, સમય ઝડપથી વહી રહ્યો છે.''
- જ્ઞાન, ભક્તિ અને કર્મયોગના સમન્વયક શિવાનંદ સરસ્વતી
- **-: જીવનમાં સફળ થવા માટેની અત્યંત મહત્ત્વની ૩ બાબતો :-**
૧) પોતાની શક્તિ ને ક્ષમતાઓનું અચૂક જ્ઞાન
૨) અનિશ્ચિત પરિસ્થિતિઓ સામે ઝઝૂમવાનું સાહસ
૩) પોતાના પુરુષાર્થ પર અડગ આત્મવિશ્વાસ
- અમેરિકન ફિલોસોફર અને ઉદ્યોગપતિ ચાર્લ્સ એફ. હાનલ
- ''પેટમાં ભલે થોડું અનાજ સમાઈ શકે એટલી જ જગ્યા હોય પણ છૂપી વાતો સંગ્રહી રાખવામાં આ જ પેટનું ઉંડાણ પાતાળ કરતા પણ વધારે છે ! માણસને પોતાની જાત સિવાય બીજી કોઈપણ વ્યક્તિ સારી રીતે ઓળખી શકતી નથી.''
- પ્રતિભાશાળી નવલકથાકાર વજુ કોટક
- ''સમાજને નૈતિક આચરણયુક્ત બનાવવું, ઘરની સુંદર રીતે ગોઠવણી કરવી, પોતાની કોમળતા, પ્રેમ અને સહનશીલતાથી જીવનની વિષમ અને કઠિન પરિસ્થિતિઓને સરળ, સુખદ અને આનંદમય બનાવવી એ નારીના મુખ્ય કાર્યો છે.'' **- સ્કોટિશ કવિ અને નાટ્યકાર જેમ્સ થોમસન**
- ધીરજ એટલે ઠંડાગાર બની જવું કે મૂલતવીપણું એમ નહીં,
પણ ગણતરીપૂર્વક પોતાની ગતિ ચાલુ રાખવાનું નામ **ધીરજ.**
- ''સચોટ વ્યાખ્યા''

સંકલન : russhabhshahgs@gmail.com

ગુજરાત સમાચાર સુડોકુ



જાહેર નોટિસ

જત જી-અમદાવાદ, તા-ઘાટલોડીયા, મોજે-ઘુમાની સીમના બ્લોક નં-૫૫૯, ટી.પી. સ્કીમ નં-૩ (ઘુમા) ના ફાઈનલ પ્લોટનં-૩૪ ની બિનખેતીની જમીન પર આવેલ "SERENE SPARKLES" નામની યોજનાના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ કોમર્શીયલ યુનિટ નંબર-GF-08 ની 52.59 સમ ચો.મી. (બિલ્ટઅપ એરીયા) ના બાંધકામવાળી મિલકત Shilpaben Ramjibhai Umretiya ની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની હોવાનુ જણાવી સદર મિલકત અંગેના તેઓના ટાઈટલ સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે, જો સદર મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, દાવો, લોન, વાંધો, પિરાણ, વિગેરે કાંઈપણ હોય તો તે અંગેની લેખીત જાણ દિન-૭ (સાત)માં પ્રમાણિત પુરાવા સાથે રજી.એ.ડી. થી કરવી. ત્યારબાદ, કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, વાંધો વિગેરે નથી અને હોય તો તે જતા(વેવ) કરેલ છે તેમ સમજી હું ટાઈટલ સર્ટીફીકેટ આપીશ,જેની નોંધ લેશો.

Girish Vithlani (Advocate)
13, First Floor, Abhinandan Complex, Opp. TRP, Bopal, Ahmedabad.
(M) : 98983 46164

જાહેર નોટિસ

જીલ્લો અમદાવાદ, તાલુકો ઘાટલોડીયા, મોજે બોપલ ની સીમના બ્લોક નં. ૩૩૩ પૈકી ૧૯ (જુના રેકર્ડ મુજબ બ્લોક નં. ૩૩૩, પ્લોટ નં. ૧૯) ની બીનખેતીની જમીન ઉપર આવેલ યુનીટ નં. ૨ (ગ્રાઉન્ડ ફ્લોર) ૨/એ (ફસ્ટ ફ્લોર) બંન્નેનો કુલ મળીને પ્લોટ વિસ્તાર ૧૪૪.૭૨ ચો.વાર તથા બંન્નેનું કુલ મળીને બાધકામ ક્ષેત્રફળ આશરે ૧૫૮ ચો.વાર વાળી મીલકત ભુપેન્દ્રભાઈ બળવંતરાય સ્વામીનારાયણ તથા રાજેન્દ્રભાઈ બળવંતરાય સ્વામીનારાયણ ની સહીયારી માલીકી, કબજા, ભોગવટાની બોજારહીતની આવેલી હોવાનું જણાવી ટાઈટલ ઓપીનીયન સર્ટીફીકેટ માંગેલ છે જેથી મજકુર મીલકતમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો ઈત્યાદી કાંઈ પોસાતો હોયતો નીચેના સરનામે દિન ૭ માં લેખીત પુરાવા સહીત રજી. પોસ્ટથી જાણ કરવી અન્યથા મજકુર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો દાવો ઈત્યાદી કાંઈ પોસાતો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી ટાઈટલ ઓપીનીયન સર્ટીફીકેટ આપવામાં આવશે.

નીલેશ એન. પટેલ, એસોસીએટસ
પરેશા બી. પટેલ (એડવોકેટ)
૫૦૭, પાંચમો માળ, શીવાલીક સત્યમેવ, એસ.પી. રીંગ રોડ, આંબલી, અમદાવાદ.
મો. ૯૦૫૪૬૮૪૧૫૯

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ ડીસ્ટ્રીકટ ધોળકાના ધોળકા તાલુકાના મોજે ચલોડા ગામની સીમનાં નવા બ્લોક/સર્વે નં. ૯૨૮ (જુનો બ્લોક/સર્વે નં. ૮૪૪)ની ૭૬૭૮ ચો.મીટર જુની શરતની ખેતીની જમીન, ધનાજી લક્ષ્મણજી, અશોકજી લક્ષ્મણજી, કીશનજી લક્ષ્મણજી, બેબીબેન જવાનજી, ટીનાજી લક્ષ્મણજી, નંદુબેન લક્ષ્મણજીના દ્વારા તેઓની સ્વતંત્ર માલિકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હોવાનું જણાવી ઉપરોક્ત જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે ઉપરોક્ત જમીન અંગે અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેઓ ઉપરોક્ત જમીન ઉપર કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, બોજો, બાનાખતના હક્કો ધરાવતા હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) ની અંદર દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં નીચેના સરનામે જાણ કરવાની રહેશે, અને જો તેમ કરવામાં કસુર કે વિલંબ થશે તો ઉપરોક્ત જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ ઈશ્યુ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

અમદાવાદ
તા. ૨૬-૧૧-૨૦૨૬

અમીત વી. પટેલ, એડવોકેટ
૯૩, નાલંદા કોમ્પલેક્ષ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. : ૯૫૧૦૧૮૮૫૦૫.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે જત ડીસ્ટ્રીકટ અમદાવાદના તાલુકા ધંધુકાના મોજે હરિપુરાની સીમના રેવન્યુ ખાતા નં. ૩૦૨ ના સર્વે/બ્લોક નંબર-૧૧૪ (જુના રે. સર્વે/બ્લોક નં. ૭૩), હે.આરે.ચો.મી. ૨-૦૧-૭૬, આકાર-૮.૮૫ વાળી જુની શરતની ખેતીની જમીન વાળી મિલ્કત હસમુખભાઈ નાગરભાઈનાઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ કરવા માંગતા હોય અમારા અસીલ મારફત અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદરહુ ઉપરોકત નંબર તથા માપ વાળી ખેતીની જમીન વાળી મિલ્કત અંગે લાગતા વળગતા કોઈપણ વ્યકિત/ઈસમનો, સંસ્થાનો, કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો તકરાર કે ભરણપોષણનો હક્ક દાવો કે ઈઝમેન્ટ રાઈટ પોષાતો હોય કે હરકોઈ પ્રકારના હકકો પોષાતા આવેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં જરુરી અસલ પુરાવા સહિત નીચેના સરનામે લેખિતમાં રજી. એડી.થી જાણ કરવી જો તેમ કરવામાં નહિ આવે તો સદરહુ નંબર વાળી જમીન પરત્વે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, બોજો કે અલાખો નથી અને જો હોય તો તે જતો કરેલ છે યાને વેવ કરેલ છે. તેમ માની સદરહું મિલ્કત અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપી દેવામાં આવશે અને ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ થયા બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ- ૨૫/૧૧/૨૦૨૬

અમારી મારફતે
કલ્પેશ એલ. ત્રાસદિયા
યોગેશ આર. પટેલ
(એડવોકેટસ)
સરનામુ-માવજીપુરા, સરખેજ રેલ્વેસ્ટેશન સામે, નવાવણઝરની બાજુમાં, પોસ્ટ-સરખેજ અમદાવાદ.
મો-૮૯૮૦૯૨૭૯૯૯

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ : અમદાવાદ, તાલુકા : સાણંદના મોજે ગામ: પીંપણની સીમમાં આવેલ (૧) સર્વે/બ્લોક નંબર ૨૭૬/૪ ની ક્ષેત્રફળ ૩૭૪૩ ચો.મી.ની જમીન કે જેનો સમાવેશ સીટી સર્વેમાં થતા તે બદલ ફાળવવામાં આવેલ સીટી સર્વે નંબર NA276/4 ની ક્ષેત્રફળ ૩૭૪૩ ચો.મી.ની જમીન (૨) સર્વે/બ્લોક નંબર ૩૦૭/૧૩ ની ક્ષેત્રફળ ૧૩૧૫ ચો.મી.ની જમીન કે જેનો સમાવેશ સીટી સર્વેમાં થતા તે બદલ ફાળવવામાં આવેલ સીટી સર્વે નંબર NA307/13 ની ક્ષેત્રફળ ૧૩૧૫ ચો.મી.ની જમીન તથા (૩) સર્વે/બ્લોક નંબર ૩૧૦/૯ ની ક્ષેત્રફળ ૫૦૫૯ ચો.મી.ની જમીન કે જેનો સમાવેશ સીટી સર્વેમાં થતા તે બદલ ફાળવવામાં આવેલ સીટી સર્વે નંબર NA310/9 ની ક્ષેત્રફળ ૫૦૫૯ ચો.મી.ની જમીન, એમ મળી કુલ ક્ષેત્રફળ ૧૦૧૧૭ ચો.મી.ની જમીનો (જેને હવે પછી ''સદરહુ જમીનો'' તરીકે સંબોધવામાં આવેલ છે) માં શ્રીનાથજી પ્રોજેક્ટના માલીકીપણા બાબત, અમારા અસીલ દ્વારા અમારી સમક્ષ ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેમનો સદરહુ જમીનોમાં ખોરાકી, પોષાકી, કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, ચાર્જ, બોજો અલાખો કે લિયન ચાર્જ પોષાતો હોય તો તેઓને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તે અંગેના તમામ લેખિત પુરાવા સહીત નીચેના સરનામે રજીસ્ટર્ડ ટપાલ દ્વારા જાણ કરી વાંધો નોધાવવો. જો તેમ કરવામાં નહિ આવેતો સદરહુ જમીનોમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો પોષાતો હોય તો તે જતો યાને કે ''વેઈવ'' કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદરહુ જમીનોનું ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર માન્ય રખાશે નહિ તે જાણવું.

શ્રીનાથ પરીખ
વાડીયા ઘાંડી એન્ડ કું (અમદાવાદ)
(એડવોકેટસ એન્ડ સોલીસીટર્સ)
બ્લોક - બી,૧૨ મો માળ, ઈસ્ટ ફેસ, એસ.પી. રીંગ રોડની પાસે, ઈસ્કોન - આંબલી રોડ, આંબલી,
અમદાવાદ - ૩૮૦૦૫૮
ફોન : (+૯૧) ૮૫૧૧૪૮૪૭૦૦ / ૮૫૧૧૪૯૪૮૦૦

જાહેર નોટિસ

મોજે ઘાટલોડીયાની સીમના સર્વે નં-૧૭ પૈકી ૧, ટી.પી.સ્કીમ નં-૧ ના ફા.પ્લોટ નં-૧૭ની બીનખેતીની જમીન ઉપર પલક કો.ઓ.હા.સો.લી.આવેલ છે કે જે સૌંદર્ય એપાર્ટમેન્ટના નામથી ઓળખાય છે તેમાં આવેલ બીજા માળ નો ફલેટ નંબર-એ/૧૦ ની ૯૫-૩૧ ચો.મી.ની બાંધકામવાલી મીલકત વિનોદભાઈ અંબાલાલ પટેલે તેઓની કુલ સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની કોઈપણ જાતનાં બોજા રહીત આવેલી હોવાનું જણાવીને સદરહુ મીલકત અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે જેથી સદર મીલકત ઉપર જે કોઈ શખ્સનો દરદાવો, અલાખો, લાગભાગ, હકક, હીસ્સો, બોજો, ઈકવી.મોર્ટગેજ કે અન્ય કોઈનો હકક હીસ્સો કે હિત સબંધ કે દર દાવો ધરાવતા હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ (સાત) માં તે અંગેનાં તમામ લેખિત પુરાવા સહીત જનીચેના સરનામે અમોને જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો ઉપરોકત મીલકત ઉપર કોઈનો હકક હીસ્સો વિગેરે કાંઈ નથી અને હશે તો તેવા શખ્સે પોતાનો હકક જતો (વેવ) કર્યો છે તેમ સમજીને ઉપરોકત મુદત વીતે અમો ટાઈટલ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું ત્યારબાદ કોઈનો વાંધો કે તકરાર ચાલશે નહીં. જેની નોંધ લેવી.

તારીખ :-૨૬/૧૧/૨૦૨૬

એન.કે.મોદી,
નંદિની બી.મોદી. એડવોકેટસ
૧૯/૨૦૯, મંગલમુર્તિ એપાર્ટમેન્ટ, નારણપુરા, અમદાવાદ.
(M) ૯૮૨૫૫૫૬૨૩૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે બોજા રહીત આવેલી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે જેથી સદરહુ મિલકત અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેમનો ઉપરોક્ત મિલકતમાં ખોરાકી, પોશાકી કે અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો ચાર્જ કે બોજો કે લિયન ચાર્જ પોષાતા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં નીચેના સરનામે રજી. એ.ડી. દ્વારા લેખિત પુરાવા સહિત જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો ઉપરોક્ત મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદરહુ મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટ ઈશ્યુ કરવામાં આવશે જેની આથી ગંભીર નોંધ લેવી.

તારીખ- ૨૫/૧૧/૨૦૨૬.

હિરેન રાવલ એન્ડ એસોસીએટસ
એડવોકેટસ
વિનીત એચ. રાવલ (એડવોકેટ)
સૃષ્ટિ એચ. રાવલ (એડવોકેટ)
૫૦૬, વિનસ બેનેસીયા, પકવાન-૨ ડાઈનીંગ હોલ પાસે, બોડકદેવ, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૪
ફોન : ૦૭૯ - ૨૬૮૩૮૮૧
મોબાઈલ નંબર - ૯૮૨૪૬ ૪૪૫૪૩

જાહેર નોટિસ

આથી અમો એડવોકેટ નિખીલકુમાર જી. પ્રજાપતિ જાહેર જનતાને તથા લાગતા વળગતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે :- જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર, સબ - ડીસ્ટ્રીકટ ગાંધીનગર ઝોન - ૩ના, ગાંધીનગર તાલુકાના, મોજે વલાદની સીમના સર્વે/બ્લોક નં. ૧૨૯૯ (જુના સર્વે/બ્લોક નં.૫૧૪/૨) ની કુલ ૬૮૮૦ ચો.મી. ખેતીની જમીન, ઠાકોર સવિતાબેન બાદરજીનાએ તેમની કુલ, સંપુર્ણ, સ્વતંત્ર, માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલ જણાવીને અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને તે હેતુ માટે અમારા અસીલે મજકુર જમીન પરત્વેના ઉપરોક્ત માલીકના તમામ રાઈટ્સ, ટાઈટલ્સ, ચોખ્ખે ચોખ્ખા, માર્કેટેબલ અને બોજા મુક્ત હોવા બદલના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટના અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલી છે. તો મજકુર જમીનમાં, અગર તે અંગે, તેના ઉપર જણાવેલા માલીક સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, બોજા, અલોખો, ગણોતહક્ક, ઈઝમેન્ટનો હક્ક કે અન્ય કાંઈપણ રહેલું હોય તો અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી સદરહુ મિલકત અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ હોઈ અમારી પાસે સદરહુ મિલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેમનો ઉપરોક્ત મિલકતમાં ખોરાકી, પોશાકી કે અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો ચાર્જ કે બોજો કે લિયન ચાર્જ પોષાતા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં નીચેના સરનામે રજી. એ.ડી. દ્વારા લેખિત પુરાવા સહિત જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો ઉપરોક્ત મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદરહુ મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટ ઈશ્યુ કરવામાં આવશે જેની આથી ગંભીર નોંધ લેવી.

તારીખ- ૨૫/૧૧/૨૦૨૬.

હિરેન રાવલ એન્ડ એસોસીએટસ
એડવોકેટસ
વિનીત એચ. રાવલ (એડવોકેટ)
સૃષ્ટિ એચ. રાવલ (એડવોકેટ)
૫૦૬, વિનસ બેનેસીયા, પકવાન-૨ ડાઈનીંગ હોલ પાસે, બોડકદેવ, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૪
ફોન : ૦૭૯ - ૨૬૮૩૮૮૧
મોબાઈલ નંબર - ૯૮૨૪૬ ૪૪૫૪૩

જાહેર નોટિસ

ગામ - વલાદ

આથી અમો એડવોકેટ નિખીલકુમાર જી. પ્રજાપતિ જાહેર જનતાને તથા લાગતા વળગતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે :- જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર, સબ - ડીસ્ટ્રીકટ ગાંધીનગર ઝોન - ૩ના, ગાંધીનગર તાલુકાના, મોજે વલાદની સીમના સર્વે/બ્લોક નં. ૧૨૯૯ (જુના સર્વે/બ્લોક નં.૫૧૪/૨) ની કુલ ૬૮૮૦ ચો.મી. ખેતીની જમીન, ઠાકોર સવિતાબેન બાદરજીનાએ તેમની કુલ, સંપુર્ણ, સ્વતંત્ર, માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલ જણાવીને અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને તે હેતુ માટે અમારા અસીલે મજકુર જમીન પરત્વેના ઉપરોક્ત માલીકના તમામ રાઈટ્સ, ટાઈટલ્સ, ચોખ્ખે ચોખ્ખા, માર્કેટેબલ અને બોજા મુક્ત હોવા બદલના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટના અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલી છે. તો મજકુર જમીનમાં, અગર તે અંગે, તેના ઉપર જણાવેલા માલીક સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, બોજા, અલોખો, ગણોતહક્ક, ઈઝમેન્ટનો હક્ક કે અન્ય કાંઈપણ રહેલું હોય તો અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેના દસ્તાવેજી પુરાવાઓની પ્રમાણીત નકલ સહિત, રજી.એ.ડી. થી નીચેના સરનામે લેખીત જાણ કરી તેની ખાત્રી આપવી. (દસ્તાવેજી પુરાવાની પ્રમાણીત નકલ વગર આવેલ વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.) જો તેમ કરવામાં નહીં આવે તો, મજકુર જમીનમાં તેના ઉપર જણાવેલા માલીક સિવાય બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિતસંબંધ, હિસ્સો, બોજા કે અલોખો, ગણોત હક્ક કે ઈઝમેન્ટનો હક્ક વિગેરે કાંઈપણ નથી અને હોય તો તે તમામ જતા કરેલા છે, તેમ સમજી મજકુર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ અંગેનું યોગ્ય સર્ટીફીકેટ આપવામાં આવશે અને તેને આધારે અમારા અસીલ ઉપરોક્ત માલીકને અવેજ ચુકવીને મજકુર જમીનના વેચાણના વ્યવહારો પુર્ણ કરશે અને ત્યારબાદ આ અંગે કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તે નક્કી જાણશો.

અમદાવાદ. તા.૨૫-૧૧-૨૦૨૬

નિખીલકુમાર જી. પ્રજાપતિ
(એડવોકેટ એન્ડ નોટરી)
પ્રજાપતિ એસોસીએટ્સ
૩૧૦ અને ૩૧૧, ગેલેક્ષી બિઝનેશ પાર્ક, ગેલેક્ષી હાઈટ્સ પાસે, કઠવાડા જીઆઈડીસીની સામે, એસ. પી. રીંગ રોડ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦.
મો. ૯૮૭૯૦૪૧૧૨૮

રમેશચંદ્રજી ના વર્ડસ



જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૧૨ (નિકોલ) અને તાલુકે દશકોઈના મોજે-ગામ કુંજાડની સીમમાં આવેલ જુના બ્લોક નંબર-૩૭ પૈકી જેના રી-સર્વે મુજબ નવા બ્લોક નંબર - ૧૧૯૦/૨ ક્ષેત્રફળ ૨૯૧૪ સમચોરસમીટરની જુની શરતની ખેતીની જમીન નરેન્દ્રકુમાર રામાભાઈ પટેલ, ઠેકાણુ : અમદાવાદનાએ તેઓની માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનુ જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદર જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો આવેલ હોય તો દિન-૭ (સાત) ની અંદર પ્રમાણીત પુરાવા સહીત રજી.એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરના વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી) અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઈનો હક્ક, હિત, સબંધ નથી અને હોય તો તે વેવ કરેલ છે તેમ માનીને ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

વિજય વાય. ચૌગુલે, એડવોકેટ
VIJAY Y. CHAUGULE & CO.
૪૨૫ થી ૪૨૮, દેવનંદન મોલ, સન્યાસ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ ૩૮૦૦૦૬
ફોન નં.: ૮૭૦૮૬૪૮૬૪૩

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, શ્રી આશુતોષ ઓચ્છવલાલ શાહ, રહેવાસી- અમદાવાદના તથા શ્રી મયંક કનૈયાલાલ શાહ, રહેવાસી-ગોવાનાઓએ જણાવેલ છે કે, જીલ્લા-મહેસાણા, તાલુકા- અને સબ-ડીસ્ટ્રીકટ-કડીના મોજે લક્ષ્મણપુરા, બાવલુ તથા લ્હોરની કેટલીક જમીનો ઉપર ''શિલ્પગ્રામ-૭'' નામની રહેણાંકની સબ-પ્લોટી

ખોડિયાર આઈસીડીમાં અધિકારીઓનો ત્રાસ

કન્ટેઈનર ક્લિયર પણ નથી કરતાં અને જપ્ત કરીને નવેસરથી મૂલ્યાંકન પણ નથી કરાવતા

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,બુધવાર

અમદાવાદની ખોડિયાર આઈસીડીમાં અધિકારીઓના મનસ્વી વલણને પરિણામે નિકાસકારોના કન્ટેઈનર આઈસીડીના ડેપો પર જ ક્લિયર થયા વિના પડ્યા રહે છે. નિકાસકારોનું કહેવું છે કે કસ્ટમ્સમાં કન્ટેઈનર અને તેમાં મૂકેલા માલનું મૂલ્યાંકન કરવા માટે પહેલા સુપરિન્ટેન્ડન્ટ એસેસમેન્ટ કરી લે છે. કસ્ટમ્સમાં મટિરિયલ મોકલવામાં આવે ત્યારે જ તેનું મૂલ્યાંકન કરીને હાયર ઓથોરિટીને મોકલી આપે તે પછી હાયર ઓથોરિટી ઓડિટ કરે છે. આ રીતે માલને એસેસ કરીને તેનું મૂલ્યાંકન કરી દેવા માટે ક્લિયર થઈ ગયેલો ગણાય છે. ત્યારબાદ કસ્ટમ્સના ક્લિયરિંગ વિભાગે લેટ એક્સપોર્ટ કરી દેવો પડે છે.

નિકાસની વસ્તુના મૂલ્ય અંગે શંકા હોય તો તે માલ જપ્ત કરીને કેસ કરવાનો વિકલ્પનો આશરો લીધા વિના માલ રોકી રાખે છે

તેમ છતાંય ખોડિયાર આઈસીડીના અધિકારીઓ જીએસટી રજિસ્ટ્રેશન નંબરના વેરીફિકેશન માટે દિવસ દરમિયાન તેમના કામ કન્ટેઈનર ક્લિયરિંગના કામ છોડીને નીકળી જાય છે. પરિણામે ખોડિયાર આઈસીડીમાં ક્લિયરિંગ વિના કન્ટેઈનર્સ લાંબા સમય સુધી પડ્યા રહે છે. નિકાસકારો ફોરેનમાં ડિલીવરી કરવાનો સમય ચૂકી જાય તેવી નોબત આવી જાય છે. આ વિલંબ થાય અને કન્ટેઈનર સમયસર વિદેશ ન પહોંચે તો તેમના ઓર્ડર કેન્સલ થઈ જવાની સંભાવના રહેલી છે. આ પરિસ્થિતિ માટે જવાબદાર કોને ગણવા જોઈએ તેવો સવાલ નિકાસકારો ઊઠાવી રહ્યા છે. તેમના આ વલણને કારણે જ નિકાસકારોની હાલાકી વધી રહી છે.

સૌથી વધુ આઘાત જનક બાબત એ છે કે કન્ટેઈનર યાર્ડમાં કન્ટેઈનર ક્લિયર કરવાનું કામ કોઈપણ સંજોગોમાં ન ખોરવાવું જોઈએ તેવી પ્રથા હોવા છતાં ક્લિયરિંગ વિભાગના અધિકારીઓ કોઈ બે ચાર પાર્ટીઓના જીએસટી રજિસ્ટ્રેશન નંબરનું વેરિફિકેશન કરવા માટે બહાર નીકળી જાય છે. તેથી બીજા નિકાસકારોના કન્ટેઈનર્સ ખોરવાઈ રહ્યા છે. કન્ટેઈનર લોડિંગ અને પોર્ટ સુધી કન્ટેઈનર મોકલવાની પ્રક્રિયા ખોરવાઈ જાય છે.

ખોડિયારના અધિકારીઓને નિકાસ માટેના માલના મૂલ્ય અંગે કોઈપણ જાતની શંકા હોય તો તેમને તે માલ જપ્ત કરીને જે તે નિકાસકાર સામે કેસ બનાવીને તેના નવેસરથી મૂલ્યાંકન કરાવવાનો આગ્રહ રાખી શકે છે. પરંતુ કેસ બનાવવો હોય તો કસ્ટમ્સ વેલ્યુએશન રુલ્સ પ્રમાણે કેસ બનાવવો પડે છે. ત્યારબાદ જ નવેસરથી મૂલ્યાંકન કરી શકે છે. તેણે નવેસરથી વેલ્યુએશન કરવા માટે પહેલા કાર્ગો જપ્ત કરવો પડે છે. આ પ્રોસિજર કરવાને બદલે ખોડિયારના અધિકારીઓ કાર્ગોને ૧૫થી ૨૦ દિવસ સુધી અટકાવીને રાખી મૂકે છે. તેથી નિકાસકારોની હાલાકીનો પાર રહેતો નથી.

ખોડિયાર આઈસીડીના કમિશનરને આ અંગે પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે કોઈ ઓછી રકમના એક્સપોર્ટ કરનારને મોટી રકમના એક્સપોર્ટનો ઓર્ડર મળે તો અમે તેની ચકાસણી કરવા માટે આ રીતે કન્ટેઈનર અટકાવતા હોઈએ છીએ.

જોકે તેની સામે નિકાસકારોની દલીલ છે કે નિકાસકારને એકથી દોઢ કરોડનો ઓર્ડર ગમે ત્યારે મળી જાય છે. બીજું, તેમને શંકા હોય તો કારગોને હોલ્ડ પર રાખીને કેસ કરીને નવેસરથી મૂલ્યાંકન કરી શકે છે. પરંતુ તેમ કરવાને બદલે માત્ર કારગોને અટકાવી રાખવામાં આવે છે. નવા નિકાસકારને દબાવવાનું વલણ જોવા મળી રહ્યું છે. તેઓ કેસ કરીને નવેસરથી મૂલ્યાંકન કરવાના અધિકારનો ઉપયોગ કરીને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી શકે છે.કસ્ટમ્સ અધિકારીને લાગે કે માલનું મૂલ્ય વધારે છે તો તેમનો ડ્રો બેક કે આરઓસીટીએલના લાભ હોલ્ડ પર રાખી શકે છે. પરંતુ ખોડિયારના અધિકારીઓ આ કોઈ જ વિકલ્પનો આશરો લેતા નથી.

જેસીબી, હિટાચી લઈને મ્યુનિ.નો કાફલો ત્રાટક્યો

મહમદપુરામાં ૧૬, ફતેહવાડીમાં ૪ રહેણાંક બાંધકામ તોડી પડાયા



અમદાવાદ,બુધવાર

અમદાવાદ શહેરના દક્ષિણ પશ્ચિમ ઝોનના બે વોર્ડમાં મ્યુનિ. કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૨૦ રહેણાંક મકાનો સહિતના બાંધકામ તોડી પાડવામાં આવ્યા છે.

એક જગ્યાએ ૧૨ મીટરનો ટીપી રોડ ખોલાયો, બીજા સ્થળે સ્ટોર્મ વોટરની ડક્ટ લાઈનમાં મકાનો નડતા હતા

અમદાવાદના જોધપુર વોર્ડમાં આવતા મહમદપુરા ગામથી તળાવ જઈને ૩૦ મીટરના આરસીસી રોડને જોડતા ૧૨ મીટર પહોળાઈના ટીપી રોડને ખુલ્લો કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. બે જેસીબી સહિતની મશીનરી વડે એસ્ટેટ વિભાગે રહેણાંક પ્રકારના ૧૬ બાંધકામ તેમજ ૪૦ મીટરની કમ્પાઉન્ડ વોલ તોડી પાડી હતી.

બીજી તરફ મક્તમપુરા વોર્ડમાં ફતેહવાડી કેનાલ પાસે નાળિયા રોડમાં સ્ટોર્મ વોટરની ડક્ટ લાઈન નાંખવાની છે. જેના અલાઈમેન્ટમાં નડતરરૂપ ૪ રહેણાંક બાંધકામો આજે ૧ હિટાચી, ૨ જેસીબી સહિતની મશીનરી દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા. અગાઉ અહીં ૩૩ રહેણાંક, ૩ કમર્શિયલ અને ૪ પ્લિન્થ લેવલના બાંધકામો હટાવવામાં આવ્યા હતા.

સત્સંગ કાર્યક્રમમાં નગ્ન હાલતમાં આવી ડખ્ખો કર્યો

જૂનાગઢના કિન્નર અખાડામાં સાધ્વી પર કુખ્યાત સાધુનો ગદા વડે હુમલો

જૂનાગઢ, બુધવાર

જૂનાગઢના ભવનાથ કિન્નર અખાડા ખાતે ગતરાત્રીના સત્સંગ કાર્યક્રમ ચાલી રહ્યો હતો ત્યારે કુખ્યાત સાધુએ નગ્ન હાલતમાં આવી કિન્નર અખાડાના સાધ્વી અને તેના ગુરૂને ગાળો આપી હતી. બાદમાં ઉશ્કેરાઈ જઈ કિન્નર સાધ્વી પર ગદા વડે હુમલો કર્યો હતો. સેવકો વચ્ચે પડતાં તેને પણ લાકડા વડે માર માર્યો હતો અને ૧.૬૦ લાખ સાથેની ઝોળી અને ધાતુની વીટી લઈ આ સાધુ નાસી ગયો હતો. આ અંગે ફરિયાદ થતા પોલીસે ગુનો દાખલ કરી ફરાર કુખ્યાત સાધુની શોધખોળ શરૂ કરી છે.

બચાવવા વચ્ચે પડેલા અન્ય ત્રણ સેવકોને લાકડું મારી ૩.૧.૬૦ લાખ સાથેની ઝોળી અને વીંટી લઈ ફરાર

જૂનાગઢના ભવનાથમાં કિન્નર અખાડામાં રહેતા અને સેવાપૂજા કરતા ગિરનારીગીરી માતાજી ગુરૂ હરીગીરીજી (ઉ.વ.૩૮) ગત રાત્રે દસેક વાગ્યે કિન્નર અખાડા ખાતે અન્ય કિન્નરો તેમજ સેવકો સાથે ભજન-સત્સંગનો કાર્યક્રમ માણી રહ્યા હતા ત્યારે શિવગીરી ગુરૂ જયદેવગીરી નામનો કુખ્યાત સાધુ તથા અન્ય ત્રણ અજાણ્યા શખ્સો આવ્યા હતા. શિવગીરી નગ્ન હાલતમાં ગદા લઈ ત્યાં આવ્યો હતો. સત્સંગ કાર્યક્રમ ચાલુ હતો ત્યાં જઈ શિવગીરી ગિરનારીગીરી માતાજી પાસે ગયો હતો અને ગાળો બોલવા લાગ્યો હતો. તેને ગાળો બોલવાની ના પાડતા શિવગીરીએ ઉશ્કેરાઈ જઈ તેની પાસે રહેલી ગદા ગિરનારીગીરી માતાજીને માથામાં મારી દીધી હતી.

બુમાબુમ થતા અખાડામાં હાજર સેવકો, સુમીત્રાગીરી માતાજી, પુંજાભાઈ, વિપુલભાઈ રાવત વચ્ચે પડતા શિવગીરી તથા તેની સાથે આવેલા શખ્સો ધુણામાં પડેલા લાકડા ઉપાડી મારવા લાગ્યા હતા, જેમાં સાધ્વી સુમીત્રાગીરી અને પુંજાભાઈને



મુઢ ઈજા થઈ હતી. આ શખ્સોએ ગાળો આપી 'કિન્નરો તમે અખાડાનું અન્નક્ષેત્ર કેમ ચલાવો છો, આ અખાડો બંધ કરી દેજે નહીતર તમો બધાને મારી નાખીશ' એવી ધમકી આપી હતી.

જતા જતા શિવગીરી કાપડની ઝોળીમાં રહેલા ૧.૬૦ લાખ રૂપિયા તથા વિપુલ રાવતના હાથમાં રહેલી ધાતુની વીટી ઝુંટવી ગયો હતો. આસપાસમાંથી અખાડાના માણસો આવતા કોઈએ ૧૧૨ને ફોન કર્યો હતો. એ દરમિયાન આ શખ્સો નાસી ગયા હતા.

સ્વાગત પોર્ટલ પર વિવિધ વિસ્તારોની સમસ્યાઓ

ઓઢવમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા માટેની રજૂઆત કરવામાં આવી

અમદાવાદ,બુધવાર

સરદારનગરમાં જુના રસ્તાઓને ગેરકાયદેસર રીતે સાંકડા કરી રસ્તો બંધ કરી દેવાની બાબત પર અરજી કરાઈ તો ધોળકામાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવા માટે વ્યવસ્થા ઉભી કરવાની માગણી કરાઈ. અન્ય એક માંગણીમાં ઓઢવમાં રહેણાક સોસાયટીમાં સિમેન્ટનું ગોડાઉન ચાલતું હોવાનું તેમજ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની રજૂઆતો પણ અરજીમાં સમાવેશ થયો હતો. અમદાવાદ જિલ્લા કલેકટર કચેરી ખાતે નવેમ્બર મહિનાના સ્વાગત કાર્યક્રમ અંતર્ગત ૧૫૭ જેટલી અરજીઓ રજુ થઈ હતી. જેમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના વિવિધ પ્રશ્નો રજુ કરવામાં આવ્યા હતાં. લોકોની સરકારી તંત્રને લગતી સમસ્યાઓ અને રજૂઆતોના નિવારણ માટે શરુ કરવામાં આવેલ સ્વાગત પોર્ટલ પર અમદાવાદ જિલ્લા કલેકટર કચેરીમાં દર મહિને સરેરાશ ૨૫૦ જેટલી અરજીઓ મળે છે. દિવાળીના તહેવારને કારણે નવેમ્બર મહિનામાં ૧૫૭ જેટલી અરજીઓ નોંધાઈ છે.

અરજીઓમાં સરદારનગરનાં જુના રસ્તાઓને ગેરકાયદેસર રીતે સાંકડા કરી રસ્તો બંધ કરવાનું ધ્યાને આવ્યું

બીજી તરફ સંકલન કાર્યક્રમ અંતર્ગત પણ દર મહિને સરેરાશ ૧૧૦થી ૧૨૦ અરજીઓ મળે છે. જેમાં શહેર વિસ્તારની ૯૪ જેટલી અને ગ્રામ્ય વિસ્તારની ૬૦ જેટલી અરજીઓનો સમાવેશ થાય છે. ઓક્ટોબર મહિનામાં સંકલન કાર્યક્રમ હેઠળ કુલ ૧૫૪ જેટલી અરજીઓ મળી હતી. જિલ્લા કલેક્ટર કચેરીમાં સ્વાગત પોર્ટલ અને સંકલન કાર્યક્રમ લોકો માટે સરકારી તંત્ર સુધી પોતાની રજૂઆત પહોચાડવાનું મહત્વનું માધ્યમ છે ત્યારે જમીન-મિલકતના પ્રશ્નોથી લઈને મહેસૂલ વિભાગ, સરકારી યોજનાઓ, સ્થાનિક સુવિધાઓ અને વહીવટી કામગીરીમાં થતા વિલંબની ફરિયાદો સુધીના વિવિધ મુદ્દાઓ રજુ કરવામાં આવે છે.

સામાન્ય નાગરિકો પોતાની વ્યક્તિગત તેમજ સ્થાનિક સ્તરની સમસ્યાઓના ઉકેલ માટે આવે છે ત્યારે ખાસ કરીને ૩૦ ટકા પ્રશ્નો જમીનમાં રેકોર્ડમાં સુધારા, ૭-૧૨ અને ૮-અના ઉતારા, વારસાઈ નોંધ, સીમાડા વિવાદ, બિનખેતી પરવાનગી અને મિલકતને લગતા પ્રશ્નો વધુ જોવા મળે છે. જ્યારે ૩૦ ટકા જેટલા પ્રશ્નો સરકારી યોજનાઓ અને પેન્શન અને સહાયને લગતા છે. બાકીના ૧૫થી ૫ ટકા પ્રશ્નોમાં રસ્તા પાણી ગટર, મિલકત વિવાદ, જમીન માપણી, સરકારી કચેરીમાં વિલંબ અને વહીવટી ફરિયાદો તેમજ અન્ય પ્રશ્નોનો સમાવેશ થાય છે. સંકલન બેઠકમાં જિલ્લા કક્ષાએ વિવિધ સરકારી વિભાગો વચ્ચે સંકલન સાધીને લોકોના પ્રશ્નો અને વિકાસકાર્યોનો ઉકેલ લાવવા માટે યોજાય છે. જેમાં રસ્તા અને ટ્રાફિક, જમીન અને મહેસૂલ, પીવાનું પાણી, ખેડુતોના પ્રશ્નો, સરકારી યોજનાઓ, શાળા અને આરોગ્ય, દબાણ અને ગેરકાયદેસર બાંધકામ અને વિકાસના પ્રશ્નોનો સમાવેશ થયો હતો.

શનિ-રવિ ૧૨૦રૂપિયા, બાકીના દિવસોમાં રૂ.૧૦૦

ફ્લાવર શોની ટિકિટમાં રૂ.૨૦નો વધારો, અટલ બ્રિજ પરાણે સામેલ

અમદાવાદ, બુધવાર

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા સાબરમતી રિવરફ્રન્ટના કાંઠે આગામી ૧ જાન્યુઆરથી ૧૮ દિવસના ફ્લાવર શોનું આયોજન કરાયું છે. જેની ટિકિટના દરમાં ગત વર્ષની સરખામણીએ રૂ.૨૦નો વધારો કરવામાં આવ્યો છે. જોકે આ વખતે ફ્લાવર શોની સાથે અટલ બ્રિજને પણ પરાણે જોડી દેવામાં આવ્યો છે!

૨૫ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરાશે, ગત વર્ષ કરતા રૂ.સાત કરોડનો વધારો : ૬૦ સ્કલ્પચર તૈયાર કરાશે

અમદાવાદ મ્યુનિ. દ્વારા જાન્યુઆરીના પ્રારંભથી યોજાનારા આ ઈન્ટરનેશનલ ફ્લાવર શોના ટિકિટના દરને આજે મળેલી રિક્રિએશન એન્ડ કલ્ચરલ કમિટીની બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી. ૧૨ વર્ષથી વધુ વયના મુલાકાતીઓ માટે શનિ-રવિની રજામાં રૂ.૧૨૦ અને સોમથી શુક્રવાર માટે રૂ.૧૦૦ ટિકિટના દર નક્કી કરાયા છે. જે ગત વર્ષ ૨૦૨૬ના દર રૂ.૧૦૦ અને ૮૦થી ૨૦ વધારે છે. જોકે અધિકારીઓ દ્વારા રૂ.૧૫૦ અને ૧૨૦ દર સૂચવવામાં આવ્યા હતા. પરંતુ આ દરમાં રૂ.૩૦ અને ૨૦ ઓછા કરવામાં આવ્યા છે. ફ્લાવર શોમાં ગાંધીજીની દાંડી યાત્રા, ઓક્ટોપસ, સરદાર પટેલ, હેરિટેજ દરવાજા, ઐતિહાસિક પોળ, ચબૂતરો, સૂર્ય નમસ્કાર, પંચતંત્ર વગેરે જેવા ૬૦ સ્કલ્પચર તૈયાર કરવામાં આવશે. વ્હેલ માછલીનું ૩૦ મીટર લાંબુ સ્કલ્પચર મુખ્ય આકર્ષણ છે. જેને ગિનિસ બૂકમાં રેકોર્ડ માટે રજૂ કરવામાં આવશે. ફ્લાવર શોમાં ૨૮ ફૂડ સ્ટોલ ઉભા કરાશે.

પાંચ વર્ષના ફ્લાવર શોનો હિસાબ

વર્ષ	મુલાકાતી	ખર્ચ	આવક
૨૦૨૦	૭થી૮લાખ	૨.૭૫	૨.૮૦
૨૦૨૩	૧૧લાખ	૩.૪૦	૩.૯૯
૨૦૨૪	૧૦લાખ	૧૧.૪૪	૨.૨૩
૨૦૨૫	૧૩લાખ	૧૫.૧૦	૧૩.૫૦
૨૦૨૬	૧૧લાખ	૧૭.૦૦	૧૧.૬૭

(નોંધ:આવકઅનેખર્ચનાઆંકડાકરોડમાંછે)

સાબરમતી - હરિદ્વાર સાપ્તાહિક વિશેષ ટ્રેનના ફેરાઓ લંબાવાયા

અમદાવાદ, બુધવાર

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને વધતી માંગને ધ્યાનમાં રાખીને સાબરમતી-હરિદ્વાર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવવામાં આવ્યાં છે. ટ્રેન નં.૦૯૪૨૫ સાબરમતી- હરિદ્વાર સ્પેશિયલ અગાઉ ૨૩ નવેમ્બર સુધી દોડાવવાનું નક્કી કરાયું હતું. જે હવે ૭ ડિસેમ્બર,૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. જ્યારે પરત ફરતી ટ્રેન નં.૦૯૪૨૬ હરિદ્વાર-સાબરમતી સ્પેશિયલ ૮ નવેમ્બર સુધી ફેરાઓ મારશે. આ નિર્ણયથી ગુજરાતથી હરિદ્વાર જવા અને ત્યાંથી પરત ફરવા ઈચ્છતા મુસાફરોને વધુ દિવસો સુધી આ ટ્રેનની સુવિધા મળી રહેશે.

આઈપીઓમાં રોકાણના બહાને લીધેલા રૂ.૧ કરોડ ઓળવી લીધા

રાજકોટ, બુધવાર

ગોંડલ રોડ પરની પંચશીલ સોસાયટી નજીક સ્ટેટસ-ટુ એપાર્ટમેન્ટમાં રહેતા અને ગોંડલ માર્કેટ યાર્ડમાં વછરાજ એન્ટરપ્રાઈઝ નામની પેઢી ધરાવતાં હાર્દિકભાઈ કિશોરભાઈ શિયાણી પાસે આઈપીઓમાં રોકાણના બહાને લીધેલા રૂા. ૧ કરોડ ઓળવી જવા અંગે અમદાવાદમાં રહેતાં મેડર્ટ કંપનીના માલિક રાજકુમાર પટેલ સામે રાજકોટની ઈઓડબલ્યુમાં ફરિયાદ નોંધાઈ છે. ગઈ તા.૧૮ સપ્ટેમ્બરના રોજ રાજ પટેલે આઈપીઓમાં રોકાણ કરવા માટે બે કલાક માટે રૂા.એક કરોડ આપવાનું કહેતાં પોતાની પેઢીના ખાતામાંથી તેની કંપનીના એકાઉન્ટમાં આરટીજીએસથી રૂા.એક કરોડ ટ્રાન્સફર કર્યા હતા.

ગિરનારની લીલી પરિક્રમા વન્યપ્રાણીઓ માટે ઘાતક બની

'નજરકેદ'થી તણાવમાં આવી ગયેલી સિંહણે જન્મેલાં ચારેય બચ્ચાંનાં મોત

જૂનાગઢ,બુધવાર

એશિયાટિક સિંહોનાં સંરક્ષણ અને સંવર્ધનના દાવા કરતું વન તંત્ર જ આજે સાવજો માટે સૌથી મોટું જોખમ બની રહ્યું હોય તેવો ચોંકાવનારો ઘાટ ગિરનારની લીલી પરિક્રમા દરમિયાન સર્જાયો છે. પરિક્રમામાં આવતા લાખો યાત્રિકોની સુરક્ષાના નામે વનતંત્રના ઉચ્ચ અધિકારીઓએ અણઘડ અને અવૈજ્ઞાનિક નિર્ણય લઈ ગિરનારનાં જંગલમાં મુક્તપણે વિહરતા મોટાભાગના સિંહોને આડેધડ પાંજરે પૂરી દીધા હતા. વન વિભાગની આ 'નજરકેદ'ની નીતિએ ચાર નિર્દોષ અને નવજાત સિંહબાળનો ભોગ લીધો હોવાની કમકમાટીભરી વિગતો સામે આવી છે.

લીલી પરિક્રમા પૂર્વે વનતંત્ર દ્વારા ગિરનારના જંગલમાંથી મોટી સંખ્યામાં સિંહોને પકડીને અલગ-અલગ ચાર સ્થળોએ નજરકેદ કરી દેવામાં આવ્યા હતા, જેમાંથી અમુક સિંહોને જૂનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ખાતે ખસેડવામાં આવ્યા હતા. તેમાં બે સગર્ભા સિંહણો પણ સામેલ હતી, જેમની સક્કરબાગ ઝૂમાં પ્રસૂતિ થઈ હતી. કુદરતી વાતાવરણમાંથી બળજબરીપૂર્વક પકડીને પાંજરામાં પૂરી દેવામાં આવતા વન્યપ્રાણીઓ ભારે માનસિક તણાવમાં આવી જતા હોય છે. પ્રસૂતિના અત્યંત નાજુક સમયે સતત તણાવ અને બદલાયેલા વાતાવરણને કારણે એક સિંહણની શારીરિક સ્થિતિ કથળી ગઈ હતી. પરિણામે, આ સિંહણે જન્મ આપેલા ચારેય માસૂમ બચ્ચાઓનું કરૂણ મોત નિપજ્યું છે. હાલ આ માતા સિંહણ અને અન્ય પ્રસૂતા સિંહણ તથા તેના બચ્ચા પણ અત્યંત ગંભીર તણાવ હેઠળ હોવાનું જાણવા મળી રહ્યું છે, જે તેમના જીવ સામે પણ મોટું જોખમ ઊભું કરી રહ્યું છે.

રાજ્યમાં સતત બે વર્ષથી ૩૧ લાખ ટન ડુંગળીનું ઉત્પાદન

ગુજરાતમાં ૬ વર્ષમાં ડુંગળી ઉત્પાદનમાં ૫૫ ટકા વધારો, યાર્ડમાં ધોધમાર આવક

રાજકોટ,બુધવાર

ગુજરાતમાં ઈ.સ.૨૦૨૩-૨૪ સુધી દર વર્ષે ડુંગળીનો સરેરાશ ૨૨થી ૨૩ લાખ ટનનો પાક થતો હતો જે ગત બે વર્ષો દરમિયાન ૩૧ લાખ ટનને પાર થયો છે. છ વર્ષમાં ડુંગળી ઉત્પાદન ૫૫ ટકા વધી ગયું છે અને તેથી વિશેષ ખેડૂતો માટે ઉત્સાહની વાત એ છે કે ગત વર્ષે ડુંગળીના જે ભાવ મળતા તેના કરતા આ વર્ષે સાર્વત્રિક મોંઘવારીના ચક્રમાં ૪ ગણા વધારે મળી રહ્યા છે જેના પગલે સૌરાષ્ટ્રના મુખ્ય કેન્દ્ર રાજકોટ યાર્ડમાં આજે ડુંગળી લાવતા સેંકડો વાહનોની લાંબી કતારો લાગી હતી.

રાજકોટ યાર્ડમાં ૧.૧૦ લાખ મણ બાદ ફરી પાંચ કિમી લાંબી સેંકડો વાહનોની કતારોમાં ડુંગળી ઠલવાઈ, બપોરે ૨થી પરોઢ સુધી આવક!

હજુ ત્રણ દિવસ પહેલા જ રાજકોટ યાર્ડમાં ૧.૧૦ લાખ ડુંગળીની સીઝનની સર્વાધિક આવક નોંધાઈ હતી. ડુંગળીના ભાવ ગત વર્ષે પ્રતિ મણ (૨૦ કિલો)ના આ સમયમાં ઘણા નીચા એટલે કે રૂા.૪૫થી ૧૬૦ હતા જે ચાલુ વર્ષે રૂા.૨૫૦થી ૭૩૫એ પહોંચી ગયા છે. અર્થાત્ ચાર ગણો વધારો થયો છે. જેના પગલે સુકાયેલી લાલ ડુંગળી બજારમાં લાવવાનો ખેડૂતોનો ઉત્સાહ વધ્યો છે. ગુજરાતમાં ડુંગળીની ખેતી મુખ્યત્વે હાલ ચાલી રહેલ શિયાળાની રવિ સીઝનમાં થાય છે અને તદુપરાંત પાણીની સુવિધા હોય ત્યાં ઉનાળામાં પણ આ પાક લેવાય છે. ચાલુ વર્ષે



રાજકોટ જુના શાકભાજી યાર્ડ પાસેના હાઈવે પર ડુંગળી ભરેલા ટ્રકોની લાંબી કતારો લાગી હતી.

આજ સુધીમાં ૨૦ હજાર હેક્ટરમાં વાવેતર થયું છે અને રવિ સીઝનનું સરેરાશ ૮૫ હજાર હેક્ટરમાં વાવેતર થતું હોય છે. ગત રવિ-ઉનાળુ સીઝનમાં પાકેલી અને સુકાયેલી ડુંગળીના ભાવ ઉંચકાતા બજારમાં ઢગલા થવા લાગ્યા છે. આર.ટી.ઓ.કચેરી પાસે આવેલ રાજકોટના જુના શાકભાજી યાર્ડના સૂત્રો અનુસાર આજે બપોરે ટ્રકમાં ટનબંધ ભરેલી ડુંગળીઓ આવવાનું શરુ થયું, મોડી રાત્રિ સુધી આવક ચાલુ છે જે પરોઢ કે સવાર સુધી ચાલુ રહેવાની શક્યતા છે, કારણ કે ડુંગળી ભરેલા ટ્રકોની આશરે પાંચ કિ.મી.લાંબી કતારો લાગી છે.

ગુજરાતમાં ૬ વર્ષમાં ડુંગળીનું વાવેતર અને ઉત્પાદન

વર્ષ	વાવેતર હે.	ઉત્પાદન ટનમાં
૨૦૨૦-૨૧	૬૮,૫૯૯	૨૦,૦૦,૪૬૬
૨૦૨૧-૨૨	૯૯,૫૧૯	૨૭,૩૫,૮૯૧
૨૦૨૨-૨૩	૮૧,૮૫૧	૨૨,૫૧,૬૧૪
૨૦૨૩-૨૪	૭૯,૯૮૮	૨૨,૪૬,૪૮૫
૨૦૨૪-૨૫	૧,૦૪,૪૩૦	૩૧,૫૬,૭૭૭
૨૦૨૫-૨૬	૧,૧૪,૫૪૦	૩૧,૦૭,૫૩૦
છ વર્ષમાં વધારો	૬૬.૯૭ ટકા	૫૫.૩૪ ટકા



રૂપિયો ૬૯ પૈસા ઉછળ્યો : અમેરિકાની ટેરિફ ચીમકીને શેરબજારે ઠેંગો બતાવ્યો

FMCG, બેંકિંગ શેરોમાં તેજી : સેન્સેક્સ ૯ માસની ટોચે

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, બુધવાર

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત, ચાઈના સહિતના દેશો પર ફરી ટેરિફ વધારવાની આપેલી ચીમકીનું સૂરસુરિયું કરી મૂકી ભારતીય શેર બજારોએ આ ચીમકીને ઠેંગો બતાવી આજે તોખાર તેજી કરી મૂકી હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારો-ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોએ શેરોમાં અવિરત ધૂમ ખરીદી કરીને આજે ફરી ઈન્ટ્રા-ડે સેન્સેક્સને ૮૪૪૦૦ની સપાટી અને નિફ્ટીને ૨૫૯૦૦ની સપાટી પાર કરાવી હતી. અમેરિકી ડોલર સામે રૂપિયો આજે ૬૯ પૈસા સુધરીને ૯૨.૨૩ થઈ જતાં અને ક્રુડના ભાવમાં પણ ઘટાડાની પોઝિટીવ અસર બજારમાં જોવાઈ હતી. ટ્રેડિંગની શરૂઆતમાં ફંડોએ આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી ફન્ટલાઈન શેરોમાં આક્રમક ખરીદી સાથે બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં તેજીનું તોફાન મચાવ્યું હતું. આરંભમાં ૨૦૬૨.૨૨ પોઈન્ટની છલાંગે ઉપરમાં ૮૪૪૯૮.૨૧ સુધી પહોંચી ગયો હતો. જે વધ્યામથાળેથી આઈટી શેરોમાં પ્રોફિટ બુકિંગ થતાં અને મેટલ-માઈનીંગ શેરોમાં ટાટા સ્ટીલ પાછળ હેમરિંગે આરંભિક મોટો સુધારો ધોવાતો જોવાયો હતો. પરંતુ ફરી ફંડોએ એફએમસીજી હેવીવેઈટ શેરોમાં આક્રમક તેજી કરતાં અને ફાઈનાન્સ-બેંકિંગ, હેલ્થકેર શેરોમાં તેજીના જોરે સેન્સેક્સ અંતે ૧૫૦૨.૨૯ પોઈન્ટના ઉછાળે ૮૩૯૩૮.૨૮ નવ મહિનાની ઊંચાઈએ બંધ રહ્યો હતો. નિફ્ટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ઉપરમાં ૨૫૯૫૧.૬૫ સુધી ઉછળી અંતે ૪૬૯.૬૦ પોઈન્ટની છલાંગે ૨૫૮૧૯.૨૫ નવ મહિનાની ઊંચાએ બંધ રહ્યો હતો.

સેન્સેક્સ ૧૫૦૨ પોઈન્ટ ઉછળી ૮૩૯૩૮: નિફ્ટી ૨૬૦૦૦ની લગોલગ પહોંચી અંતે

૪૭૦ પોઈન્ટ ઉછળી ૨૫૮૧૯ : FPIs/FIIની રૂ.૪૪૭૯ કરોડની ખરીદી

બેંકેક્સ ૧૨૨૬ ઉછળ્યો

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ફંડોએ આજે અવિરત આક્રમક ખરીદી કરી હતી. આઈસીઆઈસીઆઈ બેંક રૂ.૫૪.૬૦ ઉછળીને રૂ.૧૬૪૦, એચડીએફસી બેંક રૂ.૨૬વધીને રૂ.૮૪૪, એક્સિસ બેંક રૂ.૨૯ વધીને રૂ.૧૪૧૮.૮૫, કોટક મહિન્દ્રા બેંક રૂ.૫.૫૦ વધીને રૂ.૫૦૮.૫૦, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રૂ.૭.૧૦ વધીને રૂ.૧૧૩૮.૨૦રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૧૨૨૬.૪૧ પોઈન્ટની છલાંગે ૭૧૬૩૭.૨૨ બંધ રહ્યો હતો.

હેલ્થકેર શેરોમાં મોટી ખરીદી

હેલ્થકેર-ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓના શેરોમાં પણ ફંડોની આજે છેલ્લા કલાકમાં મોટી ખરીદી થતાં ઝડપી રિકવરી જોવાઈ હતી. કોપરાન રૂ.૨૫.૨૦ ઉછળીને રૂ.૨૯૦.૧૦, બજાજ હેલ્થકેર રૂ.૨૬.૨૫ વધીને રૂ.૩૪૫.૮૫, સનોફી રૂ.૧૦૫.૯૫ વધીને રૂ.૩૪૬૮, મેનકાઈન્ડ રૂ.૬૭.૩૫ વધીને રૂ.૨૬૮૨ રહ્યા હતા. બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્સ ૭૭૬.૪૯ પોઈન્ટ વધીને ૫૩૯૩૩.૫૦ બંધ રહ્યો હતો.

એફએમસીજી શેરોમાં આક્રમક ખરીદી

એફએમસીજી શેરોમાં પણ ફંડોએ આજે આક્રમક ખરીદી કરી હતી. દેશમાં વિવિધ કૃષિ ચીજોના ભાવોમાં તેજીનો સટ્ટો વિખેરાવા લાગતાં અન્ન ફુગાવો અંકુશમાં આવવાની અપેક્ષાએ આજે એફએમસીજી શેરોમાં ફંડોએ સિલેક્ટિવ મોટી ખરીદી કરી હતી. હિન્દુસ્તાન યુનિલિવર રૂ.૧૨૦.૦૫ ઉછળીને રૂ.૨૧૪૧, ડાબર રૂ.૨૯.૫૦ વધીને રૂ.૪૨૯.૧૦, ગોદરેજ કન્ઝયુમર રૂ.૪૯ વધીને રૂ.૯૬૧, બ્રિટાનીયા રૂ.૨૩૯.૯૫ વધીને રૂ.૫૦૭૫, ટાટા કન્ઝયુમર રૂ.૪૯ વધીને રૂ.૧૧૮૪, રહ્યા હતા. બીએસઈ એફએમસીજી ઈન્ડેક્સ ૫૬૭.૭૮ પોઈન્ટની છલાંગે ૧૮૬૬૩.૧૯ બંધ રહ્યો હતો.



સેન્સેક્સ ઈન્ટાડે ૨૦૬૨ પોઈન્ટ ઉછળ્યો

આઈટી શેરોમાં પ્રોફિટ બુકિંગ

વૈશ્વિક એઆઈ-આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંબંધિત કંપનીઓના શેરોમાં કડાકો બોલાઈ જવા સામે આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોમાં આજે આરંભમાં આક્રમક ખરીદી થઈ હતી. જો કે ઉછાળે ઘણા શેરોમાં પ્રોફિટ બુકિંગ થયું હતું. ટીસીએસ રૂ.૫૭.૬૦ વધીને રૂ.૨૫૧૫, ઈન્ફોસીસ રૂ.૨૪.૯૦ વધીને રૂ.૧૧૨૯, એમ્ફેસીસ રૂ.૫૪ વધીને રૂ.૨૫૨૪ રહ્યા હતા. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૨૫૮.૮૪ પોઈન્ટ વધીને ૩૦૩૭૪.૪૦ બંધ રહ્યો હતો.

ઓટો શેરોમાં તેજી

ઓટોમોબાઈલ શેરોમાં આજે ફંડોનું પસંદગીનું વેલ્યુબાઈંગ થયું હતું. અપોલો ટાયર રૂ.૧૬.૨૫ વધીને રૂ.૪૩૭.૧૫, હીરો મોટોકોર્પ રૂ.૨૦૮ વધીને રૂ.૫૭૪૩, આઈશર મોટર્સ રૂ.૧૬૮.૫૦ વધીને રૂ.૮૩૩૦.૫૦, બજાજ ઓટો રૂ.૨૦૧ વધીને રૂ.૧૦,૮૬૦રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૪૦૩.૭૫ પોઈન્ટ વધીને ૬૩૨૫૦.૨૯ બંધ રહ્યો હતો.

ઓઈલ-ગેસ શેરો વધ્યા

ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ ઘટી આવીને બ્રેન્ટના ૯૦.૯૩ ડોલર અને નાયમેક્ષ-ન્યુયોર્ક ક્રુડના ૮૧.૩૪ ડોલર નજીક આવી જતાં અને અમેરિકી ડોલર ૬૯ પૈસા નબળો પડતાં ઓઈલ કંપનીઓને ફાયદો થવાની અપેક્ષાએ ફંડોની શેરોમાં પસંદગીની ખરીદી રહી હતી.

એચપીસીએલ રૂ.૬.૨૦ વધીને રૂ.૩૯૧.૨૦, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ રૂ.૨૦.૧૦ વધીને રૂ.૧૩૭૨.૬૦, આઈઓસી રૂ.૨ વધીને રૂ.૧૪૭.૪૦, બીપીસીએલ રૂ.૩.૨૫ વધીને રૂ.૩૦૬.૪૦ રહ્યા હતા. બીએસઈ ઓઈલ-ગેસ ઈન્ડેક્સ ૧૮૭.૬૮ પોઈન્ટ વધીને ૨૬૬૬૮.૮૯ બંધ રહ્યો હતો.

સ્મોલ કેપ, મિડ કેપ શેરોમાંવેચવાલી

સેન્સેક્સ, નિફ્ટી બેઝડ ફરી તોફાની તેજી સામે સ્મોલ, મિડ કેપ શેરોમાં સાવચેતીમાં વ્યાપક નફારૂપી વેચવાલી રહેતાં માર્કેટબ્રેડથ નેગેટીવ રહી હતી. બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૬૯૦ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા ૧૯૦૧ અને ઘટનારની સંખ્યા ૨૫૪૬ રહી હતી.

DIIની રૂ.૪૦૧૮ કરોડની ખરીદી

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે બુધવારે કેશ સેગ્મેન્ટમાં રૂ.૪૪૭૯.૦૮ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી કરી હતી. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો-ડીઆઈઆઈની પણ આજે રૂ.૪૦૧૮.૭૨ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી રહી હતી.

રોકાણકારોની સંપતિ વધી

સેન્સેક્સ, નિફ્ટી બેઝડ આક્રમક તેજીએ રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન આજે એક દિવસમાં રૂ.૩.૫૦ લાખ કરોડ વધીને રૂ.૫૧૨.૪૮ લાખ કરોડ રહ્યું હતું.

ડોલર સામે રૂપિયો ૬૯ પૈસા વધી આઠ મહિનાની ટોચે: પાઉન્ડ, યુરો ગબડ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,બુધવાર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ વધતા અટકી ઝડપી તૂટી ગયા હતા. શેરબજાર ઉછળતાં કરન્સી બજારમાં આજે રૂપિયા પર પોઝીટીવ ઈમ્પેક્ટ દેખાઈ હતી. ડોલરના ભાવ જે મંગળવારે બંધ બજારે વધી રૂ.૯૩ની ઉપર ગયા હતા તે આજે સવારે રૂ. ૯૨.૭૪ ખુલ્યા પછી ઉંચામાં રૂ.૯૨.૭૮ રહ્યા પછી ભાવ તૂટી નીચામાં રૂ.૯૨.૧૮ થઈ રૂ.૯૨.૨૩ બંધ રહ્યા હતા.

રૂપિયા સામે ડોલરના ભાવ આજે ૬૯ પૈસા ગબડતાં ડોલર સામે રૂપિયો ઝડપી ૦.૭૪ ટકા ઉંચકાયો હતો. ડોલર ગબડતાં આજે રૂપિયો વધી ૮ મહિનાની ટોચે પહોંચ્યો હતો. રૂપિયામાં વર્તમાન નાણાંવર્ષમાં આ પૂર્વે અત્યાર સુધીના ગાળામાં નોંધાયેલો મોટાભાગનો ઘટાડો પૂરાઈ ગયાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. શેરબજારમાં તેજીના પગલે દેશમાં ફોરેન ફંડન ઈન્ફલો વધ્યાની ચર્ચા કરન્સી બજારમાં સંભળાઈ હતી. ડોલરની સપ્લાય વધતાં રૂપિયો ઝડપી ઉંચકાયો હતો.

જો કે વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ફરી ઉંચકાયાના સમાચાર હતા. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ નીચામાં ૧૦૩.૮૧ રહ્યા પછી ઉંચામાં ૧૦૪.૧૦ થઈ ૧૦૪.૦૪ રહ્યાના સમાચાર હતા. અમેરિકામાં બહાર પડનારા ફુગાવાના આંકડાઓ પર બજારની નજર રહી હતી. મુંબઈ બજારમાં રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ ૯૮ પૈસા તૂટી નીચામાં રૂ.૧૦૦.૮૨ થઈ રૂ.૧૦૦.૮૮ બંધ રહ્યા હતા. જાપાનની કરન્સી આજે રૂપિયા સામે ૦.૮૭ ટકા તૂટી હતી ચીનની કરન્સી રૂપિયા સામે ૦.૮૯ ટકા ગબડી હતી. અમેરિકામાં ડિસેમ્બરમાં વ્યાજના દરમાં વૃદ્ધી થવાની શક્યતા જાણકારો બતાવી રહ્યા હતા. જાપાન તથા ઓસ્ટ્રેલિયામાં ફુગાવો વધ્યાના વાવડ મળ્યા હતા. યુરોપમાં પણ ડિસેમ્બરમાં વ્યાજ દર વધશે એવી શક્યતા વિશ્વ બજારમાં ચર્ચાઈ રહી હતી.



ફોરેક્સ ભાવ

ડોલર	રૂા. ૯૨.૨૩
પાઉન્ડ	રૂા. ૧૨૦.૪૨
યુરો	રૂા. ૧૦૦.૮૮
યેન	રૂા. ૦.૫૮
બ્રેન્ટ ક્રૂડ	૯૨.૫૦ ડોલર

રૂપિયામાં વર્તમાન નાણાં વર્ષનો અત્યાર સુધીનો ઘટાડો પૂરાઈ ગયો: જો કે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ફરી ઉંચકાયાના નિર્દેશો

વૈશ્વિક સોનું ફરી ગબડી ૩૫૦૦ ડોલરની અંદર ઉતર્યું

સોનામાં રૂ.૪૦૦૦, ચાંદીમાં રૂ.૮૦૦૦નો કડાકો: પ્લેટીનમ રૂ.૪૬ હજારની અંદર

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,બુધવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં ઉછાળા ઊભરા જેવા નિવડતા ભાવ ફરી ગબડ્યા હતા. વિશ્વ બજાર તૂટતાં તથા ઘરઆંગણે કરન્સી બજારમાં રૂપિયા સામે ડોલરના ભાવ ઝડપી ગબડતાં દેશમાં આયાત થતા સોના-ચાંદીની ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરી હતી તેની અસર ઝવેરી બજારો પર આજે જોવા મળી હતી. વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ ઉંચકાતાં વૈશ્વિક સોનામાં ઉછાળે ફંડો ફરી વેંચવા નિકળ્યા હતા.

જો કે ક્રૂડતેલ ત્રણ મહિનાના તળિયેથી ફરી ઉંચકાયું: સાઉદીમાં ઉત્પાદન ઘટયું: અમેરિકામાં ક્રૂડનો સ્ટોક વધ્યાના નિર્દેશો

વૈશ્વિક સોનાના ભાવ ઔંસના ગબડી નીચામાં આજે ૩૫૦૦ ડોલરની અંદર ઉતરી ગયા હતા. ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૦૦ તૂટ્યા હતા. ચાંદીના ભાવ કિલોના ઝડપી રૂ.૮૦૦૦ ગબડ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ૩૬૨૨ વાળા ઘટી ૩૪૮૫ થઈ ૩૫૨૦થી ૩૫૨૧ ડોલર રહ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ ઔંસના ૪૨.૬૨ વાળા ઘટી ૩૯.૩૦ થઈ ૩૯.૮૪થી ૩૯.૮૫ ડોલર રહ્યા હતા. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે વધી ૧૦૪ની સપાટી પાર કરી ગયાના સમાચાર મળ્યા હતા.

દરમિયાન, અમદાવાદ બજારમાં ચાંદીના ભાવ ગબડી રૂ.૧૪૬૦૦૦ બોલાયા હતા જ્યારે અમદાવાદ સોનાના ભાવ ગબડી ૯૯૫ના રૂ.૧૨૫૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૨૬૦૦૦ બોલાયા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે જીએસટી વગર સોનાના ભાવ રૂ.૪૦૦૦ તૂટી રૂ.૧૨૦૫૫૩ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૨૧૦૩૮ બોલાતા થયા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ આજે જીએસટી વગર રૂ.૭૫૦૦ ગબડી રૂ.૧૪૨૯૪૫ બોલાયા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. મુંબઈ પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામના તૂટી રૂ.૪૬૦૦૦ની અંદર ઉતરી રૂ.૪૫૧૭૫ બોલાયા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ૧૩૨૪ વાળા ઘટી ૧૨૪૦ થઈ ૧૨૪૯થી ૧૨૫૦ ડોલર રહ્યા હતા. વૈશ્વિક પેલેડીયમના ભાવ ઔંસના ૯૦૯ વાળા ૮૪૪ થઈ ૮૫૧થી ૮૫૨ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૧.૦૮ ટકા માઈનસમાં રહ્યા હતા. જો કે વિશ્વ બજારમાં આજે ક્રૂડતેલના ભાવ ૩ મહિનાના તળિયેથી ફરી ઉંચકાયા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલદીઠ ૯૦.૮૩ વાળા વધી ૯૨ થઈ ૯૧.૮૦ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ૮૧.૯૯ વાળા ૮૨.૨૦ થઈ ૮૨.૦૬ ડોલર રહ્યા હતા. સાઉદી અરેબિયામાં ક્રૂડનું ઉત્પાદન ઘટયાના સમાચાર હતા. જોકે અમેરિકામાં ક્રૂડતેલનો સ્ટોક ૧ લાખ ૨૬ હજાર બેરલ્સ વધ્યો હોવાનું અમેરિકન પેટ્રોલિયમ ઈન્સ્ટીટયુટે જણાવ્યું હતું.



ખાંડની ડયૂટી ફ્રી આયાત મુદત ત્રણ મહિના લંબાવી ૩૧મી માર્ચ સુધી કરાઈ

મુંબઈ, તા. ૨૫

દસ લાખ ટન ખાંડની ડયૂટી ફ્રી આયાત મુદત જે ૩૧ ડિસેમ્બરના સમાપ્ત થઈ રહી હતી તેને વધુ ત્રણ મહિના લંબાવી ૩૧મી માર્ચ સુધી કરવામાં આવી છે. ટેરિફ રેટ કવોટા હેઠળ આ છૂટ આપવામાં આવી છે. દેશમાં ખાંડનો પૂરવઠો વધારવાના હેતુ સાથે સરકારે ડયૂટી ફ્રી આયાત છૂટ આપી છે.

ઘરઆંગણે ખાંડનો પૂરવઠો વધારી ભાવને અંકૂશમાં રાખવા સરકારે હાથ ધરેલા સતત પ્રયાસ

શક્તિશાળી અલ નિનોને કારણે વર્તમાન વર્ષનું ચોમાસુ દાયકાનું સૌથી નબળું રહ્યું છે જેને પરિણામે વિશ્વમાં ખાંડના બીજા મોટા ઉત્પાદક ભારતમાં શેરડીનો પાક ઓછો ઊતરવાનો અંદાજ મુકાઈ રહ્યો છે.

ઓકટોબરથી શરૂ થયેલી નવી ખાંડ મોસમ ૨૦૨૬-૨૭માં સરકારે વીસ લાખ ટન સાકરની આયાત કરવાની ફરજ પડી શકે છે. વાર્ષિક ૨.૯૦ કરોડ ટનની માગ સામે વર્તમાન વર્ષમાં ખાંડનું ઉત્પાદન ૨.૭૫થી ૨.૮૦ કરોડ ટન રહેવાનો અંદાજ છે.



ખાંડના મુખ્ય ઉત્પાદક રાજ્યો કર્ણાટક તથા મહારાષ્ટ્રમાં વરસાદની ખાધને કારણે શેરડીની ઉપજ તથા રિકવરી દર પર અસર જોવા મળી રહી છે.

ખાંડના ઉત્પાદનમાં ઘટના કિસ્સામાં ભાવમાં વધારો અટકાવવા સરકાર ખાંડની આયાતને ઉદાર બનાવી રહી છે.

વિશ્વ બજારમાં ખાંડના ભાવ ઘરઆંગણેના ભાવને સમાન આવી ગયા હોવાથી ટ્રેડરો દ્વારા ખાંડની આયાત કરવામાં ખાસ રસ દાખવાતો નહીં હોવાનું પણ બજારના સુત્રોએ જણાવ્યુ હતું.

ભારતમાં કાચી ખાંડની આયાત પડતર પ્રતિ કિલો રૂપિયા ૪૧-૪૨ આસપાસ થવા જાય છે, જે ઘરઆંગણેના ભાવ જેટલી જ છે.

પેટ્રો પ્રોડકટસની નિકાસ વોલ્યુમની દ્રષ્ટિએ ઘટી પરંતુ મૂલ્યમાં વધારો

મુંબઈ, તા. ૨૫

ભારતની પેટ્રોલિયમ પ્રોડકટસની નિકાસ ઓપ્રિલથી ઓકટોબરના ગાળામાં વોલ્યુમની દ્રષ્ટિએ ઘટી છે, પરંતુ મૂલ્યની દ્રષ્ટિએ તેમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. વોલ્યુમની દ્રષ્ટિએ નિકાસ ૧૩ ટકા ઘટી ૩.૨૧ કરોડ ટન રહી છે. ગયા નાણાં વર્ષના સમાન ગાળામાં નિકાસ ૩.૭૧ કરોડ ટન રહી હતી.

પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિને કારણે વૈશ્વિક સ્તરે ઊર્જા પૂરવઠામાં ખલેલ પડતા દેશની રિફાઈનિંગ કંપનીઓએ ઘરઆંગણે માગને પૂરી કરવાનું ફરજ પડતા નિકાસ પર અસર પડી હતી.

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ સાત મહિનામાં ભારતે ૧૩.૪૨ કરોડ ટન પેટ્રોલિયમ પ્રોડકટસનો વપરાશ કર્યો હતો. જો કે આયાત ખોરવાઈ જવાને કારણે એલપીજીના વપરાશમાં ઘટાડો જોવા મળ્યો છે. પેટ્રોલિયમ પ્લાનિંગ અને એનાલિસિસ

પશ્ચિમ એશિયા યુદ્ધને કારણે નિકાસ ખોરવાઈ

વિભાગના ડેટા પ્રમાણે, મૂલ્યની દ્રષ્ટિએ પેટ્રોલિયમ પ્રોડકટસની નિકાસમાં ૪૭ટકા વધારો થઈ ૩૪.૧૦ અબજ ડોલર રહી છે. યુદ્ધને પરિણામે પેટ્રોલિયમ પ્રોડકટસના ભાવમાં આવેલા ઉછાળાને પગલે નિકાસ આવકમાં વધારો થયો હોવાનું વિભાગના સુત્રોએ જણાવ્યુ હતું.

વિશ્વમાં ક્રુડ ઓઈલનું ભારત ત્રીજુ મોટુ આયાતકાર છે. દેશમાં ક્રુડની એકંદર આવશ્યકતામાંથી ૮૫ ટકા આયાત દ્વારા પૂરી કરવામાં આવે છે. નિકાસમાં વૃદ્ધિને કારણે આયાત ખર્ચની અસર ઘટાડવામાં મદદ મળી રહી છે.

વર્તમાન નાણાં વર્ષમાં ભારતમાં રિફાઈન્ડ ઓઈલ પ્રોડકટસનો વપરાશ ૨૫.૦૮ કરોડ ટન રહેવા ધારણાં છે.

Equirus Capital Limited (formerly known as Equirus Capital Private Limited) Tel: [●] E-mail: foodlink.ipo@equirus.com Website: www.equirus.com Investor grievance e-mail: investorgrievance@equirus.com Contact person: Jenny Bajaj/Ankur Jain/Jigar Kavaiya SEBI Registration Number: INM000011286	JM Financial Limited Tel: [●] E-mail: foodlink.ipo@jmfl.com Website: www.jmfl.com Investor Grievance ID: grievance.ibd@jmfl.com Contact person: Prachee Dhuri SEBI Registration Number: INM000010361	MUFG Intime India Private Limited (Formerly Link Intime India Private Limited) Tel: [●] E-mail: foodlink.ipo@in.mpms.mufg.com Website: www.in.mpms.mufg.com Investor grievance e-mail: foodlink.ipo@in.mpms.mufg.com Contact person: Shanti Gopalkrishnan SEBI Registration No.: INR000004058	Bhavagi Shukla 301, Safal Profit, Opp. Sarkar Marg, Sun Fombay Road, Borivali, Mumbai, Maharashtra, India - 400066 Tel: [●] Email: secretarial@foodlink.in Investors may contact our Company Secretary and Compliance Officer, the BRLMs or the Registrar to the Offer in case of any pre-Offer or post-Offer related grievances including non-receipt of letters of Allotment, non-credit of Allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders or non-receipt of funds by electronic mode, etc. For all Offer related queries and for redressal of complaints, investors may also write to the BRLMs.

AVAILABILITY OF THE RHP: Investors are advised to refer to the RHP and the section titled "Risk Factors" on page 32 of the RHP before applying in the Offer. A copy of the RHP shall be available on websites of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e., BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively, the website of the Company at www.foodlink.global and on the website of the BRLMs, i.e. Equirus Capital Limited (formerly known as Equirus Capital Private Limited) at www.equirus.com and www.jmfl.com.

AVAILABILITY OF THE ABRIDGED PROSPECTUS: A copy of the abridged prospectus shall be available on the website of the Company, the BRLMs and the Registrar to the Offer at www.foodlink.global, www.equirus.com, www.jmfl.com and www.in.mpms.mufg.com, respectively.

AVAILABILITY OF BID CUM APPLICATION FORMS: Bid cum Application Forms can be obtained from the Registered and Corporate Office of **FOODLINK F&B HOLDINGS (INDIA) LIMITED**, Tel: [●], **BRLMs**, Equirus Capital Limited (formerly known as Equirus Capital Private Limited), Tel: +91 22 4332 0724 and JM Financial Limited, Tel: +91 22 6630 3030 and the Syndicate Member Equirus Securities Private Limited, Tel: [●] and JM Financial Services Limited, Tel: +91 22 6136 3400 and at the select locations of the Sub-Syndicate Members, SCSBs, Registered Brokers, RTAs and CDPs participating in the Offer. Bid cum Application Forms will also be available on the websites of BSE and NSE and the Designated Branches of SCSBs. Bid cum Application Form is available at websites of the Stock Exchanges and SCSBs.

Sub-Syndicate Members: Ashnoor Global Securities Limited, Anand Rathi Share & Stock Brokers Limited, Axis Capital Limited, Bajaj Financial Securities Limited, Centrum Capital Advisors Limited, Equirus Securities Private Limited, Eureka Stock & Share Broking Services Limited, Globe Capital Market Limited, HDFC Securities Limited, ICICI Securities Limited, IDBI Capital Market Services Limited, IIFL Wealth Management Limited, India Infoline Limited, Keynote Capital Limited, Kotak Securities Limited, LKP Securities Limited, Motilal Oswal Financial Services Limited, Nirmal Bang Equities Private Limited, Nuvama Wealth and Investment Limited, Parksmart Financial Services Limited, Prabhudas Lilladher Private Limited, Prism Paribas Share and Stock Brokers Limited, Religare Securities Limited, RR Equity Brokers - Private Limited, SBICAP Securities Limited, Shreekrishna Limited, SMC Global Securities Limited, Standard Chartered Securities, Tradebulls Securities Private Limited, Trust Securities Limited and YES Securities (India) Limited

Escrow Collection Bank and Refund Bank: HDFC Bank Limited **Public Offer Account Bank:** Axis Bank Limited **Sponsor Banks:** Axis Bank Limited and HDFC Bank Limited

UPI: UPI Bidders can also Bid through UPI Mechanism.

All capitalised terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.

For **FOODLINK F&B HOLDINGS (INDIA) LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
Bhavagi Shukla
Company Secretary and Compliance Officer

Place: Mumbai
Date: November 29, 2026

FOODLINK F&B HOLDINGS (INDIA) LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP dated November 19, 2026 with the RoC, SEBI and the Stock Exchanges. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE, at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.foodlink.global, and on the websites of the Book Running Lead Managers (**BRLMs**), i.e. Equirus Capital Limited (formerly known as Equirus Capital Private Limited) and JM Financial Limited at www.equirus.com and www.jmfl.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see "Risk Factors" on page 32 of the RHP filed with SEBI and the Stock Exchanges. Potential investors should only rely on the DRHP filed with SEBI and the Stock Exchanges for making any investment decision and should instead rely on the RHP for making investment decision.

This announcement does not constitute an offer of securities for sale in any jurisdiction, including the United States, and any securities described in this announcement may not be offered or sold in the United States absent registration under the U.S. Securities Act or an exemption from such registration. Accordingly, the Equity Shares are only being offered and sold outside the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur. Any public offering of securities to be made in the United States will be made by means of a prospectus that may be obtained from the issuer or the selling security holder and that will contain detailed information about the company and management, as well as financial statements. No offering or sale of securities in the United States is contemplated.

ગુજરાત સમાચાર

નરેન્દ્ર-બાલેન્દ્ર જુગલબંધી

કોઈપણ રાષ્ટ્ર પોતાના મિત્રો, વ્યાપારી ભાગીદારો કે વ્યૂહાત્મક સાથીદારોની પસંદગી કરી શકે છે, પરંતુ પડોશી બદલવાનો વિકલ્પ ઇતિહાસ કે ભૂગોળ કોઈને આપતા નથી. વિદેશ નીતિના ગલિયારાઓમાં ઘણીવાર આ પ્રાથમિક સત્ય વિસરાઈ જતું હોય છે. વૈશ્વિક મહાસત્તા બનવાની આકાંક્ષા સેવતા ભારત માટે વોશિંગ્ટન, મોસ્કો કે બ્રસેલ્સમાં તેનું કદ કેટલું મોટું છે તે જેટલું મહત્ત્વનું છે, તેટલું જ મહત્ત્વનું એ પણ છે કે તેના પોતાના આંગણે, અર્થાત્ પાડોશી દેશો સાથે તેના સંબંધોની ગુણવત્તા કેવી છે. નેપાળના વડાપ્રધાન બાલેન્દ્ર શાહની તાજેતરની નવી દિલ્હી મુલાકાતને આ જ વ્યાપક પરિપ્રેક્ષ્યમાં મૂલવવી રહી. આ મુલાકાત માત્ર થોડા સમયથી તણાવગ્રસ્ત રહેલા દ્વિપક્ષીય સંબંધોનું સમારકામ કરવાની તક નથી, પરંતુ ભારતે પોતાના પાડોશમાં કયા સિદ્ધાંતો પર કૂટનીતિ ચલાવવી જોઈએ તેના ગહન આત્મમંથનનો પણ અવસર છે.

સત્તા સંભાળ્યાના આઠ મહિના બાદ, બાલેન્દ્ર શાહની ૨૨ અને ૨૩ નવેમ્બરની આ બે દિવસીય રાજકીય મુલાકાત નેપાળના ઇતિહાસના અત્યંત નિર્ણાયક વળાંક પર થઈ રહી છે. નેપાળની યુવા પેઢીએ પરંપરાગત રાજકીય નેતૃત્વ, ભ્રષ્ટાચાર અને અધૂરી રહેલી આર્થિક આકાંક્ષાઓ સામે પોતાની અધીરાઈ સ્પષ્ટપણે વ્યક્ત કરી દીધી છે. કાઠમંડુના પૂર્વ મેયર રહી ચૂકેલા બાલેન્દ્ર શાહ આજે એક એવી પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે, જેને જૂનાં રાજકીય સમીકરણો કરતાં નક્કર અને માપી શકાય તેવાં પરિણામોમાં વધુ રસ છે. પૂર્વ વડાપ્રધાન કે. પી. શર્મા ઓલીના કાર્યકાળ દરમિયાન બંને દેશો વચ્ચે આવેલી કડવાશ બંને રાષ્ટ્રો માટે બોધપાઠ સમાન હોવી જોઈએ. ઓલીનો બેઈજિંગ તરફનો ઝુકાવ અને સરહદી વિવાદો પરના તેમના આક્રમક વલણે નવી દિલ્હીમાં ભારે અસ્વસ્થતા સર્જી હતી. તાજેતરની મુલાકાતમાંથી અત્યંત પ્રોત્સાહક પરિણામો સામે આવ્યા છે. ઓગસ્ટ મહિનામાં નેપાળમાં ત્રાટકેલા વિનાશક પૂર બાદ ભારતે જાહેર કરેલું ૧૫,૦૦૦ કરોડ રૂપિયાનું વિકાસ સહાય પેકેજ વિશેષ મહત્ત્વ ધરાવે છે.

ભારતની સમયસરની માનવીય સહાયે ભૌગોલિક નિકટતાનું વ્યવહારુ મૂલ્ય સાબિત કર્યું છે. રેલવે નેટવર્ક, પેટ્રોલિયમ પાઇપલાઇન, જળવિદ્યુત માળખું, ડિજિટલ કનેક્ટિવિટી અને નેપાળમાં આઈઆઈટીનું વિદેશી કેમ્પસ સ્થાપવા સહિતનો શૈક્ષણિક સહયોગ આ નવી ભાગીદારીને નક્કર આર્થિક આધાર પૂરો પાડે છે. ગુજરાત માટે આ મુલાકાતની એક જાહેરાત વિશેષ વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે, અને તે છે નેપાળને કંડલા સ્થિત દીનદયાળ બંદરનો ઉપયોગ કરવાની અપાયેલી મંજૂરી. જરૂરી માળખાગત સુવિધાઓ તૈયાર થયા બાદ ઓડિશાના પારાદીપ બંદરની સૂચિત સુવિધા સાથે, આ નિર્ણય ચારેય બાજુથી જમીનથી ઘેરાયેલા નેપાળને આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં મોટી મોકળાશ આપશે. ૨૦૧૫માં ભારત-નેપાળ સરહદ પર થયેલી નાકાબંધી અને પુરવઠા અવરોધથી જન્મેલી કડવાશને ક્યારેય ભૂલવી ન જોઈએ.

નેપાળમાં ચીનની વધતી જતી સક્રિયતા ભારત માટે એક અન્ય ગંભીર પડકાર છે. બેઈજિંગનું માળખાગત રોકાણ અને તેની મહત્ત્વાકાંક્ષી વૈશ્વિક યોજનાઓ સ્વાભાવિક રીતે જ ભારતની રાષ્ટ્રીય સુરક્ષા માટે ચિંતાનો વિષય છે, કારણ કે હિમાલયનો પ્રદેશ આપણી સુરક્ષાની કરોડરજ્જુ છે. તેમ છતાં, ભારતે નેપાળના ચીન સાથેના દરેક વ્યવહારને પોતાના પ્રત્યેની દુશ્મનાવટ તરીકે જોવાની લાલચ ટાળવી પડશે. શાહની મુલાકાતની ઉષ્મા છતાં, કેટલાક અઘરા પ્રશ્નો હજુ પણ અનુત્તર છે. કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરાના સરહદી વિવાદો હજુ ઉકેલાયા નથી. ૧૯૫૦ની શાંતિ અને મિત્રતા સંધિની સમીક્ષા કરવાની નેપાળની ઈચ્છા પણ ગંભીર વિચારણા માંગી લે છે. બંને દેશો દ્વારા સંયુક્ત રીતે રચાયેલા પ્રબુદ્ધ વ્યક્તિઓના જૂથની ભલામણો પર ચર્ચા કરવા પ્રત્યે ભારતીય તંત્રની દેખીતી ઉદાસીનતા એવી છાપ ઊભી કરે છે કે સંવાદ માત્ર ત્યારે જ આવકાર્ય છે જ્યારે તેના નિષ્કર્ષો અનુકૂળ હોય.

નવી દિલ્હી દરેક ભલામણ સ્વીકારવા બંધાયેલું નથી, પરંતુ જે ચિંતાઓને કારણે આ જૂથની રચના થઈ હતી તેના નિવારણ માટે એક વિશ્વસનીય સંસ્થાકીય પ્રક્રિયા તો ઊભી કરવી જ જોઈએ. ૧૯૫૦માં થયેલી સંધિ ૨૦૨૬માં ઊભા થતા દરેક રાજકીય, આર્થિક અને સુરક્ષા પ્રશ્નનો જવાબ આપી શકે તેવી ધારણા રાખવી અવાસ્તવિક છે. ભારત-નેપાળ સંબંધોનું એક અન્ય પાસું જેના પર સૌથી વધુ ધ્યાન આપવાની જરૂર છે, તે છે બંને દેશોનું સહિયારું પર્યાવરણીય ભવિષ્ય. હિમાલયમાંથી નીકળતી નદીઓ ઉત્તર ભારતના કરોડો લોકોનું જીવનપોષણ કરે છે.

જેન-ઝી અને જેન-આલ્ફાની ચિંતા કરનારા અબ્દુલ કલામના જીવનમાંથી બોધપાઠ લે

ઊંઘમાં જુએ તે સપનાં નહીં, તમને ઊંઘવા ન દે તે સપનાં કહેવાય

વિદાય એ જ જાણે જીવનસંદેશ! ૨૦૧૫ની ૨૭મી જુલાઈએ અબ્દુલ કલામ આઈ.આઈ.એમ. શિલોંગનાં વિદ્યાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન આપતા હતા. વ્યાખ્યાન આપતા એકાએક જ તેઓ ઢળી પડ્યા અને તેમનું અવસાન થયું. જીવનની છેલ્લી ક્ષણો સુધી તેઓ વિદ્યાર્થીઓને સંબોધિત કરતા રહ્યા. એમની વિદાય એ પણ એમના ઉત્કૃષ્ટ જીવનની વિશિષ્ટ ઓળખ બની રહી.

આજે આખી દુનિયા જેન-ઝી અને જેન-આલ્ફાની ચિંતા કરે છે. એમાં પણ તાજેતરમાં ચૌદથી ઓગણત્રીસ વર્ષના જેન-ઝીનાં આંદોલનોએ આપણા દેશનાં રાજકારણીઓને એકાએક સફાળા જાગૃત કરી દીધા છે. પોતાની કિશોરાવસ્થામાં જ કોવિડ-૧૯ની મહામારીનો અનુભવ કરનાર જેન-ઝીની ખૂબીઓ અને ખામીઓ વિશે ચોતરફ ચર્ચાઓ ચાલી રહી છે. સોશિયલ મીડિયાનો મોટો પ્રભાવ અનુભવનારી આ પેઢી રાષ્ટ્રના પ્રશ્નો વિશે જાગૃત થઈને આંદોલનો કરી રહી છે.

આપણા પડોશી દેશ નેપાળ અને બાંગ્લાદેશમાં આ પેઢીનાં યુવક-યુવતીઓએ વર્ષોથી ચાલતી રાજસત્તાને ઉખેડીને ફેંકી દીધી છે. એથીયે વિશેષ ચૂંટણીઓમાં વિજય મેળવીને આ યુવાનોએ સત્તાસ્થાને બેસીને શાસનની બાગડોર સંભાળી છે, ત્યારે આપણા દેશમાં અને આખી દુનિયામાં આ યુવાપેઢીની ચિંતા ચાલે છે. આજે જેની ચિંતા સેવીએ છીએ એનો ઉકેલ વર્ષો પહેલાં ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે આપેલો છે.

રાષ્ટ્રપતિ થયા બાદ અબ્દુલ કલામ દેશમાં ખૂબ ઘૂમ્યા અને એમણે જોયું કે આ ઊર્જાને ઊભા થયેલા યુવાનોને જો સવાલ પૂછવાનું કહીએ છીએ, તો તે અચકાય છે. સાવ મૂંગામંતર થઈ જાય છે. એ હકીકત છે કે સવાલ પૂછવા માટે હિંમત એકઠી કરવાની અને પ્રોત્સાહન હોવાની જરૂર છે, પરંતુ એમને લાગ્યું કે સમાજ તરીકે સવાલ ન પૂછવો એ આપણી રીત છે. આથી એમણે બાળકો અને યુવાનોનાં મનમાં રહેલા પ્રશ્નો બહાર લાવવાનો પ્રયત્ન કર્યો. એમને નિર્ભીકતાથી જિજ્ઞાસા પ્રગટ કરવાની મોકળાશ આપી.

તેઓ સામે ચાલીને કહેતા કે, 'મને સવાલો પૂછો, તમારી જિજ્ઞાસાઓ દાબી રાખો નહીં...' અને ત્યાર બાદ યુવાનોની હિંમત એવી ખૂલી ગઈ કે તેઓ આ 'પિપલ્સ પ્રેસિડેન્ટ' (લોકોનાં રાષ્ટ્રપતિ) અબ્દુલ કલામને જુદાં જુદાં સવાલો પૂછવા લાગ્યા. વિજ્ઞાન, ટેકનોલોજી અને અવકાશના સવાલો તો પૂછ્યા, પરંતુ કેટલાકે તો એવા સવાલ પણ પૂછ્યા કે તેઓ શા માટે આટલા લાંબા વાળ રાખે છે અથવા તો તેમણે લગ્ન કેમ કર્યાં નથી?

તેઓ કહેતા કે, 'જીવનમાં માત્ર હુકમને અનુસરો નહીં, તમારે પરિવર્તન લાવવાની પણ જરૂર છે.' અને આ પરિવર્તનનો અણસાર એમને બાળકો અને યુવાનોમાં જોવા મળતો. યુવાવર્ગ સાથે વાતચીત કરવાનું એમને ખૂબ પસંદ પડતું અને રાષ્ટ્રપતિપદ છોડ્યા પછી પણ એ પોતાની આ જાણીતી અને માનીતી ભૂમિકામાં પાછા ફર્યા. દેશ-વિદેશમાં ફરીને વક્તવ્યો આપવાં લાગ્યાં. એ કહેતા કે, 'લાંબી સફરમાં સર્પાકાર રસ્તાઓ ચડતાં ચડતાં કોઈ થોડી વાર



માટે થંભી જાય અને પાછળ નજર નાખે તો તેણે કાપેલા રસ્તા દૂરથી કેવા સરસ લાગે છે, તેનો ખ્યાલ આવે છે.' અદલ એવી જ રીતે મારી જૂની યાદોની મજા લેવા માટે 'વિંગ્ઝ ઓફ ફાયર' પુસ્તક લખ્યું. આ પુસ્તકમાં એમને માટે સ્થળ અને સમય નહીં, બલ્કે પાત્રો મહત્ત્વનાં હતાં.

એ સમયે બાળ અબ્દુલ કલામ રામેશ્વરમમાં આંબલીનાં બીજ એકઠાં કરીને દુકાનદારને વેચતા હતા. બીજા વિશ્વયુદ્ધને કારણે આંબલીના બીજની માંગ અચાનક વધી ગઈ હતી. એમાંથી રોજની એક આના જેટલી કમાણી થતી અને એમનો કમાણી કરવાનો આ પહેલો અનુભવ. વિશ્વ યુદ્ધના સમયમાં રામેશ્વરમ સ્ટેશન પર ટ્રેનનું સ્ટોપ જ બંધ થયું. એમના પિતરાઈ ભાઈ સામસુદ્દીન અખબારોનું વિતરણ કરતા હતા અને હવે સ્ટોપ બંધ થતા ટ્રેનમાંથી અખબારોનું બંડલ નીચે ફેંકવામાં આવતું, ત્યારે અબ્દુલ કલામ એ બંડલ પકડવામાં મદદ કરતા અને આમ આ કામમાંથી એમને થોડું વેતન મળતું હતું.

આવી રીતે દોડાદોડી કરતા રાત્રે કળતર થતું જેને કારણે ઘણાં વર્ષો સુધી એમની પીંડીઓમાં કળતર થતું રહ્યું.

માતાની મધુર સ્મૃતિ એમના ચિત્તમાં સતત જીવનભર રમતી રહી. ચટણી બનાવવા માટે પથ્થર ઉપર કોપરું લસોટતી માતા, ઉકળતા સંભારને કડછાથી હલાવતી માતા, એમને બાજુમાં બેસીને જમવા માટે બોલાવતી માતા આ સઘળી યાદો એમણે એમના ચિત્તમાં જીવનભર સંઘરી રાખી અને વિચાર કરતા હતા કે, 'આ દુનિયામાં કેટકેટલા રૂપે



માતાના દીદાર થાય છે.'

એક વાર પોતાના ભાઈ-બહેન સાથે તેઓ ભોજન કરતા હતા અને એમની માતા અબ્દુલ કલામને રોટલી આપ્યે જતા હતા. એ સમયે ઘઉંનું રેશનિંગ હતું. ભોજન પૂરું થયા બાદ અબ્દુલ કલામના મોટાભાઈએ એમને ખૂણામાં લઈ જઈને ઠપકો આપ્યો, 'કલામ, તને ખબર છે કે શું બની રહ્યું છે? ઘઉંનું રેશનિંગ છે. તું રોટલી ખાધે જતો હતો અને માતા તને આપી જતી હતી. એણે પોતાની બધી રોટલી તને આપી દીધી. તારે એક જવાબદાર પુત્ર તરીકે આ સમજવું જોઈએ અને માતાને ભૂખી ન રખાય.'

આ સાંભળતા જ બાળક અબ્દુલ કલામ દોડીને માતા પાસે ગયા અને એને વળગી પડ્યા. એમણે માતા વિશેનું એક કાવ્ય પણ લખ્યું છે. જેમાં માતાએ કેવી રીતે એના વાત્સલ્ય, સંભાળ અને શ્રદ્ધાથી અબ્દુલ કલામને બળ આપ્યું. વળી બતાવ્યું કે આવી કપરી પરિસ્થિતિમાં પણ માતા-પિતા કઈ રીતે બાળકોની જરૂરિયાતોને ખ્યાલમાં રાખીને એને માટે રસ્તો કરી આપે છે અને એથીયે વધારે તો જીવનમાં મૂલ્યોની જાળવણી શીખવે છે.

૧૯૫૫માં એરોનોટિકલ એન્જિનિયરીંગનો અભ્યાસ કરવા માટે અબ્દુલ કલામે મદ્રાસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી(એમ.આઈ.ટી.)માં પ્રવેશ મેળવ્યો. આ સમયે એમની બહેન ઝોહરાએ એમને પ્રવેશ ફી ભરવા માટે પોતાની સોનાની બંગડીઓ ગીરવે મૂકી હતી. સૌથી પહેલાં યુવાન અબ્દુલ કલામ ભારતીય વાયુસેનામાં પાયલટ બનવાનું વિચારતા હતા. આ માટે આઠ જગાઓ હતી, ત્યારે પસંદગીમાં અબ્દુલ કલામ નવમા નંબરે આવ્યા. તેઓ પાયલટ ન બની શક્યા. આનાથી એમને ભારે નિરાશા થઈ અને એ સમયે એમને એમ લાગ્યું કે આ કારમા આઘાતની કળ ક્યારેય વળશે નહીં, પણ એમણે હિંમત જાળવી રાખી તો એવો અનુભવ થયો કે નિષ્ફળતાના કપરા સમયે સફળતાના બીજા અનેક રસ્તાઓ આપણે માટે ખૂલી જતા હોય છે. ક્યારેક આ નિષ્ફળતા જ આપણને સાચા માર્ગે ધકેલવાનું કામ કરતી હોય છે.

ડો. વિક્રમ સારાભાઈએ ભારતના અવકાશ સંશોધનના કાર્યક્રમમાં ઘણાં વિકાસકાર્યો હાથ ધર્યાં અને અબ્દુલ કલામને સેટેલાઇટ લોન્ચ વેહિકલ (SLV) તૈયાર કરવાનું કહ્યું. સેટેલાઈટને અમુક નિયત કક્ષામાં તરતો મુકવાનું કામ આ SLV કરે છે અને એની કેટલીક જવાબદારીઓ અબ્દુલ કલામને સોંપવામાં આવી હતી. એના દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજીનો વ્યવહારિક ઉપયોગ થવાનો હતો. આ પ્રોજેક્ટને માટે એમણે રાત-દિવસ ખૂબ પુરુષાર્થ કર્યો.

આધુનિક રોકેટશાસ્ત્રનાં પિતા વર્નર વૉન બ્રાઉને એમને એક સુંદર વાત કહી કે, 'આપણી પ્રગતિમાં જેટલો ફાળો આપણી સફળતાનો છે એટલો જ ફાળો નિષ્ફળતાઓનો પણ હોય છે અને વિજ્ઞાન એ ખેલકૂદ નથી, બલ્કે એક ધ્યેયને પાર પાડવાનું હોવાથી એને તમારે વ્યૂહ ઘડવો પડે અને એ માટે સો ટકા સમર્પણ જોઈએ.' આમાં નિષ્ફળતા મળી, પરંતુ ત્યારે ડો. બ્રહ્મપ્રકાશની ઉદારતા અને સમજદારીથી તેઓ આ નિષ્ફળતામાંથી બહાર આવ્યા.

એમણે દેશનાં યુવાનોને સ્વપ્ન આપ્યું કે, 'ઊંઘમાં જુઓ છો તે સ્વપ્નાં નથી, પણ તમને ઉંઘવા ન દે તે સ્વપ્નાં છે.' આવી રીતે દેશનાં બાળકો સાથે પણ એમણે સંવાદ સાધ્યો. પંડિત જવાહરલાલ નહેરુએ બાળકોનો મહિમા કર્યો હતો, પણ અબ્દુલ કલામની રીત જુદી હતી. એમણે ઓછામાં ઓછા લાખેક વિદ્યાર્થીઓનો સંપર્ક કરવાનો નિર્ધાર કર્યો હતો. હજારો વિદ્યાર્થીઓને એમણે સંબોધ્યા હતા અને એ વિદ્યાર્થીઓને એમની શક્તિની સાચી ઓળખાણ આપીને દેશને વિકસિત બનાવવા માટે અનુરોધ કર્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા જ વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થઈ શકે છે એમ દ્રઢપણે માનતા હતા.

અબ્દુલ કલામ દેશના પ્રથમ અવિવાહિત રાષ્ટ્રપતિ હતા અને તેમણે ચુસ્તપણે શાકાહારી આહારનું પાલન કર્યું હતું. એમના જીવનમાં એક પ્રકારની આધ્યાત્મિકતા હતી. તેઓ એમને માટે રાખવામાં આવેલી કદમાં મોટી ખુરશી પર બેસવાનો હંમેશા ઇન્કાર કરતા. એમના પગાર અને બચતમાંથી વ્યક્તિગત સંપત્તિ એકઠી કરવાને બદલે સેવાભાવી ટ્રસ્ટો અને એનજીઓને દાન કરી દેતા. ૨૦૦૭માં રાષ્ટ્રપતિ તરીકેનો એમનો કાર્યકાળ પૂરો થયો, ત્યારે રાષ્ટ્રપતિભવનમાંથી એ જ એક સૂટકેસ લઈને નીકળ્યા હતા જે લઈને તેઓ રાષ્ટ્રપતિભવનમાં આવ્યા હતા. દેશનાં બાળકોની જિજ્ઞાસા અને યુવાનોનાં સ્વપ્નો જગાડનાર અબ્દુલ કલામની મહાનતાની વાત કરીએ તેટલી ઓછી.

એક વાર એમના મિત્ર અરુણ તિવારીએ એમને પૂછ્યું કે, 'એમના જીવનને એકાદ વાક્યમાં વર્ણવવું હોય તો તેઓ કઈ રીતે વર્ણવશે?' 'ખૂબ થોડીક વાર વિચાર્યા બાદ અબ્દુલ કલામે જવાબ આપ્યો કે, 'પ્રેમાળ વાતાવરણમાં ઉછેર, સંઘર્ષ, વધુને વધુ સંઘર્ષ, હારનાં આંસુ અને અંતે ખુશીનાં આંસુ... આ બધું જ ભેગું થઈને જીવનને ખૂબ મધુર અને સંતોષમય બનાવે છે -બિલકુલ પૂનમના ચંદ્ર જેવું.'

મૈને સદા સચ કી લૌ હવાઓં મેં લગાએ રખી, વક્ત લેકિન ઝૂઠ કા દામન હી થામતા રહા.

પ્રસંગકથા

રાવણ મ્હાલે છે અને રામની ઉપેક્ષા થાય છે

મહાભારતના રક્તપાતથી યુધિષ્ઠિરનો આત્મા બેચેન હતો. છેવટે નક્કી કર્યું કે અડસઠ તીર્થની યાત્રાએ જવું. સ્નાન કરીને પાપ ધોવું !

આ માટે ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા માગી. શ્રીકૃષ્ણ પામી ગયા કે યુધિષ્ઠિર સ્થૂળ અને બાહ્ય દ્રષ્ટિથી વિચારે છે, મેલ છે ક્યાંક અને ધોવા માટે જઈ રહ્યા છે બીજે ક્યાંય !

શ્રીકૃષ્ણે રજા તો આપી, પણ સાથોસાથ કહ્યું, 'જુઓ ! અમે રાજકાજના કીચડમાં એવા ફસાયા છીએ કે બહાર નીકળીને જઈ શકીએ એમ નથી, પરંતુ મારી આ વહાલી તૂંબડીને લેતા જાવ. એને તમારી સાથોસાથ અડસઠ તીર્થમાં સ્નાન કરાવીને લેતા આવજો. એમાં ભૂલ ન થાય તે ખાસ જોજો.'

યુધિષ્ઠિર કહે, 'ભલે ! જેવી આપની આજ્ઞા. તમારી આ તૂંબડીને સૌથી પહેલાં બધાં તીર્થોમાં સ્નાન કરાવીશ.'

યુધિષ્ઠિર અડસઠ તીર્થની યાત્રા કરીને પાછા આવ્યા. તૂંબડીને પણ અડસઠે તીર્થમાં સ્નાન કરાવ્યું. શ્રીકૃષ્ણે તૂંબડી હાથમાં લીધી. એનું ચૂર્ણ તૈયાર કરીને સહુને આપ્યું. શ્રીકૃષ્ણની આજ્ઞા હતી એટલે મને-કમને પણ ખાવું પડે. ચૂર્ણ તો કડવું ઝેર જેવું. બધાના મોં બગડી ગયા.

સભાની બદલાયેલી રંગત જોઈને શ્રીકૃષ્ણે કહ્યું, 'અરે ! આમ શું કરો છો ? અડસઠ તીર્થની યાત્રા કરનાર આવી પવિત્ર તૂંબડીનું આવું અપમાન ?'

બધા કહે, 'મહારાજ ! તમારી વાત તો સાચી, પણ તૂંબડી ખૂબ કડવી છે. અમારાથી એનું ચૂર્ણ ગળે ઉતારી શકાતું નથી.'

શ્રીકૃષ્ણ કહે, 'તમે બધા સાવ ખોટું કહો છો. એની અંદરની કડવાશ તો તીર્થાટનથી નીકળી ગઈ છે, પછી એ કડવી કેવી રીતે હોય ? કેમ યુધિષ્ઠિર, તમે તો આને બધાં તીર્થમાં સ્નાન કરાવ્યું છે ને ?'

યુધિષ્ઠિર શ્રીકૃષ્ણની વાતનો મર્મ પામી ગયા.

- આ વાત અમને એટલા માટે યાદ આવી કે આજે દેશમાં ધાર્મિકતાનો જુવાળ જાગ્યો છે. ધર્મગ્રંથોનો મહિમા થઈ રહ્યો છે અને ધર્મસ્થાનો નવી ગરિમા પ્રાપ્ત કરી રહ્યા છે, પણ પ્રશ્ન એ છે કે આ ધાર્મિકતા આપણા સમાજમાં માત્ર ઉત્સવો, મહોત્સવો અને સત્સંગો સુધી જ મર્યાદિત રહી ને ?

શ્રીકૃષ્ણએ કહ્યું હતું કે, 'તૂંબડીને તીર્થાટન કરાવવાથી કે અડસઠ તીર્થોમાં સ્નાન કરાવવાથી કશું વળતું નથી. ધર્મ એ ભીતરની ચીજ છે અને જો ધર્મ માનવીના હૃદયનું પરિવર્તન કરતો હોય તો પછી આ દેશમાં આટલો બધો ભ્રષ્ટાચાર કેમ ? ચોતરફ અનીતિનું વાતાવરણ શા માટે ? રાવણ મોજ કરે છે અને રામની ઉપેક્ષા કેમ ? ધર્મથી જીવન પરિવર્તન થાય તેવું કેમ જોવા મળતું નથી ?

અમેરિકાના AI ક્ષેત્રના પ્રભુત્વને નંબર વન રાખવાના પ્રયાસને સફળતા

દુનિયા ઝૂકતી હૈ, ઝૂકાનેવાલા ચાહિયે એનવિડીયાના જેન્સનથી ટાટાના ચન્દ્રાશેખરન

જે રીતે એનવિડિયા કંપનીએ ફરી લાલ જાજમ બિછાવીને જેન્સન હુઆંગને ફરી સીઈઓ પદે બેસાડ્યા છે તે જોતાં એમ કહી શકાય કે 'દુનિયા ઝુકતી હૈ, ઝુકાનેવાલા ચાહિયે.' જેન્સનનો કેસ એવો ચગ્યો હતો કે તેમના માટે કંપનીના દરવાજા બંધ થઈ ગયા હતા.

એનવિડિયામાંથી તેમની હકાલપટ્ટી અનેક રીતે વાજબી હતી, પરંતુ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે ચાલતી વૈશ્વિક વોરમાં અમેરિકાને ફટકો વાગે એવી સ્થિતિ ઊભી થઈ હતી. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પથી માંડીને ટેસ્લાના ઈલોન મસ્ક અમેરિકાના એઆઈ ક્ષેત્રના પ્રભુત્વને નંબર વન રહેવા દેવા માગે છે.

દરેક કંપનીમાં સીઈઓની ચોક્કસ ઇમેજ હોય છે. તેમની બુદ્ધિમત્તાના જોરે કંપનીની ઈમેજ વધતી હોય છે અને રોકાણકારોને કંપની પર ભરોસો ઊભો થતો હોય છે. જેન્સન હુઆંગની હકાલપટ્ટી સાથે જ એનવિડિયાના શેર્સ તૂટ્યા હતા. સતત ૧૧ દિવસ સુધી કંપનીના શેર્સમાં ગાબડાં ચાલુ રહ્યાં હતાં, પરંતુ જેવા તેમને ફરી સીઈઓ પદે બેસાડાયા તે જ દિવસે દબાયેલા શેર્સમાં મોટો ઉછાળો નોંધાયો હતો. આ સ્થિતિ સાબિત કરે છે કે ક્યારેક કંપની માટે તેના સ્થાપક કે અનુભવી ભઈ ખૂબ જ મહત્ત્વપૂર્ણ હોય છે.

જેન્સન હુઆંગ પરત ફરતાં ભારતના એઆઈ ક્ષેત્રે હાશકારો અનુભવ્યો છે, કેમ કે આ ચિપમેકર કંપની ભારતની એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મહત્ત્વાકાંક્ષાઓનું મુખ્ય કેન્દ્ર બની ગઈ છે. આ એનવિડિયા ચિપમેકર કંપની ભારતની એઆઈ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત મહત્ત્વાકાંક્ષાઓનું મુખ્ય કેન્દ્ર બની ગઈ છે.

ઓપનએઆઈના સેમ ઓલ્ટમેનને નવેમ્બર ૨૦૨૩માં બોર્ડે અચાનક પદ પરથી હટાવી દીધા હતા. પરંતુ લગભગ તમામ કર્મચારીઓના વિરોધ અને રોકાણકારોના દબાણને કારણે માત્ર ૪-૫ દિવસમાં જ તેમને સન્માન સાથે પાછા લાવવા પડ્યા હતા.



સ્ટીવ જોબ્સને ૧૯૮૫માં પોતાની જ કંપની એપલમાંથી બહાર કરી દેવામાં આવ્યા હતા. જ્યારે એપલ દેવાળું ફૂંકવાની અણી પર હતી, ત્યારે ૧૯૯૭માં તેમને પાછા બોલાવવામાં આવ્યા અને તેમણે એપલને વિશ્વની સૌથી મૂલ્યવાન

પ્રસંગપટ

કંપની બનાવી દીધી.

ડિઝનીના સીઈઓ બોબ આઇગરે ૨૦૨૦માં સીઈઓ પદ છોડ્યું હતું, પરંતુ નવેમ્બર ૨૦૨૨માં કંપનીની પરિસ્થિતિ સુધારવા માટે તેમની ફરીથી નિમણૂક કરવામાં આવી હતી.

ભારતની કંપનીઓમાં પણ સીઈઓને ફરી માન આપીને પરત બોલાવાયાના કિસ્સા છે, જેમ કે ઝી એન્ટરટેઈનમેન્ટ લિમિટેડના પુનિત ગોએન્કા વિવાદ અને રાજીનામું. સેબી દ્વારા ફંડના દુરુપયોગના આરોપો હેઠળ પુનિત ગોએન્કા પર લિસ્ટેડ કંપનીઓમાં મહત્ત્વના હોદ્દા પર રહેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત સોની સાથેના મર્જર વિવાદને કારણે પણ તેમના પર દબાણ હતું. સેબીનો આદેશ રદ થયા બાદ, ઓક્ટોબર ૨૦૨૪માં ઝીના બોર્ડે તેમને ફરીથી પાંચ વર્ષ માટે એમડી અને સીઈઓ તરીકે નિયુક્ત કર્યા હતા.

ટાટા સન્સના સાયરસ મિ ીને ૨૦૧૬માં ટાટા સન્સના ચેરમેન પદેથી હટાવાયા બાદ, નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ દ્વારા ૨૦૧૯માં તેમને ફરીથી પદ પર બેસાડવાનો આદેશ અપાયો હતો, જોકે બાદમાં સુપ્રીમ કોર્ટે તે આદેશ રદ કર્યો હતો.

લેટેસ્ટ કેસ ટાટા સન્સના સીઈઓ એન. ચંદ્રશેખરનનો છે. ટાટા સન્સના ચેરમેન દ્વારા ઓગસ્ટ ૨૦૨૬માં રાજીનામાની જાહેરાત કર્યા બાદ સપ્ટેમ્બર ૨૦૨૬માં ટાટા સન્સના બોર્ડે તેમની ફરીથી નિમણૂક કરવાનો ઠરાવ પસાર કર્યો હતો. જોકે, આ નિમણૂકને લઈને ટાટા ટ્રસ્ટ્સ અને ટાટા સન્સના બોર્ડ વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે.

બધાયને ટપી જાય એવો વિવાદ એનવિડિયાના સીઈઓ જેન્સન હુઆંગનો છે. તેમના ચીની મહિલા જાસૂસ સાથેના લગ્નેતર સંબંધો વધુ ખતરનાક સાબિત થયાના આક્ષેપો થયા હતા. અન્ય યુવતીઓ સાથેના તેમના સંબંધો પણ સપાટી પર આવ્યા હતા. તેમની પત્ની છૂટાછેડા લેશે અને વિશ્વમાં સૌથી મોટા સેટલમેન્ટને દાવો કરશે વગેરે સંભાવના વ્યક્ત થઈ હતી.

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે એક તબક્કે એવી શંકા વ્યક્ત કરી હતી કે જેન્સન હુઆંગને ચીન તેમની કંપનીમાં સમાવી લેશે. કહે છેકે કંપનીના દરેક ડાયરેક્ટરને ટ્રમ્પ રૂબરૂ મળ્યા હતા. કોઈ કંપનીના સીઈઓને પાછા સીઈઓ તરીકે નિમવા દેશના પ્રમુખ પોતે પ્રયાસ કરે તેવો આ પહેલો કિસ્સો છે.

કોઈ કંપનીના સીઈઓને પાછા લાવવા માટે દેશના પ્રમુખ પોતે પ્રયાસ કરે તેવો આ પહેલો કિસ્સો છે

ગુજરાતી ઈન્ટરનેશનલ થ્રિલર: ચાઈનાની લાડી ને અમેરિકાનો વર

પાંચ-સાત ગુજરાતી ફિલ્મસાહસિકો હાલોલ હાઈવેના ધાબા પર ભેગા થયા. 'અલ્યા, અર્બન ગુજરાતી ફિલ્મો બહુ બની ગઈ. હવે ગુજરાતી ફિલ્મોને ઈન્ટરનેશનલ લેવલે લઈ જવી જોઈએ. ' એક સાહસિકે જોશમાં આવીને કહ્યું.

'અરે ડાહ્યા... જો આ બાંગ્લાદેશમાં બધું શાંત પડે પછી ત્યાંના એક પ્રોડ્યુસર સાથે મારે ટાઈઅપ કરવાનું જ છે. એમ તો આપણે નાઈજિરિયામાં પણ એક ઓળખાણ નીકળે એવું છે.' બીજા પ્રોડ્યુસરે જરા છાતી ફૂલાવીને કહ્યું.

ત્રીજા પ્રોડ્યુસરે કહે, 'બરાબર છે. હું તો કહું છું નેપાળ, ઇથિઓપિયા, સુદાન, ચીલી બધા દેશોનું આપણે ફિલ્મ ફેડરેશન બનાવો. હોલિવુડવાળાને અબઘડી પાડી દઈએ. '

ચોથા પ્રોડ્યુસરે આઇડિયા આપ્યો. 'લ્યા, આખું વર્લ્ડ હચમચી જાય તેવી સ્ક્રિપ્ટ તો અત્યારે પેલા ચિપવાળાની તૈયાર જ છે. પેલી અમેરિકાની મોટામાં મોટી ચિપ કંપનીનો બોસ ચાઈનાની લેડી

અગડમ્ બગડમ્

બાબા આદમ

જાસૂસની માયાજાળમાં ફસાઈ ગયો તો પછી એણે કંપની છોડી દેવી પડી હતી. એણે જોકે પાછી કંપની જોઈન કરી લીધી, તો પણ આ ખતરનાક ઈન્ટરનેશનલ થ્રિલર સ્ટોરી બને તેમ છે. આખી સ

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

કે જ્યારે સિમાંકન બીલ પસાર કરવા માટે એનડીએને બેતૃતિયાંસ સાંસદોની જરૂર છે. શિયાળુ સત્રમાં આ બીલ રજૂ થઈ શકે એવી શક્યતા છે. જોવાની વાત એ છે કે એપ્રિલ મહિનામા અકાલીદળે લોકસભામાં સિમાંકન બીલનો વિરોધ કર્યો હતો. એ વખતે પક્ષના પ્રમુખ સુખબીર સિંહ બાદલએ કહ્યું હતું કે મહિલા અનામતના નામે સંસદની બેઠકોની સંખ્યા વધારવા સિમાંકન બીલનો પ્રસ્તાવ પંજાબ સાથે ભેદભાવ છે. હવે આ જ શિરોમણી અકાલીદળ સિમાંકન વખતે સરકારને ટેકો આપશે.

કાર્તીગઈ દીપમ વિવાદ : સુપ્રિમ કોર્ટની અવમાનના?

તામિલનાડુના તિરુપરનકુંદ્રમ ખાતે આવેલા સ્તંભ પર દિવો કરવાના મામલે ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. દિપસ્તંભ પર સુપ્રિમ કોર્ટના આદેશ છતા દિવો પ્રગટાવવામાં આવ્યો નહોતો. આ બાબતે વિરોધ પક્ષો તામિલનાડુ સરકાર પર તૂટી પડ્યા છે. એમનું કહેવું છે કે, સુપ્રિમ કોર્ટનો હુકમ હોવા છતાં સરકારે દિપ પ્રાગટ્ય થવા દીધું નથી અને સુપ્રિમ કોર્ટની અવમાનના કરી છે. જોકે તામિલનાડુની સરકારે પોતાના બચાવમાં કહ્યું છે કે, સુપ્રિમ કોર્ટના આદેશનું પાલન થઈ શક્યું નથી. આ આદેશ મદુરાઈના તિરુપરનકુંદ્રમ પહાડો પર દિવો પ્રગટાવવા બાબતે હતો. પહાડ પર એક પથ્થરનો સ્તંભ છે જેને દીપુથન કહેવામાં આવે છે. આ વિવાદીત જગ્યા છે. મદુરાઈના જિલ્લા કલેક્ટર નિશાંત કૃષ્ણન તરફથી હાજર રહેલા વકીલે કહ્યું હતું કે કૃષ્ણનને દિવો પ્રગટવાવાની દેખરેખની જવાબદારી સોંપવામાં આવી હતી. કલેક્ટરે કોર્ટના આદેશનું પાલન કરવાની કોશિષ કરી હતી, પરંતુ મંદિરના સત્તાધિશોએ એમને પરવાનગી આપી નહોતી. સત્તાધિશોનું કહેવું હતું કે આ રીતે દિવો પ્રગટાવવો એ મંદિરની જૂની પરંપરા અને રીતી રિવાજની વિરુદ્ધ હશે.

નહેરુની પ્રતિમા હટાવવાનો વિવાદ

રાજસ્થાનના ગુંડી ખાતે આવેલા આઝાદ પાર્ક સ્થિત નેહરુ ઉદ્યાનમાંથી દેશના પહેલા વડાપ્રધાન પંડીત જવાહરલાલ નહેરુની પ્રતિમા હટાવવાનો વિવાદ હવે સમગ્ર રાજ્યમાં ફેલાયો છે. પ્રતિમા હટાવવા બાબતે કોંગ્રેસના સ્થાનિક નેતાઓ અને કાર્યકરોએ વિરોધ કર્યો હતો. હવે કોંગ્રેસના રાષ્ટ્રીય અને પ્રદેશ કક્ષાના સિનિયર નેતાઓએ પણ આ બાબતે મોરચો ખોલ્યો છે. એઆઈસીસીના મહામંત્રી સચીન પાયલટ, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ગોવિંદ સિંહ ડોટાસરા અને રાજસ્થાન વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા ટીકારામ જુલીએ આ બાબતે તીખી પ્રતિક્રિયા આપી છે. એમણે રાજ્ય સરકાર અને ભાજપની કાર્યશૈલી પર સવાલ કર્યા છે. કોંગ્રેસના નેતાઓએ આ બાબતને દેશના મહાપુરુષોનું સન્માન તેમજ લોકશાહીના મૂલ્યો સાથે જોડીને નહેરૂની પ્રતિમા ફરીથી એજ સ્થળે સ્થાપવાની માંગણી કરી છે.

ટીએમસીના ૨૦ બળવાખોર સાંસદોએ સ્પિકરને જવાબ સોંપ્યો

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં તૃણમુલ કોંગ્રેસની હાર પછી સાયોની ઘોષ અને કાકોલી ઘોષ દસ્તીદાર સહિત ૨૦ જેટલા સાંસદોએ મમતા બેનર્જી સામે બળવો પોકાર્યો હતો. ત્યાર પછી આ બધા સાંસદો નેશનલીસ્ટ સિટિઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (એનસીપીઆઈ) નામના પક્ષ સાથે જોડાઈ ગયા હતા. જોકે રાજકીય નીરિક્ષકોને ખબર હતી જ કે આ બળવાખોરી તેમજ એનસીપીઆઈ સાથેના જોડાણ પાછળ ભાજપની ચાલ છે. એનસીપીઆઈમાં જોડાયા પછી આ તમામ સાંસદોએ લોકસભાના અધ્યક્ષ ઓમ બીરલા પાસે માંગણી કરી હતી કે એમના જૂથને સંસદમાં અલગ પક્ષ તરીકે માન્યતા આપવામાં આવે. આના વિરોધમાં ટીએમસીના મહામંત્રી અભિષેક બેનર્જીએ સ્પિકરને અરજી આપીને આ તમામને સાંસદ તરીકે ગેરલાયક ઠેરવવાની માંગણી કરી હતી. હવે આ તમામ બળવાખોર સાંસદોએ પોતાનો જવાબ સ્પિકરને સોંપ્યો છે.

સૌરવ દાસને લંડન જતા રોકવાથી અભિજીત દિપકે બગડ્યા

કોકરોચ જનતા પાર્ટીના નેતા સૌરવ દાસને દિલ્હી એરપોર્ટ પરથી લંડન જતા રોકવામાં આવ્યા હતા. આ બાબતે સીજેપીના સ્થાપક અભિજીત દિપકે બગડ્યા છે. દેશના હજારો કરોડ રૂપિયા લઈને વિદેશ ભાગી જનાર વિજય માલ્યા, નિરવ મોદી અને મેહુલ ચોકસી જેવા લોકોને સરકાર રોકી શકતી નથી, પરંતુ દેશના અગત્યના મુદ્દાઓ પર આંતરરાષ્ટ્રીય મંચ પરથી બોલનાર યુવાનોને વિદેશ જતા રોકવામાં આવે છે. દેશને આર્થિક નુકસાન કરનારાઓ વિલન દેખાતા નથી, પરંતુ સવાલ પૂછનાર યુવાનોને વિલન ગણવામાં આવે છે. અભિજીત દિપકેએ કહ્યું હતું કે, 'જે રીતે સૌરવ દાસને લંડન જતા રોકવામાં આવ્યા છે એ એક ગંભીર બાબત છે. એમના પાસપોર્ટમાં ખામી હતી તો એમને પહેલા નોટીસ આપવામાં શા માટે નહોતી આવી?'

'પ્રણવ મુખર્જીએ ટીએમસી છોડવાની સલાહ આપી હતી'

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેંદુ અધિકારીએ મોટો ધડાકો કર્યો છે. એમણે કહ્યું છે કે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ એમને તૃણમુલ કોંગ્રેસ (ટીએમસી) છોડીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે જોડાવાની સલાહ આપી હતી. એમણે રાષ્ટ્રપતિ ભવનમાં પ્રણવ મુખર્જી સાથે થયેલી વાતચીતને યાદ કરીને આ વાત કહી હતી. તેઓ એ વખતે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના નજીકના સાથીદાર હતા. ત્યાર પછી અધિકારીએ ટીએમસી છોડી દીધી હતી અને મુખર્જીના મૃત્યુ પછી થોડા મહિનામાં જ એટલે કે ૨૦૨૦માં ભાજપમાં જોડાઈ ગયા હતા. શુભેંદુ અધિકારીએ પ્રણવ મુખર્જીને પોતાના સલાહકાર ગણાવ્યા હતા. પ્રણવ મુખર્જી રાષ્ટ્રપતિ બન્યા પછી પણ અધિકારી એમની સલાહ લઈને જ દરેક કામ કરતા હતા.

ઉમર - શરજીલને જામીન નહી મળતા કયાંક ખુશી કયાંક ગમ

૨૦૨૦ના દિલ્હી રમખાણો ભડકાવવાના આરોપસર જેલવાસ ભોગવી રહેલા ઉમર ખાલીદ અને શરજીલ ઈમામની જામીન અરજી પર કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. થોડા દિવસો પહેલા જ દિલ્હી હાઈકોર્ટે બંનેને જામીન આપવાનો ઈન્કાર કર્યો હતો ત્યાર પછી આ બંને જામીન માટે સુપ્રિમ કોર્ટ ગયા હતા. બંને પક્ષે દલીલ કરી હતી કે સાક્ષીઓ હજી સુધીમાં કોઈ પુરાવા આપી શક્યા નથી. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, જસ્ટીસ જોય માલય બાગચી અને જસ્ટીસ વી મોહનાની બેંચે બંને આરોપીઓને અંતરીમ રાહત આપવાનો વિચાર કરતા પહેલા દિલ્હી પોલીસનો પક્ષ સાંભળવાનો આગ્રહ રાખ્યો હતો. ઉમર ખાલીદ અને શરજીલ ઈમામને જામીન નહીં મળતા આ નિર્ણયની ટીકા કેટલાકે સોશ્યલ મીડિયા પર કરી હતી જ્યારે ઉમર અને શરજીલના ટીકાકારોએ કોર્ટના નિર્ણયને યોગ્ય ગણાવ્યો હતો.

અનંતસિંહની પુત્રીના લગ્નનો શાહી ઠાઠ

- વિવિધ રાજ્યોમાંથી આવેલા ૫૦થી વધુ ઘોડા ૧૨ વિઘાના ટ્રેક પર દોડ્યા
- મહેમાનો માટે ૨૫ લાખથી વધુ રસગુલ્લા બનાવાયા, ૫૦ લાખ ગુલાબ જામુન, તૈયાર કરાયા.
- તમામને ખુલ્લુ આમંત્રણ હોવાથી પાંચ લાખ લોકો પહોંચ્યાના અહેવાલ
- ભોજનમાં ૧૫૦થી વધુ વ્યંજનો તૈયાર કરાયા, ૫૦૦થી વધુ રસોયા રખાયા હતા, ૧૦૦ ફુટ લાંબુ કિચન તૈયાર કરાયું જે નાનુ પડતા બીજા ૧૨ તંબુ લગાવાયા.
- ટેન્કર ભરીને દુધ મંગાવાયું, ૧૦ વિઘા જમીન પર મંડપ બંધાયો.

અનંતસિંહની



(પહેલા પાનાનું ચાલુ)

કાબુ કરવી ભારે પડી જતા અંતે આ સ્પર્ધાને રદ કરી દેવી પડી હતી.

રાત્રે નવ વાગ્યા આસપાસ જાન અનંતસિંહના ઘરે પહોંચી હતી. અનંતસિંહે પોતાના થનારા જમાઈને ત્રણથી ચાર કરોડની કાર ભેટમાં આપવાની જાહેરાત કરી હતી. તાજેતરમાં જ અનંતસિંહને જદ(યુ) દ્વારા પક્ષમાંથી કાઢી મુકાયા હતા. તેમની સામે અનેક કેસો ચાલી રહ્યા છે.

SBI ભારતીય સ્ટેટ બેંક

Institute of Infrastructure, Technology, Research And Management (IITRAM)
(An Autonomous University established by Goverment of Gujarat)
Nr. Khokhra Cirlce, Maninagar (E), Ahmedabad- 380 026

Advertisement for Non-Teaching Posts

The Institute invites applications from the eligible candidates on Deputation basis for the post of **(1) Deputy Registrar (one) and (2) Assistant Registrar (one)**. The detailed advertisement is available on Institute website http://www.iitram.ac.in. The last date for submission of online application is **24 Dec 2026** and last date of submission of duly signed hard copy of application along with supporting documents is **31 Dec 2026**.

Advt-05/2026 Date 25 Nov 2026 **Registrar**

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

ભારતનાં દાવામાં યુવા વસ્તી અને સ્પોર્ટ્સમાં વધતી વૈશ્વિક ભાગીદારી કેન્દ્ર સ્થાને

આજથી ૨૦૩૬ના ઓલિમ્પિકની દાવેદારી કરનારા દેશો ઓનલાઈન પ્રેઝન્ટેશન કરશે

નવી દિલ્હી, તા. ૨૫

વર્ષ ૨૦૩૬માં યોજાનારી ઓલિમ્પિક્સની યજમાની મેળવવા માટે ભારતે પોતાની દાવેદારી વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્ત્વનું પગલું ભર્યું છે. ભારત આવતીકાલે સ્વિટ્ઝર્લેન્ડના લુસાને ખાતે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC)ની ફ્યુચર હોસ્ટ કમિશન સમક્ષ ૨૦૩૬ ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક્સ યોજવા માટેનો પોતાનો પ્રસ્તાવ ઓનલાઈન પ્રેઝન્ટેશન દ્વારા કરશે. ભારતની આ મહત્ત્વાકાંક્ષી યોજનાનું કેન્દ્ર ગુજરાતનું અમદાવાદ શહેર છે. જો ભારતને યજમાની મળે તો દેશના રમતગમતના ઈતિહાસમાં તે એક નવો અધ્યાય બની શકે છે.

મુખ્ય ધ્યેયની વાત

ભારતે પોતાની ઓલિમ્પિક યજમાનીની ઈચ્છા ઓક્ટોબર ૨૦૨૪માં સત્તાવાર રીતે IOC સમક્ષ વ્યક્ત કરી હતી. ત્યારથી ભારતીય ઓલિમ્પિક એસોસિયેશન (IOA), કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર આ દિશામાં તૈયારી કરી રહ્યાં છે. હવે આ પ્રક્રિયા નિર્ણાયક તબક્કા તરફ આગળ વધી રહી છે.

કાલના પ્રેઝન્ટેશનમાં અને તે પછીની રજૂઆતમાં ભારતના યુવાનોની શક્તિ, દેશની સાંસ્કૃતિક વિવિધતા, રમતગમતમાં વધતી જતી ભાગીદારી અને વૈશ્વિક સ્તરે ભારતની ભૂમિકા કેન્દ્ર સ્થાને હશે. ભારતના પ્રતિનિધિઓ એમ



જણાવશે કે છેલ્લા કેટલાક વર્ષોમાં અમદાવાદ કે જ્યાં સંભવિત ઓલિમ્પિક માટેની તૈયારી થઈ રહી છે તેનાં સહીત ભારતમાં અન્ય શહેરોમાં સફળતાથી આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ્સ થયા છે અને ૨૦૩૦ની કોમનવેલ્થ સ્પર્ધા પણ અમદાવાદમાં યોજાનાર છે.

ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીએ ૨૦૩૬ની ઓલિમ્પિક્સની યજમાનીમાં રસ ધરાવતા સાત દેશોને પોતાની યોજનાઓ રજૂ કરવા આમંત્રણ આપ્યું છે. તેમાં ભારત ઉપરાંત જર્મની, હંગેરી, કતાર, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા અને તુર્કિયેનો સમાવેશ થાય છે.

આ દેશો હવે IOCની ફ્યુચર હોસ્ટ કમિશન સમક્ષ પોતપોતાની યોજનાઓ અને ક્ષમતાઓ રજૂ કરશે.

યજમાનનો માપદંડ

આ વખતે માત્ર ભવ્ય સ્ટેડિયમ કે રમતગમતનાં મેદાનો પૂરતાં નહીં ગણાય. IOC યજમાન દેશની નાણાકીય ક્ષમતા, આંતરરાષ્ટ્રીય રમતવીરો માટેની સુવિધાઓ, રાજકીય અને જાહેર સમર્થન, આયોજન કરવાની ક્ષમતા તથા ઓલિમ્પિક્સ પછી તે શહેર અને દેશને મળનારા લાંબા ગાળાના લાભોનું પણ મૂલ્યાંકન કરશે.

IOCના જણાવ્યા અનુસાર, નવેમ્બર ૨૦૨૬ની રજૂઆતો બાદ માર્ચ ૨૦૨૭ સુધીમાં પ્રાથમિક શક્યતાનું મૂલ્યાંકન કરવામાં આવશે. ત્યારબાદ પસંદગીની પ્રક્રિયા આગળ વધશે. ડિસેમ્બર ૨૦૨૮માં પસંદગીના યજમાન ઉમેદવારો સાથે અંતિમ તબક્કાની ચર્ચા શરૂ થવાની છે અને ૨૦૩૬ના ઓલિમ્પિક યજમાનની પસંદગી ૨૦૨૯ના મધ્યમાં IOCના સભ્યો દ્વારા મતદાનથી કરવામાં આવશે.

યુવા વસ્તીનો મુદ્દો

આવતીકાલની રજૂઆતમાં ભારતીય ઓલિમ્પિક એસોસિયેશનનાં પ્રમુખ પી.ટી. ઉષા, IOCનાં સભ્ય નીતા અંબાણી તેમજ કેન્દ્ર અને ગુજરાત સરકારના પ્રતિનિધિઓ સામેલ થવાની અપેક્ષા છે.

ભારત તરફથી એ વાત પર ભાર મુકવામાં આવશે કે વિશ્વની સૌથી મોટી યુવા વસતી ધરાવતા દેશોમાંના એક ભારતમાં ઓલિમ્પિક્સનું આયોજન થવાથી રમતગમતને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈ મળી શકે છે.

નજીકના હરિફો

ભારત માટે આ સ્પર્ધા સરળ નથી. ખાસ કરીને કતારને આ દાવેદારીમાં મહત્ત્વના સ્પર્ધક તરીકે જોવામાં આવે છે. ઓક્ટોબરમાં બ્રિટિશ અખબાર 'ધ ગાર્ડિયન'ના અહેવાલમાં કતારને દાવેદારોમાં આગળ ગણાવવામાં આવ્યું હતું, જ્યારે ભારત અને હંગેરીને નોંધપાત્ર સ્પર્ધક તરીકે દર્શાવવામાં આવ્યા હતા.

કતાર પાસે આંતરરાષ્ટ્રીય રમતોત્સવોના આયોજનનો અનુભવ અને આધુનિક રમતગમતનું માળખું છે. જોકે, ત્યાં ઉનાળાની ભારે ગરમીને કારણે ઓલિમ્પિક્સના પરંપરાગત જુલાઈ-ઓગસ્ટ સમયગાળામાં આયોજન કરવું પડકારરૂપ બની શકે છે.

હંગેરીની દરખાસ્તમાં બુડાપેસ્ટ ઉપરાંત વિયેના અને બ્રાતિસ્લાવિયાને પણ જોડવાની સંભાવના અંગે ચર્ચા થઈ છે. દક્ષિણ આફ્રિકા આફ્રિકા ખંડમાં પ્રથમ વખત ઓલિમ્પિક્સ યોજવાની સંભાવના રજૂ કરી રહ્યું છે. જર્મની, દક્ષિણ કોરિયા અને તુર્કિયે પણ પોતાની યોજનાઓ સાથે મેદાનમાં છે.

આંતરિક પડકારો

ભારતની ઓલિમ્પિક યજમાનીની મહત્ત્વાકાંક્ષા વચ્ચે કેટલાક આંતરિક પડકારો પણ સામે આવ્યા છે. ખાસ કરીને ભારતીય ઓલિમ્પિક એસોસિયેશનના વહીવટ અને ચૂંટણી પ્રક્રિયાને લઈને વિવાદો થયા છે. નવેમ્બર મહિનામાં IOCએ IOAમાં ફરી ઊભા થયેલા મતભેદો અને ચૂંટણી પ્રક્રિયાને લગતા વિવાદો અંગે નારાજગી વ્યક્ત કરી હતી. IOCએ જણાવ્યું હતું કે આવા વિવાદો ભારતમાં ઓલિમ્પિક ચળવળની કામગીરી અને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી શકે છે. ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશનની આવતા મહિને યોજાનાર ચૂંટણીમાં વર્તમાન પ્રમુખ પી. ટી. ઉષા ફરી પ્રમુખ ન બને તેથી જે દબાણ અને રાજકારણ સર્જાયું તેનાં લીધે તેમણે ઉમેદવારી નથી નોંધાવી. પી ટી ઉષાએ આ રાજકારણ અંગે ફરિયાદ કરતો પત્ર પણ IOC ના વડા કોવેન્ટ્રીને લખ્યો છે જે ભારતની ઈમેજને વધુ ખરડી ચુક્યો છે.

૨૦૩૬ના ઓલિમ્પિકના યજમાનની જાહેરાત IOC ૨૦૨૯ની મધ્યમાં કરશે : કતાર ભારતનું સૌથી મજબૂત હરીફ : ભારતને રમતના એસોસિયેશનોની ચૂંટણીમાં જોવા મળતું રાજકારણ નડી શકે છે

ન્યુઝીલેન્ડે ક્રાઈસ્ટચર્ચમાં ફાસ્ટરોને મદદગાર પીચ બનાવી

ટીમ ઈન્ડિયા બીજી ટેસ્ટની ઈલેવનમાં સિરાજ અને જાડેજાનો સમાવેશ કરે તેવી શક્યતા

ક્રાઈસ્ટચર્ચ, તા.૨૫

પ્રથમ ટેસ્ટ મેચમાં હાઈસ્કોરિંગ ડ્રો પરિણામ બાદ ન્યુઝીલેન્ડે તારીખ ૨૭મી નવેમ્બર ને શુક્રવારથી ક્રાઈસ્ટચર્ચમાં શરૂ થઈ રહેલી શ્રેણીની બીજી ટેસ્ટ માટે ફાસ્ટ બોલરોને મદદગાર સાબિત થાય તેવી પીચ તૈયાર કરાવી છે. પ્રથમ ટેસ્ટના પરિણામ બાદ ભારતીય ટીમ મેનેજમેન્ટ ટીમ ઈન્ડિયામાં સિરાજ અને જાડેજાને ફરી સામેલ કરે તેવી શક્યતા પણ પ્રબળ બની રહી છે. ખાસ કરીને પ્રસિધ કિશ્નાના સ્થાને સિરાજ અને સુંદરના સ્થાને જાડેજાને તક આપવામાં આવવી જોઈએ તેમ ચાહકો ઈચ્છી રહ્યા છે.

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની શ્રેણીની બીજી અને આખરી ટેસ્ટ મેચનો ભારતીય સમય પ્રમાણે આવતીકાલે મધરાત બાદ એટલે ૨૭મી નવેમ્બરે પરોઢે ૩.૩૦થી પ્રારંભ થવા જઈ રહ્યો છે. ટીમ ઈન્ડિયાએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પ્રવેશવા તરફ આગેકૂચ કરવા માટે બીજી ટેસ્ટની સાથે શ્રેણી જીતવી જરુરી છે. ન્યુઝીલેન્ડ પણ ડબલ્યુટીસીની ફાઈનલ માટેની દાવેદારી મજબુત કરવા માટે જીતવા ઝઝૂમશે.

બોલિંગ કોમ્બિનેશનમાં ફેરફારની આશા

કેપ્ટન ગિલ અને કોચ ગંભીરની જોડીએ ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટની ટીમમાં સિરાજ અને જાડેજા જેવા અનુભવી ખેલાડીઓને ઈલેવનમાં ન સમાવતા વિવાદ સર્જાયો હતો. બહોળો અનુભવ ધરાવતા સુપરસ્ટાર ખેલાડીઓ





મેચનું પાસું પલ્ટી નાંખવા માટે સક્ષમ છે. યુવા ફાસ્ટર ગુરનૂર પણ કમાલ કરી છે. ત્યારે ભારતે બીજી ટેસ્ટ માટેની ટીમમાં પ્રસીધ કિશ્ના અને કંબોજની જગ્યાએ સિરાજ અને ગુરનૂરને તક આપવી જોઈએ તેવી માગ ઉઠવા પામી છે. સુંદરના સ્થાને ઓલરાઉન્ડર જાડેજા પણ ટીમમાં સ્થાન મેળવવા માટેનો પ્રબળ દાવેદાર છે.

ફાસ્ટરોને પીચમાથી મુવમેન્ટ મળશે

ન્યુઝીલેન્ડનો ટેસ્ટ પ્રવાસ અગાઉના વર્ષોમાં પડકારજનક મનાતો હતો અને તેમાં ય તેમની ફાસ્ટ બોલરોને અનુકૂળ પીચો ઉપખંડના બેટ્સમેનો માટે પરેશાનીનું કારણ બનતી. જોકે વેલિંગ્ટન ટેસ્ટની હાઈસ્કોરિંગ ડ્રો મેચ બાદ યજમાન દેશે તેના ફાસ્ટરોને અનુકૂળ બને તેવી પીચ ક્રાઈસ્ટચર્ચમાં તૈયાર કરાવી હોવાનું મનાય છે. સ્થાનિક રિપોર્ટ અનુસાર ક્રાઈસ્ટચર્ચમાં ફાસ્ટ બોલરોને પીચમાંથી મુવમેન્ટ-બાઉન્સ મળશે અને તેના કારણે શરૂઆતમાં આ પીચ પર બેટિંગ કરવી પડકારરુપ બની રહેશે. જોકે વાતાવરણ સૂર્યપ્રકાશવાળુ અને સ્વચ્છ રહેવાની અપેક્ષા છે, જેના કારણે જેમ જેમ ટેસ્ટ આગળ વધશે તેમ તેમ પીચ બેટિંગ માટે અનુકૂળ બનશે. આવી સ્થિતિમાં ટોસ જીતનારી ટીમ પ્રથમ ફિલ્ડિંગ જ પસંદ કરે તેવી શક્યતા છે.

ભારત (સંભવિત) : કે.એલ. રાહુલ, જયસ્વાલ, પડિક્કલ, ગિલ (કેપ્ટન), પંત (વિ.કી.), જાડેજા, જુરેલ, આકાશ દીપ, ગુરનૂર, સિરાજ અને બુમરાહ.

ન્યુઝીલેન્ડ (સંભવિત) : લાથમ (કેપ્ટન), કોન્વે, નિકોલ્સ, રચિન, મિચેલ, ફિલિપ્સ, બ્લન્ડેલ (વિ.કી.), નેથન સ્મિથ, હેનરી, જેમીસન, ડફી.

આજે મધરાત બાદ શુક્રવારે પરોઢે ૩.૩૦થી ટેસ્ટ શરૂ થશે ટીમ ઈન્ડિયાને ન્યુઝીલેન્ડમાં ઐતિહાસિક સફળતાની આશા

બુમરાહ ટેસ્ટ બોલર્સમાં સંયુક્તપણે બીજા ક્રમે

દુબઈ, તા.૨૪

ભારતના ફાસ્ટ બોલર બુમરાહે આઇસીસી ટેસ્ટ બોલર્સ રેન્કિંગમાં ત્રણ સ્થાનના સુધારા સાથે સંયુક્તપણે બીજું સ્થાન હાંસલ કરી લીધું છે. તે અને ઈંગ્લેન્ડનો રોબિન્સન હાલ બરોબરીએ છે. જ્યારે ઓસ્ટ્રેલિયાના સ્ટાર્ક ટોચના ક્રમે છે. રબાડા પણ બે સ્થાનના સુધારા સાથે છઠ્ઠા ક્રમે પહોંચ્યો છે. ટેસ્ટ બેટ્સમેનોમાં પંત એક સ્થાનના સુધારા સાથે છઠ્ઠા, ગિલ ત્રણ સ્થાનના સુધારા સાથે સાતમા અને જયસ્વાલ પાંચ સ્થાનના સુધારા સાથે નવમા ક્રમે આવી પહોંચ્યો છે. ફિલિપ્સ કેરિયર બેસ્ટ ૧૭માં અને નિકોલ્સ ૩૦માં ક્રમે છે.

દિલ્હીમાં ૨૦૨૮માં થોમસ-ઉબેર કપ યોજાશે

નવી દિલ્હી, તા.૨૫

આંતરરાષ્ટ્રીય બેડમિંટનમાં વર્લ્ડ ચેમ્પિયનશિપ જેટલું મહત્વ ધરાવતો થોમસ અને ઉબેર કપ વર્ષ ૨૦૨૮માં નવી દિલ્હી ખાતે યોજાવાનો છે. થોમસ કપમાં વિશ્વની પુરુષ ટીમો અને ઉબેર કપમાં મહિલા ટીમો ભાગ લે છે. થોમસ અને ઉબેર કપમાં ૨૪-૨૪ ટીમ વચ્ચે સ્પર્ધા જોવા મળશે. આ ઉપરાંત ભારતમાં ૨૦૨૭ની ઓલિમ્પિક સ્ટાઈલની વર્લ્ડ ચેમ્પિયનશિપ પણ રમાશે. ઓલિમ્પિક બેડમિંટનમાં જે પ્રકારે ગ્રૂપ સ્ટેજ બાદ નોકઆઉટ રાઉન્ડ શરૂ થતો હોય છે, તેવું વર્લ્ડ ચેમ્પિયનશિપમાં પણ જોવા મળશે.

ઈન ફોર્મ વૈભવ સૂર્યવંશી પર બધાની નજર

આજે ઈન્ડિયા-એ અને શ્રીલંકા-એ વચ્ચે રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપની સેમિ ફાઈનલ

દોહા,તા.૨૫

આજે તિલક વર્માની આગેવાની હેઠળની ઈન્ડિયા-એ ટીમ રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપની સેમિ ફાઈનલમાં શ્રીલંકા-એ સામે ટકરાશે. વૈભવ સૂર્યવંશીની ૨૮ છગ્ગા અને સાત ચોગ્ગા સાથેની ૫૩ બોલમાં ૨૦૪ રનની ઈનિંગને સહારે ટીમ ઈન્ડિયાએ યુએઈ સામે યાદગાર જીત હાંસલ કરી હતી. હવે સેમિ ફાઈનલમાં પણ ચાહકોને વૈભવની વધુ એક આક્રમક ઈનિંગની આશા છે. જ્યારે ટુર્નામેન્ટમાં ગ્રૂપ સ્ટેજની તમામ ત્રણેય મેચ જીતી ચૂકેલા શ્રીલંકા-એ ને વધુ એક વિજય સાથે આગેચૂકની આશા છે.

ટીમ ઈન્ડિયા રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપમાં ૨૦૧૩માં ચેમ્પિયન બની હતી. જોકે ત્યાર બાદ ભારત ૨૦૧૮ અને ૨૦૨૩માં રનરઅપ બન્યું હતુ. આ વખતે સુપરસ્ટાર્સની હાજરીના કારણે ઈન્ડિયા-એ ટીમ ખિતાબ જીતવા માટેના દાવેદારોમાં સામેલ છે.

ભારતીય ટીમે નેપાળ અને યુએઈ સામે વિજય મેળવ્યા હતા. જોકે ટીમને પાકિસ્તાન-એ સામેની ગ્રૂપ સ્ટેજની મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. તિલક વર્માની આગેવાની હેઠળની ટીમને





બપોરે ૩.૩૦થી વન ડે શરૂ થશે શ્રીલંકા હજુ એક પણ મેચ હાર્યું નથી

બોલરોના દેખાવમાં સુધારાની આશા છે. જ્યારે ટીમની બેટિંગ લાઈનઅપ ઘણી મજબૂત જોવા મળી રહી છે. વૈભવની સાથે અભિષેક શર્મા, તિલક, રિન્કુ, પ્રભસિરમન, કુમાર કુશાગ્ર, તેમજ સૂર્યાંશ શેડ્ગે અને શાહબાઝ અહમદ પણ મેચનું પાંસું પલ્ટી નાંખી શકે તેમ છે.

શ્રીલંકાની ટીમ લસિથા ક્રૂસપૂલ, મદુષ્કા તેમજ કેપ્ટન રત્નાયકેએ પ્રભાવ પાડ્યો છે. લિયાનાગે, નિપુન ધનંજયા પણ અસરકારક દેખાવ કરી ચૂક્યા છે. ટીમમાં સમરાકૂન, હીનાતિગાલા જેવા ખેલાડીઓ પણ મેચ પર પોતાની છાપ છોડી જાય તેમ છે.

ઈન્ડિયા-એ અને શ્રીલંકા-એ વચ્ચે જુન મહિનામાં જ ત્રણ લિસ્ટ-એ મેચની શ્રેણી રમાઈ હતી, જેમાં ભારતીય ટીમ ૨-૧થી શ્રેણી વિજેતા બની હતી. હવે ભારતીય ટીમ આ પ્રભાવશાળી રેકોર્ડ આગળ ધપાવવા માટે પ્રયાસ કરશે.

૧૬મી ડિસેમ્બરે ગોવામાં મિની હરાજી યોજાશે

આઇપીએલમાં ખાલી પડેલા ૬૬ સ્થાન માટે ૧,૨૨૦ ક્રિકેટરો હરાજીમાં ઉતરવા તૈયાર

નવી દિલ્હી, તા.૨૫

આઇપીએલની ફ્રેન્ચાઈઝીઓમાં કુલ મળીને ખાલી પડેલા ૬૬ સ્થાન ભરવા માટે યોજાનારી હરાજીમાં સ્થાન મેળવવા માટે વિશ્વભરના ૧,૨૨૦ ક્રિકેટરોએ પોતાના નામ નોંધાવ્યા છે.

આઇપીએલે તો હાલમાં તમામ ખેલાડીઓની યાદી ફ્રેન્ચાઈઝીઓને મોકલી આપી છે, તેઓ જે ખેલાડીઓમાં રસ દાખવશે તેની એક અલગ યાદી તૈયાર થશે અને તેટલા જ ખેલાડી ખરેખર હરાજીમાં મુકાશે. આ વખતે આઇપીએલની મિની હરાજી તારીખ ૧૬મી ડિસેમ્બરે ગોવામાં યોજાવાની છે.

ભારતને અંડર-૧૯ એશિયા કપમાં પાકિસ્તાન સામે રોમાંચક વિજય અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવનારા વિરેન્દ્ર સેહવાગના પુત્ર આર્યવીર તેમજ સૌરાષ્ટ્રના ઓલરાઉન્ડર મોહિત ઉલ્વા અને ગુજરાતના ફાસ્ટ બોલર કાવ્ય પટેલને પણ પ્રાથમિક યાદીમાં રૂપિયા ૩૦-૩૦ લાખની બેઝપ્રાઈઝ સાથે સ્થાન આપવામાં આવ્યું છે.



સેહવાગના પુત્ર આર્યવીરની સાથે સૌરાષ્ટ્રના મોહિત ઉલ્વા તેમજ ગુજરાતના કાવ્ય પટેલનો પણ પ્રાથમિક યાદીમાં સમાવેશ

બે કરોડની બેઝ પ્રાઈઝમાં ૨૯ ખેલાડી

સ્ટોક્સની સાથે વોર્નર, દીપક ચાહર, મિચેલ, કોન્વે, રચિન, નોર્ટજે, કોઈત્ઝી, પથિરાના, હસારંગા તેમજ હોપ અને હેટમાયર સહિતના કુલ ૨૯ ખેલાડીઓની બેઝપ્રાઈઝ બે કરોડ રુપિયા નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત ૧.૫ કરોડ, ૧.૨૫ કરોડ અને એક કરોડની બેઝપ્રાઈઝના બ્રેકેટમાં આંતરરાષ્ટ્રીય ખેલાડીઓને સમાવાયા છે. હરાજીમાં ફ્રેન્ચાઈઝી કુલ મળીને ૨૫ જ વિદેશી ખેલાડીને ખરીદી શકે તેમ છે.

જ્યારે તેની સામે ૨૮૧ ખેલાડીનુ રજિસ્ટ્રેશન થયું છે.

૧૭ દેશોના ખેલાડીઓને આઇપીએલમાં રસ

વિવિધ ૧૭ દેશોના ખેલાડીઓએ આઇપીએલમાં કરારબદ્ધ થવા માટે હરાજીમાં રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જેમાં સૌથી વધુ ૫૩ ખેલાડી ઓસ્ટ્રેલિયાના અને ૪૦ ખેલાડી સાઉથ આફ્રિકાના છે. વિન્ડિઝના ૩૬, ન્યુઝીલેન્ડના ૨૫, અફઘાનિસ્તાનના ૨૩, શ્રીલંકાના ૨૧, ઈંગ્લેન્ડના ૧૬, બાંગ્લાદેશના ૧૨ તેમજ આયરલેન્ડના સાત અને ઝિમ્બાબ્વેના છ ખેલાડી રજિસ્ટર્ડ થયા છે. એસોસિએટ દેશોમાં સૌથી વધુ ૧૩ ખેલાડી અમેરિકાના છે.

નેપાળ-યુએઈના ૧૦-૧૦, નેધરલેન્ડના ત્રણ, કેનેડા-જાપાન-સ્કોટલેન્ડના ૨-૨ ખેલાડી પણ હરાજીમાં ઉતરવા તૈયાર છે.

ગુકેશ અને સિન્દારોવ વચ્ચેની વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપની બીજી બાજી પણ ડ્રો થઈ

જીનેવા : ભારતના રિફ્રેન્ડિંગ ચેમ્પિયન ગ્રાન્ડમાસ્ટર ડી. ગુકેશ અને ઉબેકિસ્તાનના ચેલેન્જર સિન્દારોવ વચ્ચે સ્વિત્ઝર્લેન્ડમાં ચાલી રહેલી વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપની બીજી બાજી પણ ડ્રોમા પરિણમી હતી. ગુકેશ બીજી



ગેમમાં સફેદ મહોરાથી રમ્યો હતો અને માત્ર ૨૦ જ ચાલ પછી બંને ખેલાડીઓ બાજી ડ્રો કરવા માટે તૈયાર થઈ ગયા હતા. અગાઉ પ્રથમ ગેમ ૩૮ મુવ્સ બાદ ડ્રો થઈ હતી. બંને ખેલાડીઓ ૧-૧ પોઈન્ટથી બરોબરી પર છે. બંને વચ્ચે ક્લાસિકલ ચેસની ૧૪ ગેમ રમાશે અને જે ખેલાડી પહેલા ૭.૫ પોઈન્ટ કરી લેશે તે વિજેતા બનશે.

હવે ૨૭મીએ મલેશિયા સામે સેમિ ફાઈનલ

ભારતની મહિલા હોકી ટીમની સતત પાંચમી જીત : જાપાનને ૪-૦થી હરાવ્યું

ઈન્દોર : ભારતની મહિલા હોકી ટીમે પાંચમી અને આખરી ગ્રૂપ સ્ટેજની મેચમાં ૪-૦થી જાપાનને હરાવીને એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી ટુર્નામેન્ટમાં સતત પાંચમી જીત હાંસલ કરી હતી અને લીગ રાઉન્ડના અંતે ટોચનો ક્રમ મેળવ્યો હતો. ભારતીય ટીમ હવે ૨૭મી નવેમ્બરે રમાનારી સેમિ ફાઈનલમાં મલેશિયા સામે ટકરાશે. જ્યારે જાપાન અને ચીન વચ્ચે બીજી સેમિ ફાઈનલ રમાશે. આજે રમાયેલી આખરી લીગ મેચમાં લાલરેમસિયામીએ ૧૨મી મિનિટે, દીપિકા સેહરાવતે ૧૬મી અને ૪૮મી તેમજ નેહા ગોયલે ૨૮મી મિનિટે ગોલ ફટકાર્યા હતા.

બેલિંગહામનો યાદગાર દેખાવ : રિયલ ૫-૧થી જીત્યું

એમ્બાપ્પેનો ચેમ્પિયન્સ લીગમાં ૭૫ ગોલ સાથે રેકોર્ડ : રિયલે PSVને હરાવ્યું

મેડ્રિડ, તા.૨૫

૨૭ વર્ષના એમ્બાપ્પેએ સૌથી યુવા વયે ચેમ્પિયન્સ લીગ ફૂટબોલમાં ૭૫ ગોલ પૂરા કરવાના રેકોર્ડમા મેસી પછી બીજો ક્રમ મેળવ્યો હતો અને રિયલ મેડ્રિડ કલબે ૫-૧થી ડચ કલબ પીએસવી આઈન્ડહોવને મહાત આપી હતી. રિયલ મેડ્રિડની જીતમાં બેલિંગહામનો દેખાવ નિર્ણાયક રહ્યો હતો. તેણે ગોલ ફટકારવાની સાથે વિનિસિઅસ જુનિયરના ગોલને આસીસ્ટ પણ કર્યો હતો. એમ્બાપ્પેએ બે તેમજ વાલ્વેર્ડેએ એક ગોલ નોંધાવ્યો હતો. રિયલ તમામ પાંચેય મેચ જીતીને પોઈન્ટ ટેબલમાં ૧૫ પોઈન્ટ સાથે ટોચ પર છે. પેરિસીચે પેનલ્ટીને ગોલમાં ફેરવતા પીએસવીને



ટેનિસ લેજન્ડ નડાલ અને તેના નાનકડા પુત્રએ રિયલ મેડ્રિડ અને પીએસવીની મેચને સ્ટેડિયમમાં બેસીને માણી હતી. બેલિંગહામના ગોલ પર નડાલ અને તેના પુત્રના પ્રતિભાવની તસવીર-વિડિયો વાઈરલ થયા હતા.

૩૨મી મિનિટે લીડ અપાવી હતી, જે પછી રિયલે બીજા હાફમાં પાંચેય ગોલ ફટકાર્યા હતા.

રાયન ચેરકીએ મેચ પુરી થવાની ચાર મિનિટ બાકી હતી, ત્યારે ગોલ ફટકારતાં માંચેસ્ટર સિટીએ નાપોલી સામેની મેચ ૨-૨થી ડ્રો કરી હતી. નાપોલી તરફથી હોજ્લ્યુન્ડે અને લંગે સ્કોર કર્યો હતો. જ્યારે સિટી તરફથી બોયુઆડીએ ગોલ નોંધાવ્યો હતો. ગ્યોકેરેસે આર્સેનલને ૧૦મી મિનિટે સરસાઈ અપાવી હતી, જે પછી બેઈરે બોરુસીયા ડોર્ટમંડને બરોબરી અપાવી હતી અને મેચ ડ્રો થઈ હતી. આર્સેનલ પાંચમાં, સિટી છઠ્ઠા, ડોર્ટમંડ સાતમા અને નાપોલી ૨૭માં ક્રમે છે.

ગાલાટેસરાયે ૧-૦થી એસ્ટન વિલાને આંચકો આપ્યો હતો. જ્યારે બોડો-ગ્લીમિટે ૧-૦થી એલએએસકેને મહાત આપી હતી.

સિટીને નાપોલીએ ૨-૨થી ને આર્સેનલને ડોર્ટમંડે ૧-૧થી બરોબરી પર અટકાવ્યું

૧૦૦ રનની ઈનિંગ બાદ મુલ્ડરે સાત વિકેટ ઝડપી

સાઉથ આફ્રિકાએ બાંગ્લાદેશને બીજી ટેસ્ટમાં એક ઈનિંગથી હરાવ્યું

સેન્ચુરિયન, તા. ૨૫

મુલ્ડરે ૧૦૦ રનની ઈનિંગ રમ્યા પછી ઓલ રાઉન્ડ દેખાવ કરતા બાંગલાદેશની બીજી ઈનિંગમાં ૩૧ રનમાં ૭ વિકેટ ઝડપતા સાઉથ આફ્રિકાએ બાંગ્લાદેશને બીજી ટેસ્ટમાં આજે ત્રીજા દિવસે એક ઈનિંગ અને ૨૧૯ રનથી પરાજય આપ્યો હતો.



બાંગ્લાદેશે પ્રથમ ઈનિંગમાં માત્ર ૯૧ રન બનાવ્યા હતા. જવાબમાં સાઉથ આફ્રિકાએ તેની પ્રથમ ઈનિંગ ૭ વિકેટે ૪૯૪ રને ડિક્લેર કરી હતી. ઓપનર એકરમેને ૧૫૦, મુલ્ડર ૧૦૦, જાન્સેન ૬૭* અને ઝોર્ઝીએ ૬૬ રનનું યોગદાન આપ્યું હતું.

સાઉથ આફ્રિકાએ ૪૦૩ રનની જંગી સરસાઈ મેળવી હતી.

બાંગ્લાદેશે બીજી ઈનિંગમાં આખરી છ વિકેટ ૨૬ રનમાં ગુમાવી હતી અને તેઓ ૧૮૪ રનમાં ઓલ આઉટ થયા હતા. સાઉથ આફ્રિકાએ શ્રેણી ૨-૦થી જીતી લીધી.

બાંગ્લાદેશ બીજી ઈનિંગમાં ૧૮૪ રનમાં ખખડ્યું

૭.૫૪ અબજ ડોલરનો પ્રોજેક્ટ

ભારતીય નેવીમાં ૬૦થી વધુ યુદ્ધ જહાજો અને સબમરીન સામેલ થશે

નવી દિલ્હી, તા. ૨૫

ભારતીય નેવી પોતાની સમુદ્રી તાકાતને મજબૂત કરવાની દિશામાં નિર્ણાયક તબક્કામાં પ્રવેશ કરી રહી છે. આવનારા વર્ષોમાં ૬૦થી વધુ નવા યુદ્ધ જહાજો અને સબમરીન સેનામાં સામેલ થવાની છે.

આ યોજનાનું કેન્દ્ર બિંદુ પ્રોજેક્ટ ૧૭બી છે જે હેઠળ સાત આગામી પેઢીનાં ગાઇડેડ મિસાઇલ સ્ટીલ્થ ફ્રિગેટ બનાવાશે

આ વિસ્તારનું કેન્દ્ર બિંદુ પ્રોજેક્ટ ૧૭બી છે જે હેઠળ સાત આગામી પેઢીનાં ગાઇડેડ મિસાઇલ સ્ટીલ્થ ફ્રિગેટ બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ લગભગ ૭.૫૪ અબજ ડોલરનો છે.

પ્રોજેક્ટ ૧૭બીમાં બે ભારતીય શિપયાર્ડ પ્રતિસ્પર્ધી મોડેલ હેઠળ સાત યુદ્ધ જહાજોનાં નિર્માણમાં ભાગીદારી કરશે. માર્ચ ૨૦૨૭ સુધીમાં સૌથી ઓછી બોલી લગાવનારની પસંદગી કરવામાં આવશે અને અંતિમ કોન્ટ્રાક્ટ માર્ચ ૨૦૨૮ સુધી હસ્તાંતરિત થવાની આશા છે.

આ ફ્રિગેટ ભારતીય કાફલામાં સૌથી અદ્યતન યુદ્ધ જહાજોમાંનો એક હશે. તેમાં શ્રેષ્ઠ સ્ટીલ્થ સુવિધાઓ, અદ્યતન સેન્સર અને શક્તિશાળી મિસાઇલ સિસ્ટમ હશે. જે એન્ટી એર, એન્ટી સરફેસ અને એન્ટી સબમરીન યુદ્ધ માટે સક્ષમ હશે.

મીડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં ભારતીય નેવીનાં વડા એડમિરલ કૃષ્ણ સ્વામીનાથને જણાવ્યું હતું કે ભારતીય નૌકાદળ એક દૂરંદેશી, આધુનિક અને આત્મનિર્ભર દળ છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તમામ યુદ્ધ જહાજ દેશમાં જ બનાવવામાં આવી રહ્યાં છે. પડકારોને ધ્યાનમાં રાખીને યોજનાઓ બનાવવામાં આવી રહી છે. ક્ષેત્રનાં સૌથી મોટા દેશ તરીકે ભારતની મોટી જવાબદારી છે.આવનારા દિવસોમાં અનેક યુદ્ધ જહાજ અને સબમરિન સામેલ કરવામાં આવશે જેથી નવા યુદ્ધ જહાજોની સંખ્યા વધીને ૬૦થી વધુ થઈ જશે.

હિંદ મહાસાગરમાં વધતી વ્યુહાત્મક પ્રતિસ્પર્ધા અને બદલાતા સુરક્ષા પડકારોની વચ્ચે આ વિસ્તાર મહત્ત્વપૂર્ણ છે. આ પગલું આવનારા દશકો માટે ભારતની સમુદ્રી હાજરીને મજબૂત કરશે.

બધા ૧૪૩ પ્લાન્ટ એફએસએસએઆઈના નિયમ મુજબ ચાલે છે

ફૂડ રેગ્યુલેટરની સેમ્પલ અંગેની સ્પષ્ટતાને બિસ્લેરીએ આવકારી

મુંબઈ,તા.૨૫

બિસ્લેરીએ એફએસએસએઆઈએ ૨૩ નવેમ્બર ૨૦૨૬માં રોજ મીડિયામાં સ્પષ્ટતા જાહેર કરી તેને આવકારી છે. એફએસએસએઆઈની આ સ્પષ્ટતામાં જણાવાયું છે કે રેગ્યુલેટરે બિસ્લેરી પાસેથી ૧૪ મહિના અગાઉ ગોવા પ્લાન્ટમાં બનાવેલી મેચના એક સિંગલ સેમ્પલ અંગે સમજૂતી માંગી હતી.

ગોવા પ્લાન્ટની ૧૪ મહિના પહેલાની બેચના સેમ્પલનું પરીક્ષણ કરાઈ જવાબ મંગાયો હતો

બિસ્લેરી વર્ષે ૫૦,૦૦૦થી વધુ બેચનું ઉત્પાદન કરે છે. એફએસએસએઆઈનો વેચાણ પ્રતિબંધ ફક્ત એક બેચ ગો ૨૭૦ પર હતો. તેનું ઉત્પાદન ગોવામાં ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું હતું. આ બેચનો કોઈપણ સ્ટોક હાલમાં બજારમાં નથી. એફએસએસએઆઈએ પણ તેના ૨૩ નવેમ્બર ૨૦૨૬ના તારણમાં જણાવ્યું હતું કે ઉપરોક્ત બેચના સેમ્પલનું રિટેસ્ટિંગ કરતી વખતે તેની અંદરના બ્રોમેટ નિયત મર્યાદાની અંદર હોવાનું જણાયું હતું.

પરીક્ષણ માટે એક જ સોર્સમાંથી છ સેમ્પલ લેવામાં આવ્યા હતા અને પ્રારંભમાં બધા છ સેમ્પલ મંજૂર કરવામાં આવ્યા હતા. તેના પછી છમાંથી એક સેમ્પલનુ રિટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું અને ગો-૨૭૦ બેચના આ જથ્થામાં પીએએચ પ્રતિ લિટર ૦.૧૪૪ માઇક્રોગ્રામ હોવાનું મળી આવ્યુ હતુ. જ્યારે આ જ બેચ ગો ૨૭૦ના બીજા બધા સેમ્પલ બધા માપદંડમાંથી પાસ થઈ ગયા હતા.

ઓક્ટોબર, ૨૦૨૬ના રિપોર્ટમાં ઘટસ્ફોટ

૩૨૪ દવાઓનાં સેમ્પલ ગુણવત્તા તપાસમાં ફેઈલ થયાનો સીડીએસસીઓનો દાવો

નવી દિલ્હી, તા. ૨૫

એક મીડિયા રિપોર્ટ અનુસાર ઓક્ટોબર, ૨૦૨૬માં સમગ્ર દેશમાં તપાસ દરમિયાન ૩૨૪ દવાઓનાં સેમ્પલ ગુણવત્તા માપદંડો પર નિષ્ફળ નિવડ્યા હતાં. તેમાંથી ૩૭ સેમ્પલ કેન્દ્રીય લેબ અને ૨૮૭ સેમ્પલ રાજ્યની ડ્રગ ટેસ્ટિંગ લેબમાં એનએસક્યુ (નોટ ઓફ સ્ટાન્ડર્ડ ક્વાલિટી) જાહેર કરવામાં આવ્યા છે.

૩૭ સેમ્પલ કેન્દ્રીય ડ્રગ લેબની તપાસમાં નિષ્ફળ : ૨૮૭ સેમ્પલ રાજ્યની ડ્રગ ટેસ્ટિંગ લેબમાં ગુણવત્તા માપદંડો પર ફેઈલ

આ ઉપરાંત આસામમાં બીજી કંપનીનાં બ્રાન્ડ નેમનો ઉપયોગ કરી નકલી દવા બનાવવાનો એક કેસ પણ સામે આવ્યો છે. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન (એસડીએસસીઓ)નાં ઓક્ટોબરનાં રિપોર્ટ અનુસાર કેન્દ્ર અને રાજ્યની લેબમાં દવાઓનાં સેમ્પલની તપાસ કરવામાં આવી હતી.

૩૭ સેમ્પલ કેન્દ્રીય ડ્રગ લેબની તપાસમાં નિષ્ફળ ગયા હતાં. ૨૮૭ સેમ્પલ રાજ્યની ડ્રગ ટેસ્ટિંગ લેબમાં ગુણવત્તા માપદંડો પર યોગ્ય પુરવાર થયા નથી. આસામમાં એક નકલી દવાનો કેસ સામે આવ્યો છે.

દવાનાં ૩૨૪ સેમ્પલને એનએસક્યુ (નોટ ઓફ સ્ટાન્ડર્ડ ક્વાલિટી) જાહેર કરવામાં આવ્યા છે. એનએસક્યુનો અર્થ થાય છે કે તપાસ માટે લેવામાં આવેલ દવાનાં કોઈ ખાસ બેન્ચનું સેમ્પલ નક્કી ગુણવત્તા માપદંડો પર યોગ્ય પુરવાર ન થવું. આવું એક અથવા વધુ ગુણવત્તા માપદંડોને પૂર્ણ ન કરવાને કારણે થાય છે. જો કે તેનો એ અર્થ નથી કે આ બ્રાન્ડની બજારમાં વેચાતી તમામ દવા ખરાબ છે. સીડીએસસીઓએ સ્પષ્ટતા કરી છે કે તપાસનું પરિણામ સંબધિત બેન્ચ પર લાગુ થાય છે. નિયમાક સંબધિત બેન્ચની ઓળખ કરી તેને હટાવવાની કાર્યવાહી કરે છે.

આસામમાં એક એવી દવાનું સેમ્પલ મળ્યું છે જેને ગેરકાયદે નિર્માતાએ અન્ય કંપનીનાં બ્રાન્ડ નેમનો ઉપયોગ કરી બનાવ્યું હતું. આ કેસની તપાસ ચાલુ છે. સીડીએસસીઓ અને રાજ્યનાં ડ્રગ રેગ્યુલેટર મળીને કાર્યવાહી કરી રહ્યાં છે.

હુથીના રિયાધ પર હુમલામાં બે ભારતીય ઘાયલ

સુદાનમાં ડ્રોન હુમલામાં ૧૯ લોકોનાં મોત, ૧૫ ઘાયલ

દુબઈ,તા.૨૫

દક્ષિણ સુદાનમાં થયેલા ડ્રોન એટેકમાં છ મહિલા સહિત કમસેકમ ૧૯ના મોત થયા છે અને આ માટે રેપિડ સપોર્ટ પારામિલિટરી ગ્રુપને જવાબદાર ઠેરવવામાં આવ્યું છે. જ્યારે હુથી બળવાખોરોએ સાઉદીની રાજધાની રિયાધમાં અને તેની ઓઈલ રિફાઈનરી પર હુમલો કરવાની જવાબદારી સ્વીકારી છે.

ઈઝરાયેલના ગાઝા પર હુમલામાં એક આખુ કુટુંબ સાફ થતાં ચારનાં મોત

રાઈટ્સ ગ્રુપ જણાવ્યું હતું કે દક્ષિણપૂર્વી સુદાનમાં ઈથિયોપિયાની સરહદ નજીક આવેલી બ્લુ નીલ પ્રાંતની રાજધાની દામાઝિનમાં થયેલા હુમલામાં ૧૯ના મોત ઉપરાંત ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ ઉપરાંત બ્લ્યુ નાઈલના બીજા શહેર રોઝેરેર્સ પર પણ ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો. સુદાનની સરકારે જો કે આ ચાર વર્ષથી ચાલતા યુદ્ધનો અંત લાવવા ઈથિયોપિયન સરકારની મધ્યસ્થી કરવાની વાત ફગાવી દીધી છે.હુથી બળવાખોરોએ જણાવ્યું હતું કે તેઓએ સાઉદી અરેબિયાની રિફાઈનરી અને રિયાધના જિલ્લામાં હુમલા કર્યા છે. સાઉદીની આગેવાની હેઠળના જોડાણે જણાવ્યું હતું કે હુથીએ કિંગ અબ્દુલ્લા ફાઈનાન્સિયલ ડિસ્ટ્રિક્ટમાં આવેલા ટાવરને લક્ષ્યાંક બનાવીને ડ્રોન છોડ્યું હતું. તેણે જણાવ્યું હતું કે રાસ તનુરા રિફાઈનરીને ટાર્ગેટ બનાવીને ચાર ડ્રોન છોડ્યા હતા, જેને સાઉદી અરેબિયાએ આંતર્યા હતા.રિયાધ પર હુમલામાં બે ભારતીય ઘાયલ થયા છે. કેન્દ્ર સરકારે નાગરિકો પરના હુમલાને આકરા શબ્દોમાં વખોડી કાઢ્યા છે. હુથીઓએ સાઉદીની એનર્જી ફેસિલિટીઝ પર હુમલા વધાર્યા છે. તેમનું કહેવું છે કે તેઓ સાઉદી શાસકોએ તેમની કરેલી ઘેરાબંધી ઉઠાવવા દબાણ લાવવા આ હુમલા કરી રહ્યા છે.

તુર્કી અને અમેરિકામાં વિમાન અકસ્માતમાં કુલ ૧૧નાં મોત થયા

નવી દિલ્હી, તા.૨૫

એક જ દિવસમાં બે પ્લેનક્રેશ થયા છે. એક પ્લેન તુર્કીમાં તો બીજું અમેરિકામાં તૂટી પડ્યું છે. તુર્કીમાં તાલીમ દરમિયાન થયેલા પ્લેન ક્રેશમાં ચાલક સહિત પાંચના મોત થયા છે. જ્યારે અમેરિકામાં મિસિસિપીની ખાડીમાં નાનું પ્લેન તૂટી પડ્યુ. તેમા બે બાળકો સહિત છ લોકો સવાર હતા. દુર્ઘટના પછી બચાવ ટુકડી તેમને શોધવામાં લાગેલી છે. આમ એક જ દિવસમાં બે પ્લેનક્રેશના કારણે કમસેકમ ૧૧ના મોત થાય તેવો અંદાજ મૂકવામાં આવી રહ્યો છે. અમેરિકન બચાવદળને પણ ખાડીમાં પ્લેનક્રેશમાં કોઈ બચ્યું હોય તેવી આશા નથી. તુર્કીમાં હવાઈદળનું લશ્કરી હેલિકોપ્ટર તાલીમ દરમિયાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું. એએસ-૫૩૨ કૂગર હેલિકોપ્ટરે તાલીમ માટે એસ્કિશેહિરમાં ઉડાન ભરી હતી. ઉડાન ભર્યાના થોડા જ સમયમાં તે દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું. મંત્રાલયે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે હેલિકોપ્ટરનો કાટમાળ મળી ગયો છે અને મૃતકોને શોધવાનું કાર્ય જારી છે.

કેબિનેટ બેઠકમાં મહત્ત્વપૂર્ણ નિર્ણયો

સીઆઈઈ મેન્યુફેકચરિંગ ઈકોસિસ્ટમ માટે રૂ.૧૧૦૦૦ કરોડ ફાળવાયા

નવી દિલ્હી, તા. ૨૫

વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં બુધવારે મળેલ કેબિનેટ બેઠકમાં કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમાં સૌથી મહત્ત્વપૂર્ણ નિર્ણય હેઠળ આસામને ગ્રીનફિલ્ડ એરપોર્ટની મંજૂરી આપવામાં આવી છે.

આસામમાં એરપોર્ટ માટે રૂ. ૨૦૧૪ કરોડ મંજૂર ટપાલ વિભાગને રૂ. ૨૬૩૨ કરોડની ફાળવણી

કેબિનેટે આસામનાં સિલચરનાં ડોલુમાં નવા એરપોર્ટની મંજૂરી આપી છે. જેના માટે ૨૦૧૪ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.

નવુ સિલચર એરપોર્ટ મિઝોરમ, ત્રિપુરા, નાગાલેન્ડ અને મણિપુર માટે એક કનેક્ટિંગ પોઈન્ટનું કાર્ય કરશે. આ એરપોર્ટ પીક ટાઈમમાં ૮૦૦ યાત્રીઓ (૪૦૦ આવનારા અને ૪૦૦ જનારા) અને વાર્ષિક ૧૦.૧ લાખ યાત્રીઓને સંભાળવાની ક્ષમતા ધરાવશે. કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણયોની માહિતી આપતા અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારત કેન, બુલડોઝર, ટનલ બોરિંગ મશીનનું મેન્યુફેકચરિંગ હબ બનશે. કેબિનેટે કન્ટ્રકશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈક્વિપમેન્ટ (સીઆઈઈ) મેન્યુફેકચરિંગ ઈકોસિસ્ટમને વેગ આપવા માટે ૧૧૦૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ યોજનાનો સમયગાળો ૨૦૨૬-૨૭થી ૨૦૩૩-૩૪ છે. કેબિનેટે કામરાજાર પોર્ટ લિમિટેડમાં બીજા કન્ટેનર ટર્મિનલનાં ડેવલોપમેન્ટને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૪૨૮૮.૨૬ કરોડ રૂપિયા આંકવામાં આવ્યો છે. કેબિનેટે ૧૧૪૧ કરોડ રૂપિયાનાં બજેટની સાથે પોસ્ટલ ઓપરેશન સ્કીમને જારી રાખવાની મંજૂરી આપી છે.

અમેરિકામાં

(પહેલા પાનાનું ચાલુ)

પાસેથી ઉપલબ્ધ માહિતીઓને એકત્ર કરવા અને તેનું વિશ્લેષણ કરવા માટે થતો હતો. આ સિસ્ટમ મારફત અમેરિકન જાસૂસી એજન્સીઓ દુનિયાભરમાં તેની સામેના સંભવિત જોખમોની ઓળખ કરવા અને મહત્વપૂર્ણ માહિતી મેળવવાનું કામ કરતી હતી. જોકે, જાસૂસી એજન્સીએ દાવો કર્યો હતો કે તેના ગુપ્ત ડેટા એકદમ સુરક્ષિત છે. સાયબર હુમલામાં આ ડેટાની ચોરી થઈ નથી. જોકે, કઈ માહિતીની ચોરી થઈ તે સ્પષ્ટ થઈ શક્યું નથી.

આ સાયબર હુમલા પાછળ કોનો હાથ હતો તે હજુ સ્પષ્ટ થઈ શક્યું નથી. અમેરિકામાં અનેક સાયબર હુમલા અને ટેકનિકલ સેવાઓમાં આવેલા અવરોધોની શ્રેણીમાં આ ગંભીર બાબત સામે આવી છે, જેમાં અમેરિકન કૃષિ વિભાગમાં સાયબર ઘૂસણખોરીનો સમાવેશ થાય છે. આ સિવાય તાજેતરમાં જ એફબીઆઈમાં બે અલગ અલગ સાયબર ઘૂસણખોરીની ઘટનાઓનો ખુલાસો થયો છે.

પેન્ટાગોન અને અમેરિકન ગૃહ સુરક્ષા વિભાગ પણ તાજેતરમાં સાયબર હુમલાનો ભોગ બન્યું હતું. થોડા દિવસ પહેલા હેકર્સે એફબીઆઈના નેશનલ કાઈમ ઈન્ફર્મેશન સેન્ટરના ડેટાબેઝને નિશાન બનાવ્યું હતું. આ ડેટાબેઝ હેઠળ અમેરિકાની ફેડરલ, રાજ્ય અને રીજનલ કાયદાકીય એજન્સી વચ્ચે માહિતી ટ્રાન્સફર કરાય છે.

સેન્સેક્સમાં

(પહેલા પાનાનું ચાલુ)

(ફાઇનાન્શિયલ) શેરોમાં નવી ઝડપી લેવાલી હાથ ધરાતા બજારમાં સંગીન સુધારો નોંધાયો હતો. વૈશ્વિક સ્તરે મિશ્ર સંકેતો હોવા છતાં, સ્થાનિક બજારો ઉછાળા સાથે ખુલ્યાં અને જેમ જેમ સત્ર આગળ વધ્યું તેમ તેમ તેમાં વધુ વધારો જોવા મળ્યો હતો. નિફ્ટીએ દિવસ દરમિયાન ૨૫,૯૫૧.૬૫ની ઊંચી સપાટી સ્પર્શી હતી.

જોકે, સત્રની મધ્યમાં ખાસ કરીને મીડિયા, મેટલ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ (ગ્રાહક ટકાઉ વસ્તુઓ) ક્ષેત્રના શેરોમાં નફા વસૂલી (પ્રોફિટ બુકિંગ) થવાને કારણે થયેલા વધારામાં થોડો ઘટાડો આવ્યો હતો.

દિવસના અંતે, સેન્સેક્સ ૧,૫૦૨.૨૯ પોઈન્ટ અથવા ૧.૮૨ ટકાના ઉછાળા સાથે ૮૩,૯૩૮.૨૮ની નવ માસની ઊંચી સપાટીએ બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી ૪૬૯.૬૦ પોઈન્ટ અથવા ૧.૮૫ ટકાના વધારા સાથે ૨૫,૮૧૯.૨૫ પર મજબૂત રહ્યો હતો.

સેન્સેક્સમાં ઉછાળાને પગલે આજે રોકાણકારોની સંપત્તિમાં (બીએસઈ માર્કેટ કેપ.) ૩.૫૦ લાખ કરોડનો વધારો થતા અંતે રૂ. ૫૧૨.૪૮ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું.

બ્રાઝિલના વિમાન પર વધારાની ૧૦ ટકા ડ્યુટી અને ખાંડની આયાત પર ટેરિફ વધારવાનું સૂચન

ફેબ્રુઆરીમાં સુપ્રીમ કોર્ટના આદેશ બાદ યુએસટીઆરની મહિનાઓની તપાસના પગલે નવા ટેરિફની દરખાસ્ત

ભારત પર

(પહેલા પાનાનું ચાલુ)

કલમ ૩૦૧ તપાસના ભાગરૂપે નવા ટેરિફ નાંખવાની દરખાસ્ત કરી છે. યુએસટીઆરના અધિકારીઓ મુજબ આ ટેરિફ હજુ દરખાસ્તના તબક્કામાં છે અને તેના સંભવિત અમલ અંગે કોઈ ટાઈમલાઈન નક્કી નથી. જોકે, ચીન સાથે વેપાર યુદ્ધવિરામના કરાર ૧૦ જાન્યુઆરીએ પૂરા થઈ રહ્યા છે, જેથી નવા ટેરિફ આગામી વર્ષે જાન્યુઆરીમાં નાંખવામાં આવી શકે છે. યુએસટીઆરની દરખાસ્ત મુજબ કેટલાક દેશો માટે વિશેષ જોગવાઈ રખાઈ છે. યુએસટીઆરની દરખાસ્ત પર ૫ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ સુનાવણી હાથ ધરાશે, જે ૨૫ જાન્યુઆરી સુધી ચાલે તેવી શક્યતા છે.

હવે અલ્લાહાબાદ હાઈકોર્ટમાં ફરીથી સુનાવણી થશે

રાહુલ ગાંધીની

(પહેલા પાનાનું ચાલુ)

કર્યો હતો, હાઈકોર્ટે ભાજપના નેતાની ફરિયાદના આધારે રાહુલ ગાંધીની કથિત અપ્રમાણિત સંપત્તિની તપાસ કરવા સીબીઆઈ, ઈડીને આદેશ કર્યો હતો. જેને હવે રદ કરી દેવાયો છે.

ભાજપ સાથે જોડાયેલ વિગ્નેશ શીશીર દ્વારા રાહુલ ગાંધી પર અપ્રમાણિત સંપત્તિનો આરોપ લગાવવામાં આવ્યો હતો, જે બાદ આ આરોપોની તપાસ કરવા હાઈકોર્ટ દ્વારા એજન્સીઓને આદેશ કરવામાં આવ્યો હતો. જોકે સુપ્રીમ કોર્ટે આ તપાસના આદેશને રદ કરી દીધો છે જેને પગલે હવે રાહુલ ગાંધી સામે હાલ કોઈ જ તપાસ નહીં થાય, સાથે જ હાઈકોર્ટના આદેશ મુજબ કોઈ જ કાર્યવાહી નહીં કરવા પોલીસ તેમજ એજન્સીઓને પણ સુપ્રીમે આદેશ કર્યો છે.

સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં સ્પષ્ટતા કરી હતી કે આ સમગ્ર મામલામાં રાહુલ ગાંધીને સાંભળ્યા વગર આગળ કોઈ જ કાર્યવાહી નહીં કરી શકાય. હાઈકોર્ટ આ મુદ્દે નવેસરથી કાર્યવાહી કરશે, સુપ્રીમે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને નવી બેંચનું ગઠન કરવા કહ્યું હતું. હાઈકોર્ટમાં થયેલી ક્રિમિનલ રિટ પિટિશનમાં બે કલાક માટે ઈન-ચેમ્બર સુનાવણી થઈ હતી જે બાદ તપાસના આદેશ અપાયા હતા. રાહુલ ગાંધીએ હાઈકોર્ટના આદેશને સુપ્રીમમાં પડકાર્યો હતો જ્યાં તેમને હાલ મોટી રાહત મળી છે.

ગુજરાત સમાચાર APPOINTMENTS

















ઐતિહાસિક : પહેલી વખત એક માતા મિસ યુનિવર્સ બની



જેનિફર બેરેટો મિસ યુનિવર્સનો તાજ જીતનાર પહેલી માતા અને પરિણીત મહિલા બની : ૨૦૨૩માં સ્પર્ધાના નિયમોમાં ફેરફાર કરીને પરિણીત મહિલાઓ અને માતાઓને ભાગ લેવાની મંજૂરી અપાઈ હતી.

પ્યુઅર્ટો રિકોની જેનિફર બેરેટોએ મિસ યુનિવર્સ ૨૦૨૬નો ખિતાબ જીતીને ઇતિહાસ રચ્યો છે. પ્યુઅર્ટો રિકોની રાજધાની સાન જુઆનમાં યોજાયેલી ૭૫મી મિસ યુનિવર્સમાં ૧૧૬ દેશોની બ્યુટી ક્વીન્સે ભાગ લીધો હતો. આ વખતે જેનિફરની જીત અનેક રીતે ખાસ રહી. મિસ યુનિવર્સના ઇતિહાસમાં પહેલીવાર કોઈ પરિણીત મહિલા અને માતાએ આ ખિતાબ પોતાના નામે કર્યો. મેક્સિકોની ફાતિમા બોશે જેનિફરને તાજ પહેરાવ્યો હતો. **જેનિફર વિશે જાણવા જેવું :** ૨૭ વર્ષની જેનિફર વ્યવસાયે સોશિયલ વર્કર છે. તેની પાસે સાઇકોલોજી અને ક્લિનિકલ સોશિયલ વર્કમાં માસ્ટર્સની ડિગ્રી છે. અમેરિકન આર્મી સાથે પ્રિવેન્શન સ્પેશિયાલિસ્ટ તરીકે પણ કામ કરી ચૂકી છે. જેનિફર એક દીકરીની માતા પણ છે. **ભારત તરફથી કેઝિયા લિઝ મેજોએ પ્રતિનિધિત્વ કર્યું :** આ વર્ષે ભારત તરફથી કેરળની ૧૯ વર્ષીય કેઝિયા લિઝ મેજોએ ભાગ લીધો હતો. તેણે ટોપ-૩૦માં સ્થાન મેળવીને ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. પરંતુ, તે સ્વીમસૂટ રાઉન્ડ બાદ ટોપ-૧૨માં જગ્યા બનાવી શકી નહોતી. કેઝિયાની સફર પણ ખાસ રહી છે. તે કેરળની પહેલી મહિલા છે જેણે મિસ યુનિવર્સ ઇન્ડિયાનો ખિતાબ જીત્યો છે. **ફાઇનલમાં પાંચ સુંદરીઓ વચ્ચે જોરદાર મુકાબલો :** ફાઇનલમાં ડોમિનિકન રિપબ્લિકની મેલિસા નુનેઝ ફર્સ્ટ રનર-અપ રહી હતી. જ્યારે, વેનેઝુએલાની ક્લારા વેગાસે સેકન્ડ રનર-અપનું સ્થાન મેળવ્યું હતું. ફિલિપાઇન્સની બેઆ મિલાન-વિન્ડોસ્કી ત્રીજા અને ન્યૂઝીલેન્ડની જ્યોર્જિયા વેડિંગ્ટન ચોથી રનર-અપ રહી હતી. **૭૫ વર્ષની સફર અને ખાસ ડિઝાઇન કરાયેલો નવો તાજ :** મિસ યુનિવર્સ સ્પર્ધાને ૭૫ વર્ષ પૂરા થવા પર નવો તાજ રજૂ કરવામાં આવ્યો હતો. 'ધ રેડિયન્સ ઓફ એન ઇટર્નલ લેગસી' નામના આ તાજને જ્વેલરી ડિઝાઇનર જ્યોર્જ વિટેલ્સે ડિઝાઇન કર્યો છે. તેમાં ૧૮ કેરેટ વ્હાઇટ ગોલ્ડમાં ૩,૧૫૦ હીરા જડવામાં આવ્યા છે. આ તાજને સ્પર્ધાની ૭૫ વર્ષની સફર અને તેની પરંપરાને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયો છે.

કાર્તિક ઇચ્છાધારી નાગની ભૂમિકામાં

કાર્તિકની નાગઝિલ્લામાં વિલન તરીકે રવિ કિશનની ભૂમિકા

મુંબઈ, તા. ૨૫

કાર્તિક આર્યનની આગામી ફિલ્મ 'નાગઝિલ્લા'માં ઇચ્છાધારી નાગની વિલનની ભૂમિકા માટે રવિ કિશનની પસંદગી કરવામાં આવી છે. આ ફિલ્મમાં કાર્તિક આર્યન ઇચ્છાધારી નાગ પ્રિયમવદેશ્વર પ્યારે ચંદની ભૂમિકા ભજવી રહ્યો છે.



આ ફેન્ટેસી ફિલ્મનું નિર્દેશન મૃગદીપસિંહ લાંબા કરી રહ્યા છે જ્યારે આ ફિલ્મની કથા ગૌતમ મહેરાએ લખી છે.

રવિ કિશનની વિલન તરીકે આ ફિલ્મમાં એન્ટ્રી થતાં ફિલ્મની નાટ્યાત્મકતામાં વધારો થશે.

નાગઝિલ્લા ફિલ્મને ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૭માં રજૂ કરવાનું આયોજન છે.

ફિલ્મ આ વર્ષે રજૂ થવાને બદલે હવે આવતા ફેબ્રુઆરી પર ઠેલાઈ ચૂકી છે

બંને એકથી વધુ વખત સાથે દેખાયાં

અર્જુન કપૂર અને સાહિબા બાલી વચ્ચે અફેર હોવાની ચર્ચા જામી

મુંબઈ, તા. ૨૫

સ્પોર્ટસ પ્રેઝન્ટર અને અભિનેત્રી સાહિબા બાલીએ ગુરૂ પરબ નિમિત્તે મુકેલી ઈન્સ્ટા પોસ્ટમાં પોતે અર્જુન કપૂરનો અડધો પ્રસાદ ખાઈ ગઈ હોવાની રમતિયાળ પોસ્ટ મુકતાં સોશ્યલ મિડિયા પર સાહિબા અને અર્જુનના સંબંધો વિશે જાતજાતની અટકળો ચાલી રહી છે.

'લયલા મજનુ' અને 'અમરસિંહ ચમકીલા' ફિલ્મોમાં કામ કરી ચૂકેલી સાહિબા અગાઉ



અર્જુન કપૂર સાથે લંડનના લોર્ડઝ મેદાન પર જુલાઈમાં યોજાયેલી ભારત વિરૂદ્ધ ઈંગ્લેન્ડની વન ડે મેચ જોતી દેખાઈ ત્યારથી બંને જણાં વચ્ચે ડેટિંગ ચાલી રહ્યું હોવાની અટકળો ચાલી છે. જુનમાં સાહિબાએ અર્જુન કપૂરના જન્મદિવસે સબ કા બેસ્ટી કોમેન્ટ કરતાં બંને વચ્ચે કશું ક રંધાઈ રહ્યું હોવાનો જાણભેદુઓને શક પડ્યો હતો.

અર્જુન કપૂર સાથે અડધો પ્રસાદ શેર કર્યાની સાહિબાની પોસ્ટથી ચાહકો દ્વારા અટકળો

ફિલ્મનું શૂટિંગ પંજાબમાં હાથ ધરાશે

ધુરંધરની સારા અર્જુનને નવી મ્યુઝિકલ લવ સ્ટોરી મળી

મુંબઈ, તા. ૨૫

'ધુરંધર' ફિલ્મમાં કામ કરી જાણીતી બનેલી સારા અર્જુનને હવે યશરાજ ફિલ્મ્સની મ્યુઝિકલ લવ સ્ટોરીમાં હિરોઈન તરીકે કાસ્ટ કરવામાં આવી છે. આ ફિલ્મનું નિર્દેશન આધુનિક લવ સ્ટોરીઓ બનાવવા માટે જાણીતાં નિર્દેશક મનીષ શર્મા કરશે. હાલ ફિલ્મનું પ્રિ પ્રોડક્શનનું કામ ચાલી રહ્યું છે.

આઠ ગીતો ધરાવતી આ લવ સ્ટોરીનું શૂટિંગ જાન્યુઆરીથી પંજાબમાં શરૂ કરી દેવામાં આવશે.



'સપને વર્સીસ એવરીવન' ફેમ એક્ટર અંબરિષ વર્મા પણ આ ફિલ્મમાં મહત્વની ભૂમિકા કરી રહ્યો હોવાનું મનાય છે. યશરાજ ફિલ્મ્સમાં સારાની આ પહેલી ફિલ્મ બની રહેશે.

બેન્ડ બાજા બારાત સહિતની ફિલ્મોના સર્જક મનીષ શર્માને નિર્દેશન સોંપાયું

આમિર બાન્દ્રા છોડી કોલાબા રહેવા ગયો

લલકાર માટે ક્રિકેટની ટ્રેનિંગ ખાતર આમિરે ઘર બદલ્યું

મુંબઈ, તા. ૨૫

'લલકાર' ફિલ્મમાં લાલા અમરનાથની ભૂમિકા ભજવવાની પ્રેક્ટિસના ભાગરૂપે આમિર ખાન હાલ ક્રિકેટ રમવાની ટ્રેનિંગ લેવા માટે મુંબઈનાં બાન્દ્રાથી કોલાબા રહેવા જતો રહ્યો છે.

હાલ બાન્દ્રામાં આમિરના ઘરનું રિનોવેશન ચાલી રહ્યું હોવાથી આમિર દક્ષિણ મુંબઈમાં ક્રિકેટની ટ્રેનિંગ લેવાનું સરળ પડે તે માટે કોલાબા વિસ્તારમાં તેની પત્ની ગૌરી સ્પ્રાટ સાથે શિફ્ટ થઈ ગયો છે. આમિરખાનની સાથે વિક્રાન્ત મેસ્સી અને ધૈર્ય કારવાને પણ ક્રિકેટની ટ્રેનિંગ બે ભૂતપૂર્વ ક્રિકેટર્સ દ્વારા આપવામાં આવી રહી છે. આ ફિલ્મમાં વિક્રાન્ત મેસ્સી હાફીઝ કારદારની ભૂમિકા ભજવી રહ્યો છે.



આમિર સાથે વિક્રાંત મૈસ્સી અને ધૈર્ય કારવાંએ પણ ક્રિકેટની ટ્રેનિંગ શરૂ કરી

મહિલાઓ વિરુદ્ધ હિંસા નાબૂદી દિવસે યુએનનો રિપોર્ટ : દર કલાકે પાંચ મહિલાની ઘરેલુ હિંસામાં હત્યા થાય છે, ૨૦૨૫માં કુલ ૭૮,૦૦૦ મોત

ગત વર્ષે વિશ્વમાં ૪૭,૦૦૦ સ્ત્રીઓની પતિ-પરિવાર દ્વારા હત્યા કરાઈ

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા આંકડાઓ સમગ્ર વિશ્વ અને માનવજાત માટે શરમજનક અને આશ્ચર્યજનક છે. આ અહેવાલો એવી વાસ્તવિકતા બતાવે છે જ્યાં મહિલાઓ અને છોકરીઓ માટે તેમનું પોતાનું ઘર જ દુનિયાની સૌથી જોખમી જગ્યાઓમાંની એક બની ગયું છે. ૨૫ નવેમ્બરના રોજ ઉજવાતા 'મહિલાઓ વિરુદ્ધ હિંસા નાબૂદી માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' નિમિત્તે યુએનની વિવિધ સંસ્થાઓ દ્વારા એક અહેવાલ જારી કરવામાં આવ્યો છે. આ અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૫માં વિશ્વભરમાં અંદાજે ૭૮,૦૦૦ મહિલાઓ અને છોકરીઓની ઈરાદાપૂર્વક હત્યા કરવામાં આવી હતી. આમાંથી ૬૦ ટકા જેટલા કિસ્સાઓમાં, એટલે કે લગભગ ૪૭,૦૦૦ કિસ્સાઓમાં હત્યા કરનાર બીજું કોઈ નહીં, પરંતુ તેમનો પોતાનો જીવનસાથી અથવા પરિવારનો જ કોઈ સભ્ય હતો. આ આંકડાઓનો અર્થ એ થાય છે કે દુનિયાભરમાં દર એક કલાકે સરેરાશ ૫ મહિલાઓ, એટલે કે દરરોજ ૧૨૯ મહિલાઓની તેમના જ નજીકના લોકો દ્વારા જઘન્ય હત્યા કરવામાં આવે છે.

> **દુનિયાભરમાં દર એક કલાકે સરેરાશ ૫ મહિલાઓ, એટલે કે દરરોજ ૧૨૯ મહિલાઓની તેમના જ નજીકના લોકો દ્વારા જઘન્ય હત્યા કરવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં પુરુષોની જેટલી હત્યાઓ થાય છે, તેમાંથી માત્ર ૧૧ ટકા હત્યાઓ ઘરની અંદર કે પરિવારજનો દ્વારા થાય છે, જ્યારે મહિલાઓના કિસ્સામાં આ પ્રમાણ ૬૦ ટકા જેટલું ઊંચું છે : હિંસાનો ભોગ બનનાર મહિલાઓમાંથી માત્ર ૭ ટકા મહિલાઓ જ આવી ઘટનાની જાણ પોલીસને કરી શકે છે. બાકીની ૯૩ ટકા મહિલાઓ અન્યાય અને અત્યાચારને ચૂપચાપ સહન કરતી રહે છે. આ મૌનને કારણે અસંખ્ય મહિલાઓ કોઈપણ પ્રકારની સુરક્ષા વિના જોખમી વાતાવરણમાં જીવવા મજબૂર બને છે : NCRBના સર્વે મુજબ, ભારતમાં ૧૮થી ૪૯ વર્ષની ૩૧.૯% પરિણીત મહિલાઓએ પોતાના પતિ દ્વારા શારીરિક, જાતીય અથવા ભાવનાત્મક હિંસાનો સામનો કર્યો છે. બીજી ચિંતાજનક વાત એ છે કે આમાંથી ૮૬%થી વધુ મહિલાઓએ ક્યારેય કોઈની પાસે મદદ માંગી નથી અને માત્ર ૧%થી ૨% મહિલાઓ જ પોલીસ સુધી પહોંચે છે**

જો આપણે છેલ્લા એક દાયકા એટલે કે ૨૦૧૫થી ૨૦૨૫ સુધીના વૈશ્વિક આંકડાઓ પર નજર નાખીએ, તો સ્થિતિ અત્યંત ભયાનક અને સ્થિર જણાય છે. જેમ કે, ૨૦૧૦થી ૨૦૨૫ સુધીના ૧૫ વર્ષના ગાળામાં અમેરિકા ખંડમાં સ્ત્રી-હત્યાનો દર પ્રતિ એક લાખ મહિલાએ ૧.૬થી ઘટીને માત્ર ૧.૪ થયો છે, જે માત્ર ૧૨ ટકાનો નજીવો ઘટાડો દર્શાવે છે. તેવી જ રીતે, અત્યંત વિકસિત ગણાતા યુરોપમાં પણ આ દર ૦.૭થી ઘટીને ૦.૫ પર જ અટકી ગયો છે. આ ઉપરાંત, ૨૦૨૪માં આશરે ૫૦,૦૦૦ મહિલાઓની તેમના પાર્ટનર કે પરિવાર દ્વારા હત્યા થઈ હતી, જે ૨૦૨૫માં ૪૭,૦૦૦ નોંધાઈ છે. પરંતુ સંયુક્ત રાષ્ટ્રના નિષ્ણાતોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે આ ઘટાડો વાસ્તવિક સુધારો નથી, પરંતુ વિવિધ દેશોમાં ડેટા એકત્રિત કરવાની પદ્ધતિમાં આવેલા ફેરફારને કારણે દેખાતો તફાવત છે.

આંકડાઓની એક બીજી આશ્ચર્યજનક બાજુ એ છે કે સમગ્ર વિશ્વમાં પુરુષોની જેટલી હત્યાઓ થાય છે, તેમાંથી માત્ર ૧૧ ટકા હત્યાઓ ઘરની અંદર કે પરિવારજનો દ્વારા થાય છે, જ્યારે મહિલાઓના કિસ્સામાં આ પ્રમાણ ૬૦ ટકા જેટલું ઊંચું છે. આ તફાવત સ્પષ્ટપણે દર્શાવે છે કે પુરુષો માટે જોખમ બહારની દુનિયામાં છે, જ્યારે સ્ત્રીઓ માટે સૌથી મોટો ખતરો તેમના પોતાના બેડરૂમ અને રસોડામાં જ છુપાયેલો છે. આ વૈશ્વિક સંકટની સૌથી મોટી વિડંબના એ છે કે તે કોઈ ચોક્કસ દેશ, સંસ્કૃતિ કે આર્થિક વર્ગ પૂરતું મર્યાદિત નથી. દુનિયાના અતિ વિકસિત કહેવાતા દેશો હોય કે પછી વિકાસશીલ રાષ્ટ્રો, નાના ટાપુ દેશો હોય કે મહાસત્તાઓ, પૃથ્વી પર એવો કોઈ ખૂણો નથી જ્યાં સ્ત્રીઓ પોતાના ઘરની ચાર દીવાલોની અંદર સંપૂર્ણપણે સુરક્ષિત હોય.

યુએનની સંસ્થાઓ UNODC અને UN Womenના અહેવાલ મુજબ, પોતાના પાર્ટનર અથવા પરિવારના સભ્ય દ્વારા કરવામાં આવતી સ્ત્રી-હત્યાના દરની બાબતમાં આફ્રિકા ખંડ હજુ પણ સૌથી આગળ છે. આફ્રિકામાં પ્રતિ એક લાખ મહિલા વસ્તીએ ૨.૯ હત્યાના કેસ નોંધાયા છે. ત્યારબાદ અમેરિકા ખંડમાં પ્રતિ એક લાખ મહિલાએ ૧.૪, ઓશનિયામાં ૧.૧, એશિયામાં ૦.૬ અને યુરોપમાં ૦.૫ નો દર નોંધાયો છે. ભલે આંકડાકીય રીતે એશિયામાં આ દર ઓછો દેખાતો હોય, પરંતુ એશિયાની વિશાળ વસ્તીને ધ્યાનમાં લેતા અહીં હત્યા થનારી મહિલાઓની કુલ સંખ્યા વિશ્વમાં સૌથી વધુ છે. આ ઉપરાંત, જે મહિલાઓ આદિવાસી સમુદાયમાંથી આવે છે, વિસ્થાપિત છે અથવા શારીરિક અક્ષમતા ધરાવે છે, તેમના પર હિંસા અને હત્યાનું જોખમ સામાન્ય મહિલાઓ કરતાં બમણાથી લઈને સાત ગણું વધુ જોવા મળ્યું છે.

એક તરફ જ્યાં મહિલાઓના જીવ લેવામાં તેમના જ પરિવારજનોનો સૌથી મોટો હાથ છે, ત્યાં બીજી તરફ એક અત્યંત કરુણ વાસ્તવિકતા એ પણ છે કે આટલી હદે હિંસા સહન કર્યા પછી પણ મોટાભાગની મહિલાઓ મૌન સેવી લે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા અને યુએનના સંયુક્ત અહેવાલ મુજબ, વૈશ્વિક સ્તરે અંદાજે ૮૪ કરોડ મહિલાઓ અને છોકરીઓ, એટલે કે લગભગ દર ત્રણમાંથી એક સ્ત્રી, પોતાના જીવનકાળ દરમિયાન શારીરિક અથવા જાતીય હિંસાનો શિકાર બની છે. છેલ્લા બે દાયકામાં આ આંકડામાં કોઈ નોંધપાત્ર સુધારો થયો નથી. વધુમાં, ૫૪ દેશોના ડેટા પર આધારિત આ અહેવાલમાં જણાવાયું છે કે શારીરિક અથવા જાતીય હિંસાનો ભોગ બનનાર દર ચારમાંથી માત્ર એક જ મહિલા પોતાના પરિવાર, સમુદાય કે વહીવટીતંત્ર પાસેથી કોઈપણ પ્રકારની મદદ મેળવવાનો પ્રયાસ કરે છે.

આનાથી પણ વધુ ગંભીર બાબત એ છે કે હિંસાનો ભોગ બનનાર મહિલાઓમાંથી માત્ર ૭ ટકા મહિલાઓ જ આવી ઘટનાની જાણ પોલીસને કરી શકે છે. બાકીની ૯૩ ટકા મહિલાઓ અન્યાય અને અત્યાચારને ચૂપચાપ સહન કરતી રહે છે. આ મૌનને કારણે અસંખ્ય મહિલાઓ કોઈપણ પ્રકારની સુરક્ષા વિના જોખમી વાતાવરણમાં જીવવા મજબૂર બને છે, જ્યારે હિંસા આચરનારા અપરાધીઓ કાયદાના સકંજામાંથી અને ન્યાયિક કાર્યવાહીમાંથી આસાનીથી છટકી જાય છે. આખરે, જ્યારે પોતાનો જીવ જોખમમાં હોય, ત્યારે પણ સ્ત્રીઓ પોતાની જ વિરુદ્ધ હિંસા કરનારાઓની ફરિયાદ કેમ નથી કરતી? આ પ્રશ્નના મૂળમાં આપણા સમાજની સદીઓ જૂની પિતૃસત્તાત્મક માનસિકતા, આર્થિક પરાવલંબન અને ન્યાયતંત્રની જટિલ પ્રક્રિયાઓ જવાબદાર છે.

સૌથી પહેલું અને મુખ્ય કારણ છે 'સમાજનો ડર અને પરિવારની પ્રતિષ્ઠા'. બાળપણથી જ છોકરીઓને એવું શીખવવામાં આવે છે કે ઘરની વાત ઘરમાં જ રહેવી જોઈએ, જો ઘરની તકલીફો બહાર આવશે તો પરિવારની આબરૂ જશે. લગ્ન પછી પતિ કે સાસરિયાં દ્વારા થતા અત્યાચાર સામે અવાજ ઉઠાવનાર સ્ત્રીને સમાજમાં 'ઘર ભાંગનારી' તરીકે જોવામાં આવે છે. ઘણી વખત જ્યારે કોઈ મહિલા હિંમત કરીને પોતાના પિયરમાં કે સગાસંબંધીઓ પાસે પોતાની વ્યથા ઠાલવે છે, ત્યારે તેને ટેકો આપવાને બદલે 'થોડું સહન કરી લે, સમય જતાં બધું બરાબર થઈ જશે' અથવા 'બાળકોના ભવિષ્ય ખાતર સમાધાન કરી લે' તેવી સલાહ આપીને પાછી તે જ નરકમાં ધકેલી દેવામાં આવે છે. જ્યારે પોતાનું જ લોહી સાથ ન આપે, ત્યારે સ્ત્રી સંપૂર્ણપણે એકલી પડી જાય છે અને મૌન રહેવામાં જ પોતાની ભલાઈ માને છે. મહિલાઓની ચૂપકીદી પાછળનું બીજું સૌથી મોટું કારણ 'આર્થિક અસુરક્ષા' છે. વિશ્વભરમાં આજે પણ મોટી સંખ્યામાં મહિલાઓ આર્થિક રીતે પોતાના પતિ કે પરિવાર પર નિર્ભર છે. જે મહિલાઓ પાસે પોતાની કોઈ આવક નથી, રહેવા માટે પોતાનું ઘર નથી કે બેંકમાં કોઈ બચત નથી, તેમના માટે હિંસક સંબંધમાંથી બહાર નીકળવું લગભગ અશક્ય બની જાય છે. તેમને એ વાતનો સતત ડર સતાવતો હોય છે કે જો તેઓ પતિ વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરશે, તો તેમને ઘરમાંથી કાઢી મૂકવામાં આવશે અને ત્યારબાદ તેઓ પોતાનું અને પોતાના બાળકોનું પેટ કેવી રીતે ભરશે? આર્થિક લાચારી અને ભવિષ્યની અનિશ્ચિતતા સ્ત્રીને રોજેરોજ માર ખાવા અને અપમાન સહન કરવા માટે મજબૂર કરે છે.

ત્રીજું અને અત્યંત મહત્વપૂર્ણ પાસું છે 'ન્યાયતંત્ર, કાયદાકીય ખામીઓ અને સરકારી ઉદાસીનતા'. આ અહેવાલમાં સ્પષ્ટપણે નોંધવામાં આવ્યું છે કે દુનિયાના ૬૦ ટકાથી વધુ દેશોમાં હજુ પણ કન્સેન્ટના સિદ્ધાંત પર આધારિત બળાત્કાર વિરોધી કડક કાયદાઓનો અભાવ છે, અને સમગ્ર વિશ્વમાં માત્ર ૩૬ દેશોમાં જ સ્ત્રી-હત્યા વિરુદ્ધ ખાસ કાયદા બનાવવામાં આવ્યા છે. જો કોઈ મહિલા હિંમત એકઠી કરીને કાયદાકીય લડત લડવા માટે તૈયાર પણ થાય, તો પણ તેને ન્યાય મળવાની કોઈ ગેરંટી હોતી નથી.



ભારતમાં દર ૭૧ સેકન્ડે મહિલા વિરુદ્ધ એક ગુનો નોંધાય છે

* NCRBના 'ક્રાઈમ ઈન ઈન્ડિયા' અહેવાલો મુજબ, ભારતમાં મહિલાઓ વિરુદ્ધ નોંધાતા કુલ ગુનાઓમાં સૌથી મોટો ભાગ પતિ અથવા તેના સંબંધીઓ દ્વારા આચરવામાં આવતી ક્રૂરતાનો હોય છે.
* NCRB અહેવાલ મુજબ, ભારતમાં દર ૭૧ સેકન્ડે મહિલા વિરુદ્ધ એક ગુનો નોંધાય છે. મહિલાઓ વિરુદ્ધ નોંધાયેલા કુલ ગુનાઓમાંથી ૨૭.૨% કેસ પતિ કે સાસરિયાં દ્વારા થતી ઘરેલુ ક્રૂરતાના છે.
* ૨૦૧૫થી ૨૦૧૯ : આ સમયગાળા દરમિયાન દર વર્ષે સરેરાશ ૧.૦૩ લાખથી ૧.૨૫ લાખ જેટલા ઘરેલુ ક્રૂરતાના કેસ પોલીસ ચોપડે નોંધાયા હતા.
* ૨૦૨૧થી ૨૦૨૨ : ૨૦૨૧માં આ આંકડો વધીને ૧,૩૬,૨૩૪ થયો અને ૨૦૨૨માં ૧,૪૦,૦૧૯ની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો હતો.
* ૨૦૨૪ના અહેવાલમાં પતિ કે સંબંધીઓ દ્વારા ક્રૂરતાના ૧,૨૦,૨૨૭ કેસ નોંધાયા છે. જોકે આંકડામાં નજીવો ઘટાડો દેખાય છે.
* છેલ્લા એક દાયકામાં ભારતમાં દર વર્ષે સરેરાશ ૬,૫૦૦થી ૭,૫૦૦ મહિલાઓ દહેજની લાલચનો ભોગ બનીને જીવ ગુમાવે છે. એટલે કે દરરોજ અંદાજે ૧૮થી ૨૦ દીકરીઓ દહેજની બલિ ચઢે છે.
* NCRBના સર્વે મુજબ, ભારતમાં ૧૮ થી ૪૯ વર્ષની ૩૧.૯% પરિણીત મહિલાઓએ પોતાના પતિ દ્વારા શારીરિક, જાતીય અથવા ભાવનાત્મક હિંસાનો સામનો કર્યો છે. ચોંકાવનારી વાત એ છે કે આમાંથી ૮૬%થી વધુ મહિલાઓએ ક્યારેય કોઈની મદદ માંગી નથી અને માત્ર ૧%થી ૨% મહિલાઓ જ પોલીસ સુધી પહોંચે છે.

પાકિસ્તાનની ચીનના જોરે પા પા પગલી..



પાકિસ્તાનનો સંપૂર્ણ કંટ્રોલ હવે ચીનના હાથમાં છે તે કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. ચીને શેનઝોઉ-૨૪ મિશનને સ્પેસ સ્ટેશન મોકલ્યું. આ મિશનમાં ચીનના બે અવકાશયાત્રીઓની સાથે પાકિસ્તાનના અવકાશયાત્રીને પણ સામેલ કરવામાં આવ્યો હતો. આ સાથે જ પાકિસ્તાનના મોહમ્મદ ઝીશાન અલી ચીનના સ્પેસ સ્ટેશનમાં પહોંચનારા પહેલા વિદેશી નાગરિક બની ગયા છે. તે પાંચથી દસ દિવસ સુધી તિયાંગોંગ સ્પેસ સ્ટેશન પર રહેશે. માઈક્રો ગુરુત્વાકર્ષણ, બીજો પર રેડિએશનના પ્રભાવ અને ફોટોસિન્થેસિસ સહિતના પ્રયોગો કરશે. જ્યારે, ચીનના બે અવકાશયાત્રીઓ છ મહિના સુધી સ્પેસ સ્ટેશન પર રોકાશે.

૧૯૯૧થી ૨૦૦૩ દરમિયાન અનેક આતંકી પાક.માં ગયા હતા

જમ્મુના ગુમ ૩૦ આતંકી પાક.માં સક્રિય ભારતમાં આતંકવાદ ફેલાવી રહ્યા છે

શ્રીનગર, તા. ૨૫

જમ્મુ કાશ્મીરના ડીજીપીએ આતંકવાદને લઈને મોટો ખુલાસો કર્યો હતો, તેમણે જણાવ્યું હતું કે જમ્મુમાંથી ૩૦ આતંકીઓ ત્રણ દસકા પહેલા ગૂમ થઈ ગયા હતા, તેઓ ખરેખર પાકિસ્તાનમાં ગયા હતા અને હાલ આતંકવાદીઓને તાલિમ આપી રહ્યા છે. ભારતમાં આતંકવાદના ફેલાવા માટે આ તાલિમ આપવામાં આવી રહી હતી. હાલ પણ પાક.થી આ આતંકીઓ જમ્મુ કાશ્મીરમાં અન્ય આતંકીઓને મદદ પુરી પાડવા પ્રયાસો કરી રહ્યા છે.

આતંકીઓને તાલિમ આપવી, હથિયારો તેમજ આર્થિક સહિતની મદદ કરી રહ્યા હોવાનો જમ્મુ કાશ્મીર ડીજીપીનો ખુલાસો

જમ્મુ કાશ્મીરના ડીજીપી નલીન પ્રભાતે કહ્યું હતું કે જમ્મુના રીઆસી જિલ્લાના આશરે ૩૦ આતંકવાદીઓ પાકિસ્તાનમાં જ સક્રિય છે અને ત્યાંથી ભારત વિરોધી ગુના આચરી રહ્યા છે. આ આતંકીઓ હાલ એક આતંકી સંગઠન

મેરઠથી આતંકી ઝડપાયો, બોમ્બવાળું જેકેટ પહેરીને પુલવામા જેવો હુમલો કરવા માગતો હતો

૧૯૯૧થી ૨૦૦૩ દરમિયાન ગુમ રહ્યા હતા, તેઓ ખરેખર પાકિસ્તાનમાં પ્રવેશ્યા હતા અને ત્યાં તાલિમ લીધી હતી.

આ આતંકીઓ હાલ પણ માટે કામ કરી રહ્યા છે અને જમ્મુ કાશ્મીરમાં આતંકવાદના ફરી ફેલાવા માટે નાણા, હથિયારો સહિતની મદદ પુરી પાડી રહ્યા છે.

માહોર પોલીસ સ્ટેશનને વિશ્વાસપાત્ર સુત્રો દ્વારા આ આતંકીઓ અંગે માહિતી મળી હતી, આતંકીઓ હાલ હિઝબુલ મુજાહિદ્દીન માટે કામ કરી રહ્યા છે. અને જમ્મુ કાશ્મીરમાં આતંકવાદ ફેલાવવા હથિયારો, નાણા પુરા પાડવા સહિતની મદદ પુરી પાડી રહ્યા છે. સાથે જ યુવાનોને આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ કરવાના પ્રયાસો કરી રહ્યા છે. જમ્મુના આ આતંકવાદીઓના નામો પણ જાહેર કરવામાં આવ્યા છે જેમ કે કાયૂમ, સબદર, ગુલામ, ગુલામ કાદરી વગેરેનો સમાવેશ થાય છે.

ચાઈનીઝ કંપનીએ અબજો ડોલરનો દંડ ભરવાનો આવી શકે

હુવેઈ ટ્રેડ સીક્રેટ્સ ચોરવા અને બેન્ક ફ્રોડના આરોપમાં દોષિતઃ યુએસ કોર્ટ

ન્યૂયોર્ક,તા.૨૫

અમેરિકન જ્યુરીએ ચાઈનીઝ ટેક જાયન્ટ હુવેઈ ટેકનોલોજીસને મંગવારે ટ્રેડ સીક્રેટ્સ ચોરવા અને બેન્કો સાથે છેતરપિંડી કરવાના આરોપમાં દોષિત ઠેરવી છે. આમ છતા જ્યુરીએ કંપનીને સૌથી વધુ ગંભીર આરોપ ડ્રગ્સ માફિયાની જેમ કામ કરતી હોવાના આરોપમાં નિર્દોષ છોડી છે. કંપનીના વકીલે જણાવ્યું હતું કે આ ચુકાદો યુએસ સરકાર કંપનીને ટોચથી લઈને તળિયા સુધી ભ્રષ્ટાચારમાં ડૂબેલી તથા છેતરપિંડી, ચોરી અને જૂઠ્ઠુ બોલવાનું કોર્પોરેટ કલ્ચર ધરાવતી હોવાનો નેરેટિવ બનાવવા પ્રયત્ન કરે છે તેના પર તમાચો છે.

ડ્રગ્સ માફિયાની જેમ સંગઠિત ગુનાના સૌથી વધુ ગંભીર આરોપમાં હુવેઈનો નિર્દોષ છૂટકારો

હુવેઈના વકીલોની દલીલ હતી કે આ આરોપ સામાન્ય રીતે ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમઅને ડ્રગના કેસમાં મૂકવામાં આવતો હોય છે, કોઈ પ્રતિષ્ઠિત કંપની પર મૂકાતો નથી. આમ હુવેઈ હરીફો અને ભાગીદારીની બૌદ્ધિક સંપદા અને ટેકનોલોજીકલ સીક્રેટ્સ ચોરતી હોય છે, તેના માટે કોર્પોરેટ ફ્રોડ કરતી હોય છે તેવો ગભીર આરોપ નિષ્ફળ ગયો હતો.

આ ઉપરાંત કંપની પર અમેરિકાનો પ્રતિબંધ હોય તેવા દેશો સાથે પણ કારોબાર કરવાનો આરોપ છે. તેમા ઈરાનથી લઈને નોર્થ કોરીયાનો સમાવેશ થાય છે. તેણે આ પ્રકારના દુષ્કૃત્યો છૂપાવવા માટે અમેરિકન સરકારના અધિકારીઓ અને બેન્કો સમક્ષ ખોટા નિવેદનો રજૂ કર્યા છે. હુવેઈએ આ બદલ અબજો ડોલરની પેનલ્ટીનો સામનો કરવો પડી શકે છે.

હુવેઈ ૧૨માંથી ૧૦ કાઉન્ટ પર દોષિત ઠરી છે. બ્રૂકલીન ફેડરલ કોર્ટમાં ચાલેલા કેસના પરિણામે કંપનીએ આગામી સપ્ટેમ્બરમાં તેની સજાની જાહેરાત થશે ત્યારે અબજો ડોલરનો દંડ ચૂકવવાનો આવી શકે છે.

બ્રુકલીનના યુએસ એટર્ની જનરલ જોસેફ નોસેલાએ જણાવ્યું હતું કે હુવેઈના કેટલાક ગુના એટલા ગંભીર છે જેમા અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષાને ભયમાં મૂકતી દાયકા જૂની પેટર્ન દેખાય છે, તે અમેરિકન વેપારની પ્રણાલિઓનો ભંગ કરે છે અને અમેરિકન કાયદાને ચાતરી જાય છે. કોઈપણ વ્યક્તિ કે કંપની કાયદાથી પર ન હોઈ શકે, એમ એટર્ની જનરલ ટોડ બ્લાન્ચે જણાવ્યું હતું.

હુવેઈના વકીલોએ જણાવ્યું હતું કે અમેરિકન તપાસકારોએ લગભગ બે લાખથી પણ વધારે કર્મચારીઓ ધરાવતી કંપનીના ગણ્યાગાંઠ્યા કિસ્સાને આધારે અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષાના નામે કાવતરાની જબરદસ્ત થિયરી રચવાનો પ્રયત્ન કર્યો છે, જે ફળીભૂત થયો નથી. આ બતાવે છે કે સરકારે કંપની સામે કરેલા આક્ષેપો વધુ પડતી બાબત છે અને તેમા સાતત્યતા નથી.

કોલંબિયામાં શકિરા બાદ સોફિયાનું સ્ટેચ્યુ



પોપસ્ટાર શકિરાના ૬.૫ મીટર ઊંચા સ્ટેચ્યુ બાદ કોલંબિયામાં સોફિયા વર્ગારાનું સ્ટેચ્યુનું અનાવરણ કરવામાં આવ્યું છે. હોલિવૂડની જાણીતી સ્ટાર સોફિયાની કાંસામાંથી બનાવવામાં આવેલી ૬ ટનની પ્રતિમાને સ્થાનિક કલાકાર યિનો માર્કેઝે તૈયાર કરી છે. ૫૪ વર્ષીય સોફિયા પોતાના ૩૫ વર્ષીય પુત્ર મનોલો સાથે કોલંબિયા પહોંચી હતી. મોર્ડન ફેમિલીથી ફેમસ બનેલી સોફિયાએ શેફ, ફોટ બ્રધર્સ, બિગ ટ્રબ્લ જેવી ફિલ્મોમાં કામ કર્યું છે.

ગાઝિયાબાદમાં મસ્જિદો તોડાઈ હોવાનો પોસ્ટમાં દાવો

ભારતમાં રમખાણો કરાવવાના પાકિસ્તાનના કાવતરાંનો પર્દાફાશ

ગાઝિયાબાદ, તા.૨૫

સોશિયલ મીડિયા પર કેટલાક એક્સ હેન્ડલ્સ સતત ભારતની આંતરિક સુરક્ષાને નિશાન બનાવીને પોસ્ટ કરી રહ્યા છે, જેમાંથી મોટાભાગની પોસ્ટ પાકિસ્તાનથી સંચાલિત હોવાનું પોલીસ તપાસમાં જણાયું છે. પોલીસે આ અંગે એક્સને આ પોસ્ટ હટાવવા નિર્દેશ આપ્યા છે તથા ગાઝિયાબાદમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર પણ નોંધાવાઈ હતી.

ભારતમાં અશાંતિ સર્જવા ભારતીય ઓળખ, ઝંડા તથા નાગરિક હોવાના દાવા સાથે પોસ્ટ કરાઈ

પોલીસે ગાઝિયાબાદમાં નોંધાવેલી ફરિયાદમાં એક્સ યુઝર આઈડી કપૂરફૈમ અને ક્યુટગર્લઈન્ડિયા૨૧ના અજ્ઞાત સંચાલકોને આરોપી બનાવાયા છે. આ એકાઉન્ટ પરથી અજ્ઞાત સ્થળની ભીડના વીડિયો સાથે ગાઝિયાબાદમાં પાંચ મસ્જિદો તોડી પડાઈ હોવાના દાવા, નમાઝ દરમિયાન પોલીસ દ્વારા ગોળી ચલાવવા અને વિરોધમાં રસ્તા પર ઉતરવા સંબંધિત ખોટા દાવા કરાયા હતા, જેનાથી કોમી રમખાણો થવાનું અને શાંતિ વ્યવસ્થાનો ભંગ થવાનું જોખમ સર્જાયું હતું. પોલીસે એફઆઈઆર નોંધાવ્યા પછી પણ આ એકાઉન્ટ મારફત અલગ અલગ સંવેદનશીલ વિષયોને જોડીને એક સુનિયોજિત નેરેટિવ ગઢવાનો પ્રયત્ન કરાઈ રહ્યો છે.

કપૂરફૈમ એકાઉન્ટ પર પાર્વતી કપૂર નામ અને રાષ્ટ્રીય પ્રતીકો સાથે સંકળાયેલી છબીઓનો ઉપયોગ કરતા ઓક્ટોબર ૨૦૨૬માં જોડાયાની વિગતો દર્શાવાઈ છે.

અન્ય એકાઉન્ટ પર પણ ભારતીય ઓળખ, ઝંડા અથવા ભારતીય નાગરિક હોવાના દાવા સાથે પોસ્ટ મૂકવામાં આવી છે. પ્રારંભિક તપાસમાં સામે આવ્યું છે કે આ ખાતા પાકિસ્તાનથી સંચાલિત થઈ રહ્યા છે.

બધા જ ખાતામાંથી એક સમાન પોસ્ટ કરાઈ રહી છે. એક્સને ફરિયાદ કરવા છતાં આ એકાઉન્ટ પરથી સંબંધિત પોસ્ટ હજુ ડીલીટ નથી કરાઈ કે એકાઉન્ટ પણ બંધ નથી કરાયા.

કોંગ્રેસને સપા ૨૬થી વધુ બેઠકો આપવા તૈયાર ન હોવાના અહેવાલ

યુપીમાં સપા-કોંગ્રેસ વચ્ચે બેઠકો મુદ્દે બે વખત મીટિંગ છતાં ઉકેલ નહીં

નવી દિલ્હી તા. ૨૫

ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વચ્ચે બેઠકોની ફાળવણી મુદ્દે બેઠકો પર બેઠકો યોજાઈ રહી છે, હજુસુધી બન્ને પક્ષો આ મુદ્દે સંમત ના થયા હોવાના અહેવાલો છે. એવામાં સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે કોંગ્રેસને બેઠકોની સંખ્યા કરતા જીતવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી છે.

કોંગ્રેસે બેઠકોની સંખ્યા કરતા જીતવા પર ધ્યાન આપવાની જરૂર, અમારો નિર્ણય યોગ્ય : અખિલેશ યાદવ

સતત બીજા દિવસે પણ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ નેતાઓ વચ્ચે ચાર કલાકસુધી ચાલેલી બેઠકનું કોઈ નિરાકરણ નહોતું આવ્યું, જેને પગલે બાદમાં અખિલેશ યાદવે સોશિયલ મીડિયા એક્સ પર એક ટ્વિટ કરી હતી અને કહ્યું હતું કે આપણે કોને કેટલી બેઠકો મળી તેના પર ધ્યાન આપવાના બદલે આ બેઠકો જીતવા પર ધ્યાન આપવું જોઈએ. જ્યારે સમાજવાદી પાર્ટીના જનરલ સેક્રેટરી રામ ગોપાલ યાદવે મીડિયા સાથે વાતચીતમાં કહ્યું હતું કે સપા અને કોંગ્રેસ વચ્ચેની બેઠક સકારાત્મક રહી છે. યુપી વિધાનસભાની તમામ ૪૦૩ બેઠકો પર ચર્ચા કરવાની બાકી છે.

ઉત્તર પ્રદેશ કોંગ્રેસ ઈન્ચાર્જ રાજેન્દ્ર પાલ ગૌતમે કહ્યું હતું કે તમામ ૪૦૩ બેઠકો પર વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી. કોઈ જ માગણી મુકવામાં આવી નથી, અમે સાથે મળીને આ ચૂંટણી લડવા માગીએ છીએ.

સમાજવાદી પાર્ટીના નેતા રામ ગોપાલ યાદવે કહ્યું હતું કે અમે કોંગ્રેસને સારી બેઠકો જ ફાળવી છે, ૨૦૨૨માં કોંગ્રેસે મેળવેલી બે બેઠકો, બીજા ક્રમે રહી હોય તેવી ચાર બેઠકો અને ૨૦ એવી બેઠકો કે જ્યાં કોંગ્રેસે બે હજારથી વધુ મત મેળવ્યા હોય તેને ફાળવી છે. હાલમાં ૪૦૩માંથી સમાજવાદી પાર્ટીએ કોંગ્રેસને ૨૬ બેઠકોની ઓફર કરી છે જ્યારે કોંગ્રેસે ૧૩૧ બેઠકોની માગણી કરી હોવાના અહેવાલો છે.

હત્યા કેસમાં જામીન મેળવનારા પર છ લોકો તૂટી પડ્યા

પુણે કોર્ટના સંકુલમાં આરોપી પર ફાયરિંગ, હાથના પંજા કાપી નખાયા

(પ્રાતિનિધિ દ્વારા) મુંબઈ, તા.૨૫

હત્યાના કેસમાં જામીન પર બહાર રહેલા આરોપી પર બુધવારે બપોરે પુણેની શિવાજીનગર કોર્ટ પરિસરની બહાર ફિલ્મી સ્ટાઈલમાં હુમલો કરવામાં આવ્યો હતો. આરોપીઓએ ફાયરિંગ અને કોયતાના ઘા ઝીંકી દેતા તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. પુણે પોલીસે તપાસ ઝડપી બનાવીને થોડા કલાકોમાં પાંચ આરોપીઓને કસ્ટડીમાં લીધા છે.

હુમલાને લીધે ખોપડીમાં ફ્રેકચર, હાથ અને પીઠમાં ગોળી વાગતાં ગંભીર હાલત

સમગ્ર હુમલાના માસ્ટરમાઈન્ડ અક્ષય ચવ્હાણ અને અમોલ ચવ્હાણની પુણેથી ધરપકડ કરવામાં આવી છે, જ્યારે હુમલામાં સંડોવાયેલા વધુ ત્રણ આરોપીઓની પુણે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા દૌંડથી ધરપકડ કરવામાં આવી હોવાનું કહેવાય છે. ભીડભાડવાળા વિસ્તારમાં થયેલા આ હુમલાથી કોર્ટ પરિસરમાં ભારે અરાજકતા અને ભયનો માહોલ સર્જાયો હતો.

એક પોલીસ અધિકારીએ કહ્યું હતું કે બપોરે ૧-૧૫ વાગ્યાની આસપાસ થયેલા હુમલા બાદ હુમલાખોરો ભાગી ગયા હતા.પોલીસે ઘટનાસ્થળેથી બે પિસ્તોલ અને એક મેગેઝિન જપ્ત કર્યું છે.

પોલીસે જણાવ્યું હતું કે શુભમ ચવ્હાણ હત્યા કેસમાં આરોપી મંદાર કિવળેને શનિવારે જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો.પુણેના કાત્રજ વિસ્તારમાં ૨૦૨૫માં જમીન સંબંધિત વિવાદમાં ચવ્હાણની હત્યા કરવામાં આવી હતી.

આરોપી મંદાર કોર્ટની સુનાવણી પૂર્ણ કરીને ગેટ નંબર ૪ ની બહાર આવી રહ્યો હતો. ત્યારે બે બાઇક પર આવેલા છ હુમલાખોરોએ તેને ઘેરી લીધો હતો. હુમલાખોરોએ પહેલા તેને પિસ્તોલથી ગોળી મારવાનો પ્રયાસ કર્યો અને પછી તેના પર કોયતાથી હુમલો કર્યો હતો.

શબ્દ ભેદી એક્સપ્રેસની ઝડપ ૧૨૮ કિમી/કલાક હતી

લોકો પાયલોટની સતર્કતાને પગલે મોટી ટ્રેન દુર્ઘટના ટળી

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૨૫

૧૯ નવેમ્બરે પશ્ચિમ બંગાળમાં હાવરા અને વર્ધમાન વચ્ચે શબ્દ ભેદી એક્સપ્રેસનાં કૂએ એક મોટો અકસ્માત ટાળ્યો હતો તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

એન્જિનને વીજળી સપ્લાય કરનાર ઓવરહેડ ઈક્વિપમેન્ટ તૂટીને તેના તાર ટ્રેનમાં ફસાયા હતાં

લોકોમેટિવ (એન્જિન)ને વીજળી સપ્લાય કરનાર ઓવરહેડ ઈક્વિપમેન્ટ (ઓએચઈ) તૂટીને પડી ગયું હતું અને તાર ૧૨૮ કિમી પ્રતિ કલાકની ઝડપે ચાલી રહેલ ટ્રેનમાં ફસાઈ ગયા હતાં.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઘટના રાતે ૧૧ વાગ્યે બની હતી જ્યારે ભારે વરસાદ પડી રહ્યો હતો. ખરાબ દ્રશ્યતા છતાં લોકો પાયલોટ અને તેના સહાયક લોકો પાયલોટે કંઈક અસામાન્ય દેખાયું હતું.

તેમણે તરત ઈમરજન્સી બ્રેક લગાવી હતી અને ૧૨૮ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડી રહેલ ટ્રેનને રોકી દીધી હતી. જેના કારણે એક મોટો અકસ્માત થતા રહી ગયો હતો.

શબ્દ ભેદી એક્સપ્રેસ એક સાપ્તાહિક ટ્રેન છે. જે પશ્ચિમ બંગાળનાં કોલકાતા ચિતપુર અને ઉત્તર પ્રદેશનાં ગાઝીપુર સિટીની વચ્ચે ચાલે છે.



સંસદમાં ૯૭ વિ. ૪૩ મતથી કાયદો પસાર કરવામાં આવ્યો

ઓસ્ટ્રેલિયામાં ઓનલાઈન સેફ્ટીનો ભંગ કરનાર ટેક કંપનીઓએ જંગી દંડ ભરવો પડશે

(પીટીઆઈ) મેલબર્ન,તા.૨૫

ઓસ્ટ્રેલિયાની સંસદે બુધવારે ઓનલાઈન સેફ્ટી કાયદો પસાર કર્યો છે. આ કાયદો પસાર થવાના લીધે જો ટેક જાયન્ટ્સ એટલે કે મહાકાય ટેકનોલોજી કંપનીઓ ઓનલાઈનના કારણે થતું નુકસાન અટકાવવામાં નિષ્ફળ ગઈ તો અબજો ડોલરના દંડનો સામનો કરવો પડી શકે છે. ઓસ્ટ્રેલિયાના વિપક્ષે આ કાયદા સામે ચેતવણી આપતા જણાવ્યું હતું કે આ કાયદો અભિવ્યક્તિની સ્વતંત્રતા પર સેન્સરશિપ લાદવા દોરી જઈ શકે છે. ડિજિટલ ડ્યુટી ઓફ કેર એક્ટ ઈયુ-બ્રિટિશ કાયદા જેવો જ છે.

વિપક્ષે આકરી ટીકા કરી અને તેને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર તરાપ ગણાવી તથા સત્તા પર આવશે તો દૂર કરવાનું વચન આપ્યું

ઓસ્ટ્રેલિયાના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં આ કાયદો ૯૭ વિ. ૪૩ મતથી પસાર થયો હતો. વડાપ્રધાન એન્થની આલ્બાનીઝે પત્રકારોને જણાવ્યું હતું કે આ કાયદો આપણા સમાજ અને બાળકોને ઓનલાઈનના લતથી થતી નુકસાન સામે સંરક્ષણ પ્રદાન કરે છે. આના પગલે હવે ટેક પ્લેટફોર્મ્સની જવાબદારી થઈ પડે છે તે તે સલામત ઓનલાઈન વાતાવરણ પુરુ પાડે. આ આપણા લોકોને અને બાળકોનો વિજય છે. બાળક નાનું હોવાથી તેને ડિજિટલ વર્લ્ડના જોખમની ખબર હોતી નથી, એમ આલ્બાનીઝે જણાવ્યું હતું. પરંતુ હવે ડિજિટલ વર્લ્ડ પરિપક્વ થયુ છે અને તેને સરળતાથી હાથવગુ છે અને તેમા સુધારો કરી શકાય છે.

વિપક્ષના નેતા એન્ગસ ટેલરેસંસદમાં જણાવ્યું હતું કે તેમનો પક્ષ કન્ઝર્વેટિવ લિબરલ પાર્ટી ૨૦૨૮માં સત્તા પર આવ્યો તો આ કાયદો દૂર કરશે. તેમણે આ કાયદાના સરમુખત્યારશાહીનું પ્રતીક ગણાવ્યો હતો. ટેલરે જણાવ્યું હતું કે આ બિલ બીજું કશું જ નહીં પમ અલગ જ સ્વરૂપમાં લાદવામાં આવેલી પોલિટિકલ સેન્સરશિપ છે.

સરકારે માઈનર ગ્રીન પાર્ટી સાથે મંગળવારે સમજૂતી સાધી લેતા તે સેનેટમાં બહુમત ન હોવા છતાં પણ કાયદો પસાર કરાવી શક્યું હતું. આજે બિગ ટેક કંપનીઓના નફાની સામે

નવા કાયદાથી ઓસ્ટ્રેલિયન બાળકોને ઓનલાઈનની લતથી થતાં નુકસાન સામે સંરક્ષણ મળશે

આવ્યો તો આ કાયદો દૂર કરશે. તેમણે આ કાયદાના સરમુખત્યારશાહીનું પ્રતીક ગણાવ્યો હતો. ટેલરે જણાવ્યું હતું કે આ બિલ બીજું કશું જ નહીં પમ અલગ જ સ્વરૂપમાં લાદવામાં આવેલી પોલિટિકલ સેન્સરશિપ છે.

સરકારે માઈનર ગ્રીન પાર્ટી સાથે ઓસ્ટ્રેલિયન અને તેમના બાળકોની ઓનલાઈન સલામતીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે,મોટી ટેક કંપનીઓને અમારો સંદેશો સ્પષ્ટ છે, તમારા પ્લેટફોર્મ્સને અમારા માટે સલામત કરો, નહીં તો આપણે કોર્ટમાં મળીશું

સુપ્રીમના આદેશની અવમાનનાનો રાજ્ય સરકાર પર આરોપ

તમિલનાડુમાં વિવાદિત ધાર્મિક સ્થળે દીપ પ્રાગટ્ય ના થતા વિરોધ પ્રદર્શનો

ચેન્નઈ, તા. ૨૫

તમિલનાડુના એક વિવાદિત ધાર્મિક સ્થળે દીપમ તહેવાર દરમિયાન દીવા ના પ્રગટાવવા બદલ તમિલનાડુ સરકારની ભારે ટીકા થઈ રહી છે. સુપ્રીમ કોર્ટે આ સ્થળે માન્ય ટીમને જ દીવા પ્રગટાવવાની છૂટ આપી હતી, જેનો અમલ ના થઈ શકવા બદલ તમિલનાડુ સરકારે માફી માગી હતી સાથે જ મંદિર સંચાલકોને ટીમને મંજૂરી નહીં આપવા બદલ દોષિત ઠેરવ્યા હતા.

દરગાહ નજીક આવેલ દીપાથૂન પર દીપ પ્રાગટ્ય ના થતા દેખાવો કરી રહેલા હિન્દુ સંગઠન, ભાજપના ૩૦૦ લોકો સામે ફરિયાદ

આ સમગ્ર મામલો તમિલનાડુના મદુરાઈમાં આવેલા થિરુપરનકુંદરમ પહાડ પર દીપાથૂન નામના એક ધાર્મિક સ્થળ સાથે જોડાયેલો છે. આ વિસ્તારમાં હઝરત સુલતાન સિકંદર દરગાહ આવેલી છે જ્યાંથી થોડે દૂર એક દીપાથૂન સ્તંભ આવેલો છે જેના પર દીપ પ્રાગટ્ય કરવા માટે હાઈકોર્ટમાં અરજી થઈ હતી, હાઈકોર્ટે તેને મંજૂર રાખી હતી માટે બાદમાં રાજ્ય સરકાર તેમજ મંદિર પ્રશાસન દ્વારા હાઈકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરાઈ હતી. સુપ્રીમ કોર્ટે આ સ્થળે મર્યાદિત લોકો દ્વારા દીપ પ્રાગટ્યની છૂટ આપવામાં આવી હતી. જે માટે મંદિર પ્રશાસનની મંજૂરી લેવાની શરત મુકવામાં આવી હતી. જોકે દીપ પ્રાગટ્ય નહોતું થઈ શક્યું, રાજ્ય સરકારે દાવો કર્યો હતો કે મંદિર પ્રશાસન દ્વારા કલેક્ટર દ્વારા તૈયાર ટીમને દીપ પ્રાગટ્ય માટે મંજૂરી નહોતી આપી. બીજી તરફ આ મુદ્દે સુપ્રીમ કોર્ટે સુઓમોટો નોંધ લઈને કોર્ટના આદેશની અવમાનનાની કાર્યવાહી કરવાની ના પાડી દીધી હતી, સાથે જ કહ્યું હતું કે જો અવમાનનના મુદ્દે અરજી કરવામાં આવશે તો તેની અમે સુનાવણી કરીશું. રાજ્ય સરકાર અને મંદિર પ્રશાસન મૂળ મંદિરની જગ્યાએ જ દીપ પ્રાગટ્ય કરવા કહી રહ્યા છે.

મંદિર પ્રશાસને દીપ પ્રાગટ્યની મંજૂરી નહોતી આપી : રાજ્ય સરકારે માફી માગી

શિવસેના અને જદ (યુ)ની જેમ જ અકાલી દળ અમારો 'મોટો ભાઈ' હશે !



ઈતિહાસને બચાવવા લોખંડની જાળી લગાવવી પડી !



અમદાવાદ હેરિટેજ સિટીના અનેક સુરક્ષિત સ્થાપત્યોની બહાર અને ત્રણ દરવાજા જેવા સ્થાપત્યમાં તો તેની અંદર પણ ગેરકાયદે દબાણ કરી દેવામાં આવ્યા છે ત્યારે અ.મ્યુ.કો. દ્વારા હવે મોડે મોડે પણ આવા સ્થાપત્યોને સુરક્ષિત કરવા અને નજીકના દબાણ હટાવવા માટે ખાસ સુરક્ષા ગ્રીલ લગાવવામાં આવી રહી છે. દરિયાપુર દરવાજા ખાતે માલવાહક વાહનોનો ખડકલો કાયમ ખડકાયેલો રહેતો હતો ત્યાં હવે વિશાળ કોર્ડન ગ્રીલ લગાવી દેવામાં આવી છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

૩૦,૭૫૪ ઉમેદવારો નાપાસ કરાતાં આંદોલન વધુ ઉગ્ર બન્યું

ગાંધીનગરમાં ન્યાય માંગતા ભાવિ શિક્ષકોની પોલીસ દ્વારા અટકાયત

અમદાવાદ,બુધવાર

રાજ્ય પરીક્ષા બોર્ડ ની કથિત બેદરકારી અને ખામીયુક્ત મૂલ્યાંકન સામે ન્યાયની ગુહાર લગાવી રહેલા ટાટના ઉમેદવારોનું આંદોલન વધુ ઉગ્ર બન્યુ છે. આંદોલનનો અવાજ દબાવવા માટે પોલીસે બળપ્રયોગનો સહારો લીધો હતો. ગાંધીનગરમાં ત્રણ દિવસથી વિરોધ પ્રદર્શન કરનારાં ઉમેદવારોની પોલીસે અટકાયત કરી હતી પરિણામે શિક્ષિત બેરોજગારોમાં રોષે ભરાયાં છે.

પોલીસ સામે આરોપ : 'ફોન છિનવ્યા, ભૂખ્યાં તરસ્યા રાખ્યા' પરીક્ષા, પરિણામે ઉમેદવારોને હતાશાની ગર્તામાં ધકેલી દીધાં

છેલ્લાં એકાદ અઠવાડિયાથી ફરી એકવાર ગાંધીનગર આંદોલનથી ધમધમી ઉઠ્યુ છે. વ્યાયામ શિક્ષકો, એઇડ્સ કંટ્રોલ સોસાયટીના કર્મચારીઓએ સરકાર સામે બાંયો ચડાવી છે. પણ હવે ટાટ ઉમેદવારોએ લડતના મંડાણ શરૂ કર્યાં છે. આજે અટકાયત કરાયાં બાદ ઉમેદવારોએ પોલીસ વિરુધ્ધ એવા આક્ષેપ કર્યાકે,વહેલી સવારે અટકાયત કર્યા બાદ પોલીસે મોબાઈલ ફોન જમ્ન કરી લીધા હતા, જેથી તેઓ કોઈની સાથે સંપર્કમાં ન રહી શકે. એટલું જ નહીં, ન્યાય માટે લડતા આ ભાવી શિક્ષકોને કલાકો સુધી ખાવા-પીવાથી પણ વંચિત રાખવામાં આવ્યા હતાં.

ગત ૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ જાહેર થયેલા મુખ્ય પરીક્ષાના પરિણામે ઉમેદવારોની દિવાળી બગાડીને હતાશાની ગર્તામાં ધકેલી દીધા છે. ઉમેદવારોનું કહેવુ છેકે, પેપર મૂલ્યાંકનમાં મોટા પાયે છબરડા થયા છે. આ પરીક્ષામાં યુનિવર્સિટીના ગોલ્ડ મેડાલિસ્ટ,૧૫ વર્ષથી વધુનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકો અને પુસ્તકો લખનાર તજજ્ઞો પણ બેઠા હતા. આશ્ચર્યજનક રીતે આવા તેજસ્વી ઉમેદવારોને પણ ૨૦૦માંથી માત્ર ૮૦-૧૦૦ ગુણ આપવામાં આવ્યા છે.પરિણામમાં માત્ર ૧૬,૮૮૭ ઉમેદવારોને પાસ થયા છે, જ્યારે ૩૦,૭૫૪ ઉમેદવારોને નાપાસ જાહેર કરાતા બોર્ડની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ છે.

બોર્ડે ૧૮ થી ૨૧ નવેમ્બર દરમિયાન માત્ર ગુણ ચકાસણી માટે અરજીઓ મંગાવી છે પરંતુ ઉમેદવારો આ નિર્ણયથી સંતુષ્ટ નથી. ઉમેદવારોની સ્પષ્ટ માગ છે કે,તમામ ઉત્તરવહીઓનું ફરીથી મૂલ્યાંકન કરવામાં આવે.

ગાંધીનગરમાં થયેલી અટકાયત બાદ હવે આ આંદોલન વધુ ઉગ્ર બનવાના એંધાણ છે. અમદાવાદ અને સુરેન્દ્રનગર સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ઉમેદવારોએ કલેક્ટર અને વહીવટીતંત્રને આવેદનપત્ર પાઠવી વિરોધ નોંધાવ્યો છે.

ગોલ્ડ મેડાલિસ્ટ જ નહીં, પુસ્તક લખનારાં તજજ્ઞો પણ નાપાસ મૂલ્યાંકન પ્રક્રિયા સામે ટાટ ઉમેદવારોએ સવાલ ઉઠાવ્યાં



ગુજરાત, પશ્ચિમ દરિયાકાંઠાના રાજ્યો માટે ખાસ સતર્કતા જરૂરી

ડ્રગ્સના ગેરકાયદે ઉત્પાદન અને સિન્ડીકેટના સંકલનનું કેન્દ્ર ગુજરાત

અમદાવાદ, મંગળવાર

અમદાવાદના સરખેજની લબ્બેક સોસાયટીના એક બંગલામાં વર્ષ ૨૦૨૪થી ચાલતી ડ્રગ્સ બનાવવાની ફેક્ટરીના પર્દાફાશની કાર્યવાહી એન.સી.બી.ના ડ્રગ્સ નાબૂદી માટે રેડ ફ્લેગ કાર્યક્રમ હેઠળની હતી. એનસીબીના રિપોર્ટમાં ફાર્મા હબ એવું ગુજરાત રાજ્ય ડ્રગ્સના ગેરકાયદે ઉત્પાદન ઉપરાંત ડ્રગ્સ સિન્ડીકેટના સંકલનનું કેન્દ્ર બની રહ્યાની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાત ઉપરાંત દેશના પશ્ચિમ દરિયાકાંઠાના રાજ્ય મહારાષ્ટ્ર, ગોવા અને કર્ણાટકમાં ડ્રગ્સ બનાવવા માટેના રસાયણોના પરિવહન, ડ્રગ્સના ગેરકાયદે ઉત્પાદન ઉપરાંત ડ્રગ્સના કારણે નાઈટલાઈફની પ્રવૃત્તિ ચિંતાજનક રીતે વધી હોવાની ચિંતા વ્યક્ત કરીને ગુજરાતમાં પોલીસને વિશેષ સતર્કતા દાખવવા સુચવાયું છે.

ફાર્મા હબ ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટકમાં રસાયણોના પરિવહન, ડ્રગ્સની નાઈટલાઈફ પ્રવૃત્તિ ચિંતાજનક રીતે વધી

એનસીબીના જોધપુર યુનિટે ગત નવરાત્રિ દરમિયાન રાજસ્થાનથી એમ.ડી. ડ્રગ્સ લઈને સુરેન્દ્રનગર આવતાં ત્રણ શખ્સોને પકડ્યા હતા. જોધપુર યુનિટના વડાની ગુજરાતમાં બદલી થયા પછી રાજસ્થાનની ટોળકી સાથે સંકળાયેલા અમદાવાદના સરખેજના રહીશ મુદ્દસરખાન અહેમદખાન પઠાણના ઘરેથી કથિત ડ્રગ્સ ફેક્ટરી પકડી પાડી હતી. આ બે સંકલિત કામગીરી દેશવ્યાપી ગેરકાયદે ડ્રગ્સ મેન્યુફેક્ટરિંગ યુનિટનો ભાગ હોવાની વિગતો ખુલી રહી છે. ચાલુ વર્ષે ગુજરાત, રાજસ્થાન, મુંબઈ, લાતુર, ભોપાલ સહિતના વિસ્તારોમાં પકડાયેલી ગેરકાયદે ડ્રગ્સ ફેક્ટરીઓમાંથી રસાયણો અને સામાન પકડાયાં છે. મેથામ્ફેટામાઈનના ઉત્પાદનમાં વપરાતા હાઈડ્રોક્લોરિક એસિડ, એસિટોન, ટોલ્યુએન, સલ્ફ્યુરિક એસિડ, પોટેશિયમ પરમેંગેનેટ વગેરે જેવા મોટા જથ્થામાં રસાયણો પણ જમ્ન કરવામાં આવ્યા હતા. રહેણાંક મકાનો, ખાનગી અને અવાવરૂ જગ્યાઓમાં આવેલા મકાનોમાં ડ્રગ્સ બનાવવા માટે મોટી ક્ષમતાવાળા હીટિંગ મેન્ટલ્સ, કાચના રિએક્શન વેસલ્સ (પ્રતિક્રિયા પાત્રો), રસાયણો સંગ્રહ કરવાના ડ્રમ, ફિલ્ટરેશનના સાધનો, વજન કાંટા, શ્વસન યંત્રો (રેસ્પિરેટર્સ) અને અન્ય પ્રયોગશાળાના ઉપકરણો પણ પકડાયાં છે.

બુટલેગરો પછી ડ્રગ્સ માફિયાઓને રાજકીય આશ્રય: યુવાધનને 'નશાના બંધાણી' બનાવવાનું ષડયંત્ર

રાજ્યમાં દારૂબંધી કાગળ પર રહી છે. હવે, નશીલા પદાર્થોની સરળ ઉપલબ્ધતાથી યુવા પેઢીનું ભવિષ્ય જોખમમાં છે. મોટા પાયે ડ્રગ્સ અને દારૂની હેરાફેરી પોલીસની મિલીભગત કે રાજકીય છત્રછાયા વિના શક્ય નથી. તપાસ એજન્સીઓ માત્ર નાના પેડલરોને પકડીને સંતોષ અને સિદ્ધિ માને છે. ડ્રગ્સ નેટવર્કના મુખ્ય સૂત્રધારો હજુ પણ કાયદાની પકડથી દૂર છે. ભારતને ડ્રગ્સમુક્ત બનાવવાના દાવા કરાય છે ત્યારે ગુજરાતમાં ઠેર ઠેર ડ્રગ્સ મળી રહ્યું છે. ગુજરાતમાં સરકારે દરેક જિલ્લાના વ્યસનમુક્તિ કેન્દ્રોમાં ડ્રગ્સ સામે સારવાર આપવી પડે છે તો ખાનગી વ્યસનમુક્તિ કેન્દ્રો બેફામ લૂંટ ચલાવી રહ્યાં છે. સરકાર ઈચ્છે તો ચકલું પણ ફરકી ન શકે પણ ગુજરાતમાં યુવાવર્ગને બરબાદ કરતો ડ્રગ્સનો નશો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. દારૂબંધીમાં નિષ્ફળતા પછી ડ્રગ્સમાફિયા બેફામ બન્યાં છે તે રાજકીય આશ્રય વગર શક્ય નથી.

NCBના રેડ ફ્લેગ રાજ્ય કયા અને શા માટે?

એન.સી.બી. એટલે કે દેશના નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરોએ દેશના અમુક રાજ્યો રેડ ફ્લેગ સ્ટેટ જાહેર કર્યાં છે. ડ્રગ્સ બનાવવા માટે ગુપ્ત લેબોરેટરી, રસાયણોના ઉત્પાદન અને હેરાફેરી ઉપરાંત જેલ કે બહારથી રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડીકેટ સાથે સંકલન તેમજ ડ્રગ્સની કોસ બોર્ડર દાણચોરી રોકવા માટે રેડ ફ્લેગ રાજ્યોમાં એનસીબી, પોલીસ અને એજન્સીઓ સતર્ક રહે તે જરૂરી છે.

- પશ્ચિમ : ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા અને કર્ણાટકથી દરિયાઈ અને હવાઈ પરિવહનથી ડ્રગ્સના રસાયણો ઘુસાડવા, ડ્રગ્સ બનાવવા અને નાઈટલાઈફમાં ડ્રગ્સ વેચવા આંતરરાજ્ય ડ્રગ્સ માફિયા સિન્ડીકેટસ સક્રિય
- ઉત્તરપશ્ચિમ : પંજાબ, ચંદીગઢ અને રાજસ્થાનથી ડ્રગ્સની દાણચોરી અને ડ્રોનથી ડ્રગ્સનું ટ્રાફિકીંગ. અફીણ, ખસખસનું ગેરકાયદે ડાયવર્ઝન
- ઉત્તરપૂર્વ : મણિપુર, મિઝોરમ, નાગાલેન્ડ અને આસામ રાજ્યોમાં ભારત-મ્યાનમાર સરહદથી મેથ, યાબા અને હેરોઈન જેવા ડ્રગ્સની ઘુસણખોરી
- અન્ય રાજ્યો : દિલ્હી અને આંધ્રપ્રદેશમાં ગુપ્ત લેબોરેટરી અને તસ્કરીની સંભાવનાએ કડક પગલાંની તાકીદ

પોલીસે લાખોનો મુદ્દામાલ જપ્ત કર્યો

ઘાટલોડિયામાં ચરસ અને ગાંજાનો કારોબાર કરતા ૧૨ શખ્સો ઝડપાયા

અમદાવાદ,બુધવાર

શહેરના ઘાટલોડિયામાં સ્થાનિક પોલીસ ચરસ અને ગાજાનો કારોબાર કરતા ૧૨ શખ્સોને લાખો રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. તેમજ સરખેજ , આનંદનગર અને વાસણામા સ્થાનિક પોલીસ અને એન્ટી નાર્કોટિક્સ સેલના અધિકારીઓએ એમડી, ગાંજા સહિતના મુદ્દામાલ સાથે પાંચ આરોપીઓની ધરપકડ કરી છે.

સરખેજ, આનંદનગર અને વાસણામાં પણ સ્થાનિક પોલીસે મહિલા સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી

ઘાટલોડિયા પોલીસે કે કે નગર પાસે બાતમીના આધારે રાતના સમયે દિગ્વિજય દરબાર (રહે.સ્પર્શ સોસાયટી, ઓગણજ), રૂપેશ ગૌસ્વામી (રહે. શિવમ એપાર્ટમેન્ટ, ઘાટલોડિયા), શિવમ ગોસ્વામી (રહે. વર્ધમાનનગર, સી પી નગરસ,ઘાટલોડિયા), બ્રિજેશ પટેલ (રહે. રત્નસાગર કોમ્પ્લેક્સ, ઘાટલોડિયા) અને કિશન પટેલ (રહે. પંચવટી એપાર્ટમેન્ટ, નારણપુરા)ને અલગ અલગ જીપ લોકમાં ભરેલી ચરસના જથ્થા સાથે ઝડપી લીધા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે દિગ્વિજય દરબાર કૃણાલ નામના વ્યક્તિ પાસેથી ચરસનો જથ્થો મેળવીને તેના મિત્રો સાથે સેવન કરવા માટે એકઠા થયા હતા.

આ ઉપરાંત, ગાજાનું સેવન કરવા માટે એકઠા થયેલા નિમેષ જાડેજા (રહે.વીર સાવરકર હાઈટ્સ, ગોતા), કામેશ દરજી (રહે. પંચવટી એપાર્ટમેન્ટ, નારણપુરા), યશ લેઉવા (રહે.કર્મચારીનગર, ગુજરાત સહિત પશ્ચિમ ભારતના જુદા જુદા રાજ્યોમાં પકડાયેલી ગેરકાયદે ડ્રગ્સ ફેક્ટરીઓ એક જ પધ્ધતિએ કાર્યરત થઈ ચૂકી હતી અથવા થવા જઈ રહી હતી. જો કે, એનસીબી

(અનુસંધાન બીજા પાને)

૧૨ ડિગ્રી સાથે ગુજરાતમાં નલિયા ઠંડુગાર

ઠંડીનો ચમકારો: એક જ રાતમાં તાપમાન ૪ ડિગ્રી સુધી ગગડ્યું

અમદાવાદ, બુધવાર

રાજ્યમાં આખરે દેવ દિવાળીથી ઠંડીનો ચમકારો શરૂ થયો છે. સવારે અને રાત્રે પવનના સુસવાટા બોલાઈ રહ્યા છે. એક જ રાતમાં ગાંધીનગર, કેશોદ, રાજકોટમાં ૩થી ૪ ડિગ્રી સુધીનો ઘટાડો થયો છે. જ્યારે ૧૨ ડિગ્રી તપામાન સાથે ઠંડુગાર રહ્યું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં આગામી એક-બે દિવસ સુધી તાપમાન યથાવત રહેશે.

રાજ્યમાં શિયાળાની જમાવટ થઈ રહી છે. વહેલી સવારે ધુમ્મસ ભર્યું વાતાવરણ જોવા મળે છે. ત્યારે એક જ રાતમાં લઘુત્તમ તાપમાનમાં કેશોદમાં ૪ ડિગ્રી, ગાંધીનગરમાં ૩.૫ , રાજકોટમાં ત્રણ, અમદાવાદમાં ૨.૪ ડિગ્રી સુધીનો ઘટાડો થતા લોકો ઠુઠવાયા હતા. જ્યારે નલિયામાં સૌથી નીચું ૧૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. કંડલા એરપોર્ટ, ગાંધીનગર સહિત

(અનુસંધાન બીજા પાને)

ગાંધીનગર, રાજકોટ, કેશોદમાં લઘુત્તમ તાપમાન ૩-૪ ડિગ્રી અને અમદાવાદમાં ૨.૪ ડિગ્રી ઘટ્યું

એક જ દિવસમાં તપામાનમાં થયેલો ઘટાડો

શહેર	તા. ૨૪	તા. ૨૫
અમદાવાદ	૧૮	૧૫.૬
ગાંધીનગર	૧૭	૧૩.૫
કેશોદ	૨૧.૩	૧૭.૨
રાજકોટ	૧૮.૬	૧૫.૬
સુરત	૨૧.૨	૧૯.૬
વડોદરા	૧૬.૬	૧૫.૪





